પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક®
સાંધ્ય દૈનિક


મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

શહેર આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૧૬-૯-૨૦૨૫, મંગળવાર
વર્ષઃ ૧૪, અંકઃ ૧૬૨


Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281-2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**
સંજોગો બદલવાનું
પ્રથમ પગથિયું છે,
પરિસ્થિતિનો સ્વીકાર...

**ગુજરાતના ૧૦ લાખ લોકોનું વજન ૧૦ કિલો ઘટાડવાનો યોગ બોર્ડનો મહાસંકલ્પ**
(વાંચો છેલ્લા પાને)


**દીપડા સાથે અથડામણ થતાં કૂનોમાં પહેલીવાર ૨૦ મહિનાના માદા ચિત્તાનું મોત**


**મદ્રાસ હાઈકોર્ટના જસ્ટિસ એમ. સુંદરની મણિપુરના ચીફ જસ્ટિસ તરીકે નિયુક્તિ**


**અડધો અડધ વિદ્યાર્થીઓ ભણ્યા પછી જીવનની રાહે ચાલવા અચકાઈ રહ્યા છે**

# મોરબીમાં સિરામિક ઉદ્યોગ સહિત ૪૦ સ્થળોએ આઈટીનું મેગા સર્ચ ઓપરેશન

## રાજકોટ આવકવેરા વિભાગ દ્વારા હાથ ધરાયેલ સર્ચ ઓપરેશનમાં મોરબીના ફેસ ગ્રુપના રાજુભાઈ, રીયલ એસ્ટેટ ક્ષેત્ર સાથે સંકળાયેલા પરેશ પટેલ તથા લેવિસ સિરામિકના જીતુભાઈ રોજવાડીયા પર તવાઈઃ ૨૫૦થી વધુ અધિકારીઓ જોડાયા

## લાંબા સમય બાદ આવકવેરા વિભાગ એક્શનમાં આવતાં વેપારીઓ અને બિલ્ડરો સહિતના એકમોમાં ફફડાટ ફેલાયો

**અબતક, રાજકોટ**

તહેવાર શરૂ થાય તે પહેલા જ રાજકોટ ઈન્કમટેક્સ વિભાગ દ્વારા મોટા પાયે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે, જેમાં ૨૫૦થી વધુ અધિકારીઓ જોડાયા હોવાનું સામે આવ્યું છે. સીરામીક નગરી મોરબીમાં લાંબા સમય બાદ ઈન્કમટેક્સના દરોડા પડ્યા છે.

૨૫૦થી વધુ અધિકારીની ટીમ આજે વહેલી સવારથી મોરબીના મોટા ગજાના જમીનના ધંધાર્થી પરેશ પટેલ, બિલ્ડર રાજુભાઈ ફેસ ગ્રુપ અને લેવીસ સીરામીકના જીતુભાઈ રોજવાડીયા ગ્રૂપ સહિત ભાગીદારો મળી ૪૦ જેટલા સ્થળો પર દરોડા માટે ત્રાટકી છે. ટાઈલ્સ બનાવતા લેવિસ ગ્રુપ પર દરોડાથી સિરામિક ઉદ્યોગકારોમાં ફફડાટ ફેલાઈ ગયો છે. આ સર્ચ ઓપરેશનમાં સાંજ સુધીમાં મોટા પાયે બિન હિસાબી વ્યવહારો બહાર આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.



નવરાત્રી પૂર્વે જ રાજકોટ આવકવેરા વિભાગ દ્વારા મેગા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવતા કરચોરોમાં ફફડાટ ફેલાય ગયો છે. મોરબીમાં લેવિસ સીરામીક ગ્રુપ સહિત તેની સંકળાયેલા તેના ભાગીદારો મળી ૪૦ જેટલા સ્થળોએ આજ સવારથી દરોડાની કામગીરી શરૂ થઈ છે. રાજકોટ ઈન્કમટેક્ષ વિભાગની ટીમ ગઈકાલ સાંજથી ગ્રાઉન્ડ પર ઉતરી ગઈ હતી. મોરબીનાં આ સીરામીક ગ્રુપને ત્યાં વહેલી સવારે સર્ચ ઓપરેશન હાથ ઘરીને તેમને ઉંઘતા ઝડપી પાડ્યા હતા. ફેક્ટરી, ઘર, ઓફિસ સહિતની પ્રીમાઈસીસ પર તપાસ ચાલી રહી છે. આજે પ્રથમ દિવસે સિરામિક ગ્રૂપના હિસાબો અને ડેટા શોધી રહ્યાં છે. તપાસના અંતે બિનહિસાબી વ્યવહારો ઝડપાઈ તેવી સંભાવના છે.

મળતી માહિતી મુજબ ઈન્કમટેક્સની આ કાર્યવાહી ફક્ત સીરામીક ક્ષેત્ર સુધી મર્યાદિત નથી પરંતુ મોરબીના જાણીતા બિલ્ડર અને અને મોટા ધંધાર્થીઓ સુધી પણ લંબાઈ છે. વિવિધ ફેક્ટરી, ઓફિસ, ગોડાઉન તેમજ રહેણાંક સ્થળોએ એકસાથે તપાસ હાથ ધરાતા ઉદ્યોગજગતમાં ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે. આવકવેરા વિભાગે દરોડા દરમિયાન નાણાકીય વ્યવહાર, ખાતાવહી, ડિજિટલ ડેટા તેમજ અન્ય પુરાવાઓની ચકાસણી શરૂ કરી છે. તપાસ હજુ કેટલા દિવસો ચાલશે અને કેટલા બિન હિસાબી નાણાકીય વ્યવહાર બહાર આવશે તે હજુ સ્પષ્ટ નથી પરંતુ મોરબીના ઉદ્યોગ વર્તુળમાં ભારે ચર્ચા જાગી છે. આ દરમિયાન વહેલી સવારે મોરબી અને રાજકોટમાં દરોડા માટે આવી રહેલ સુરતના અધિકારીઓને અમદાવાદ હાઈવે પર અકસ્માત નડ્યો હતો. કાર પલ્ટી ખાઈ જતા ચાર અધિકારીઓને ઈજા થવા પામી હતી. જો કે તાત્કાલિક સારવાર કરી ટીમને સુરત પરત મોકલાઈ હતી અને મોટી જાનહાની ટળી

### રાજકોટ સુધી તપાસ હાથ ધરાઈ

મોરબીમાં જ નહીં, પરંતુ રાજકોટ શહેરમાં પણ સંબંધિત ઉદ્યોગપતિઓના સ્થળોએ સર્ચ શરૂ કરવામાં આવ્યું છે. ટીમે અનેક સ્થળો પરથી દસ્તાવેજો તથા કમ્પ્યુટર હાર્ડડિસ્ક કબજે કર્યા છે.મોરબીનો સિરામિક ઉદ્યોગ આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખાયેલો છે. મોટા ગજાના ઉદ્યોગપતિઓ પર આવકવેરા વિભાગના દરોડા પડતા ઉદ્યોગજગતમાં ભારે ચર્ચા ચાલી રહી છે. ઘણા વેપારીઓએ દાવો કર્યો કે આવી કાર્યવાહીથી સફેદ ધંધો કરનારાઓને પણ તપાસનો સામનો કરવો પડશે.મોરબીના સિરામિક ઉદ્યોગના હાઈપ્રોફાઈલ ખેલાડીઓ પર પડેલા આવકવેરા વિભાગ દરોડા આગામી દિવસોમાં અનેક ચોંકાવનારા ખુલાસા લાવી શકે છે. કરચોરી અને બેનામી સંપત્તિના પુરાવા સામે આવતા સમગ્ર ઉદ્યોગ પર અસર થવાની શક્યતા છે.



**મોરબી અને રાજકોટમાં દરોડા માટે આવી રહેલ સુરતના અધિકારીઓને અમદાવાદ હાઈવે પર અકસ્માત નડ્યોઃ કાર પલ્ટી ખાઈ જતા ચારને ઈજાઃ સારવાર કરી ટીમને સુરત પરત મોકલાઈ, મોટી જાનહાની ટળી**

**મેટ્રો ગ્રુપ પર તપાસનો ધમધમાટઃ રાજકોટમાં પાંચથી વધુ સ્થળો પર તપાસ જેમાં મેટ્રો કન્સ્ટ્રકશન સાથે જોડાયેલા કોટનના બે ભાગીદારો તથા રિયલ એસ્ટેટ ગ્રૂપના ડાયરેકટરને ત્યાં દરોડાઃ તપાસમાં રાજકોટની સાથે અમદાવાદ, સુરત અને વડોદરાના ટોચના અધિકારીઓ પણ જોડાયા**

**ઐતિહાસિક ચુકાદો**

# સુપ્રીમ કોર્ટે અનંત અંબાણીના વનતારાના સંરક્ષણ ઉદ્દેશ અને અભિયાનને શ્રેષ્ઠ ગણીને માન્યતા આપી

## એસ.આઈ.ટી.નું અધ્યક્ષપદ પૂર્વ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ ન્યાયમૂર્તિ જે. ચેલમેશ્વરએ સંભાળ્યું હતું, જે તેમની નિષ્પક્ષતા માટે જાણીતા છે. તેમની આગેવાની હેઠળ વનતારા સામેના તમામ આક્ષેપો ખોટા સાબિત થયા

કુદરતી સ્રોત અને વન્ય જીવનના સંરક્ષણ ક્ષેત્રે કઠોર મહેનતને બિરદાવી, ભારતની સુપ્રીમ કોર્ટે સોમવારે વનતારાને તેની વિરુદ્ધની તમામ રજૂઆતોને રદ કરીને એક ઉત્કૃષ્ટ કામગીરી તરીકે આગળ વધવા સંપૂર્ણ છૂટ આપી છે. આ આદેશથી, તમામ ગેરકાયદેસરતા અને ગેરરીતિના આક્ષેપોને ખારિજ કરતા, એક વિશિષ્ટ તપાસ ટીમ (એસ.આઈ.ટી.) દ્વારા કરવામાં આવેલી વ્યાપક અને નિર્ભય તપાસ પૂર્ણ થઈ છે. એસ.આઈ.ટી.ના વિગતવાર અહેવાલ પર આધારિત આ ચુકાદો, પ્રાણી કલ્યાણ અને સંરક્ષણ પ્રત્યે વનતારાની પ્રતિબદ્ધતાનું મજબૂત સમર્થન કરે છે.



વનતારા વિરુદ્ધ આક્ષેપો જાહેર હિત તરીકે કરવામાં આવ્યા હતા, પરંતુ તેમાં કોઈ આધારભૂત પુરાવા ન હતા. છતાં, સુપ્રીમ કોર્ટે ''આક્ષેપોની ગંભીરતા''ને ધ્યાનમાં રાખીને, પૂર્વ ન્યાયાધીશો અને પૂર્વ પોલીસ કમિશનરનો સમાવેશ કરતી ઉચ્ચસ્તરીય એસ.આઈ.ટી. રચી હતી. આ તપાસમાં કેન્દ્રિય પ્રાણી ઉદ્યાન પ્રાધિકરણ, વાઈલ્ડલાઈફ ક્રાઈમ કંટ્રોલ બ્યુરો, સીઆઈબીઆઈ, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ અને કસ્ટમ્સ વિભાગ સહિત અનેક એજન્સીઓએ સહયોગ આપ્યો હતો. તપાસે પ્રાણીઓની ખરીદી, કથિત સ્મગલિંગના ખોટા આક્ષેપો, મની લોન્ડરિંગ, પ્રાણી કલ્યાણ, સંરક્ષણ કાર્યક્રમો અને આર્થિક અનિયમિતતાઓ સહિત વિશાળ વિષયો આવરી લીધા હતા.

સુપ્રીમ કોર્ટે અભિયાનકારોને ચેતવણી પણ આપી હતી કે આ પહેલને બદનામ ન કરવામાં આવે. કોર્ટે સ્પષ્ટ કર્યું કે આ જ આક્ષેપો આધારિત કોઈ નવી ફરિયાદ કે કાર્યવાહી હવે કોઈ પણ ન્યાયિક કે વહીવટી મંચ પર સ્વીકારવામાં આવશે નહીં.



એસ.આઈ.ટી.ના નિષ્કર્ષો સ્પષ્ટ હતાઃ ''વન્તારા દ્વારા વાઈલ્ડલાઈફ પ્રોટેક્શન એક્ટ, ૧૯૭૨, ઝૂ નિયમો, ૨૦૦૯, કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨, ફોરેન ટ્રેડ એક્ટ, ૧૯૯૨, ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ, ૧૯૯૯, પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ, ૨૦૦૨, ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ અથવા આંતરરાષ્ટ્રીય સંધિઓનો કોઈ ભંગ થયો નથી.'' સુપ્રીમ કોર્ટે અહેવાલનો સ્વીકારી જણાવ્યું કે ''આમાં કોઈ શંકા નથી કે તમામ કાર્યવાહી કાયદેસર હતી''. કોર્ટે વધુમાં નોંધ્યું કે વન્તારાની કામગીરી, જેમાં બચાવેલા પ્રાણીઓની સ્વીકારણી અને તેમનું પ્રજનન માટેનું નિવાસ શામેલ છે, ''બહુસ્તરીય કાયદેસર મંજૂરીઓ, પ્રક્રિયા અને દસ્તાવેજીકરણ''થી પસાર થઈ છે. કોર્ટે સ્પષ્ટ કર્યું કે તમામ આયાત ''માન્ય પરવાનગી મેળવ્યા પછી જ'' કરવામાં આવી હતી અને ''પ્રાણી સ્મગલિંગ અથવા મની લોન્ડરિંગના આક્ષેપોમાં કોઈ સાર નથી.''

વનતારા ટીમે આ ચુકાદાને આવકારતા નિવેદનમાં જણાવ્યું, ''અત્યંત નમ્રતા અને આભાર સાથે અમે સુપ્રીમ કોર્ટ દ્વારા નિયુક્ત વિશિષ્ટ તપાસ ટીમના નિષ્કર્ષોને સ્વીકારીએ છીએ. અહેવાલ અને માનનીય સુપ્રીમ કોર્ટનો આદેશ સ્પષ્ટ કરે છે કે વન્તારાની પ્રાણી કલ્યાણ મિશન સામે કરવામાં આવેલા આક્ષેપો આધારહીન હતા. આ માન્યતા અમને વધુ શક્તિ અને પ્રેરણા આપે છે કે અમે નિરંતર નમ્રતા અને સમર્પણથી અવાજવિહીનોની સેવા કરી શકીએ.''

એસ.આઈ.ટી.ના પ્રાણી કલ્યાણ સંબંધિત નિષ્કર્ષો ખાસ નોંધપાત્ર છે. નિષ્ણાતોની સલાહ બાદ, એસ.આઈ.ટી.એ માન્યું કે વન્તારાની સુવિધાઓ નિર્ધારિત ધોરણોથી ઊંચી છે. સુપ્રીમ કોર્ટે પણ જણાવ્યું કે ''વન્તારાની સુવિધાઓ પ્રાણી કલ્યાણ, પશુચિકિત્સા કાળજી અને પ્રાણી સંભાળના ક્ષેત્રે ધોરણોથી વધુ છે.''

વિશ્વપ્રસિદ્ધ ગ્લોબલ હ્યુમેન સોસાયટી (GHS) દ્વારા કરાયેલા ઓડિટમાં પણ વન્તારા આંતરરાષ્ટ્રીય ધોરણોથી વધુ પ્રમાણિત થયો હતો અને તેને 'ગ્લોબલ હ્યુમેન સીલ ઑફ એપ્રુવલ' એનાયત કરવામાં આવ્યું.

વનતારા ટીમે વધુમાં ઉમેર્યુંઃ ''વન્તારા હંમેશા નિર્વાચિત પ્રાણીઓ માટે પ્રેમ, દયા અને જવાબદારીનું પ્રતિક છે. દરેક બચાવેલ પ્રાણી અને પક્ષી આપણને યાદ અપાવે છે કે તેમનું કલ્યાણ માનવજાતના કલ્યાણથી જુદું નથી. અમે સરકાર, રાજ્ય સરકારો અને તમામ સહયોગીઓ સાથે મળીને પૃથ્વીને તમામ જીવો માટે વધુ સારી જગ્યા બનાવવા પ્રતિબદ્ધ છીએ.''

એસ.આઈ.ટી.નું અધ્યક્ષપદ પૂર્વ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ ન્યાયમૂર્તિ જે. ચેલમેશ્વરએ સંભાળ્યું હતું, જે તેમની નિષ્પક્ષતા માટે જાણીતા છે. તેમની આગેવાની હેઠળ વન્તારા સામેના તમામ આક્ષેપો ખોટા સાબિત થયા.

એસ.આઈ.ટી.એ વધુમાં સ્પષ્ટ કર્યું કે વન્તારાનું સ્થાન ઉદ્યોગ વિસ્તારમાં હોવા છતાં, પ્રજાતિઓ માટે હવામાન અનુકૂળ છે. તે માત્ર ખાનગી સંગ્રહ નથી, પરંતુ એક વિશાળ વ્યાવસાયિક સંસ્થા છે, જેમાં ૩,૦૦૦ કર્મચારીઓ, વૈશ્વિક નિષ્ણાતો અને અનેક રાજ્ય સરકારો તથા વિદેશી સત્તાઓ સાથેના કરાર શામેલ છે. હાલમાં વન્તારા ૪૧ દુર્લભ પ્રજાતિઓ માટે સંરક્ષણ પ્રજનન કાર્યક્રમ ચલાવી રહ્યો છે. ચીતાના ૧૭ નવજાત બચ્ચાં આ સફળતાનું સાક્ષી છે.

અંતે, સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું કે પાણી અને કાર્બન ક્રેડિટ સંબંધિત આક્ષેપો ''સંપૂર્ણપણે નિરાધાર'' છે. આવા ખોટા આક્ષેપો કરવી પ્રક્રિયાનો દુરુપયોગ ગણાશે. તેથી, કોર્ટે સ્પષ્ટ રીતે આ મામલે અંતિમતા લાવી છે અને તમામ ફરિયાદોને ''તપાસીને બંધ'' જાહેર કરી છે.

''ભારતની નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા રચાયેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT)ના તારણોનું અમે અત્યંત નમ્રતા અને કૃતજ્ઞતા સાથે સ્વાગત કરીએ છીએ. SITના રિપોર્ટ અને નામદાર સુપ્રીમ કોર્ટના આદેશ પરથી એ બાબત સ્પષ્ટ થઈ ચૂકી છે કે વનતારાના પ્રાણી કલ્યાણ મિશન સામે ઉઠાવવામાં આવેલી તમામ શંકાઓ અને આરોપો તદ્દન પાયાવિહોણા હતા. SITના માનનીય અને અત્યંત આદરણીય સભ્યો દ્વારા સત્યને અપાયેલી માન્યતા વનતારા સાથે સંકલિત દરેકના માટે માત્ર રાહતરુપ જ નથી પરંતુ એક આશીર્વાદ રૂપ પણ છે, કારણ કે તે આપણી કામગીરીને જ પોતાના માટે બોલવાની મંજૂરી આપે છે.




SIT ના તારણો અને સર્વોચ્ચ અદાલતનો આદેશ આપણને મૂંગા પ્રાણીઓની નમ્રતા અને નિષ્ઠા સાથે સેવા કરવાનું ચાલુ રાખવા માટે વધુ ઊર્જા અને પ્રોત્સાહન આપે છે. સમગ્ર વનતારા પરિવાર આ માન્યતા આપવા બદલ હૃદયપૂર્વક કૃતજ્ઞતા વ્યક્ત કરે છે અને દરેકને કરુણા સાથે પ્રાણીઓ અને પક્ષીઓનું રક્ષણ અને જતન કરવાની અમારી આજીવન પ્રતિબદ્ધતાની ખાતરી આપે છે.

વનતારા હંમેશાથી આપણી વચ્ચેના મૂંગા પ્રાણીઓ પ્રત્યે પ્રેમ, કરુણા અને જવાબદારી સાથે વર્તતું આવ્યું છે. અમે જે પણ પ્રાણીને રેસ્ક્યુ કરીએ છીએ, જે દરેક પક્ષીને સાજું કરીએ છીએ, દરેક અબોલ જીવ જેને આપણે બચાવીએ છીએ તે એ વાતની યાદ અપાવે છે કે તેમની સુખાકારી એ કાંઈ આપણાથી અલગ નથી - તે સમગ્ર માનવજાતના કલ્યાણનું જ એક અવિભાજ્ય અંગ છે. આપણે મૂંગા પ્રાણીઓની સંભાળ રાખીએ છીએ, ત્યારે આપણે માનવતાના આત્માની પણ સંભાળ રાખીએ છીએ.



અમે આ પ્રસંગે ભારત સરકાર, રાજ્ય સરકારો અને પ્રાણીઓની સંભાળના વિશાળ અને પડકારજનક કાર્યમાં જોડાયેલા અન્ય તમામ હિસ્સેદારો સાથે અમારી એકતાના શપથ લઈને ખાતરી આપીએ છીએ કે વનતારા હંમેશા તેમની સાથે નિકટતાથી કામગીરી કરવા તૈયાર રહેશે. ચાલો, આપણે સહુ સાથે મળીને ધરતી માતાને બધા જીવો માટે વધુ સારું સ્થળ બનાવીએ.

**- ટીમ વનતારા**

પૃથ્વીનું છત્ર, ઓઝોન બચાવો

# આઝાદ આકાશ, ઓઝોનના છાયામાં સુરક્ષિત "પૃથ્વી": આજે વિશ્વ ઓઝોન દિવસ

## હાલમાં ઓઝોન સ્તર ધીમે ધીમે સુધરી રહ્યું છે, જે ૨૦૪૦ સુધીમાં ૧૯૮૦ના લેવલે આવી જશે: આર્કિટેક અને એન્ટાર્ટિક પ્રદેશોમાં હજુ પણ છિદ્ર જોવા મળે છે: આ ઓઝોન સ્તર વાતાવરણના સ્ટ્રેટોફીયર સ્તરમાં આવેલું છે

નોલેજ કોર્નર




ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

આજે વૈશ્વિક સ્તરે વિશ્વ ઓઝોન દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસનો હેતુ ઓઝોન સ્તરના સંરક્ષણ માટે જાગૃતિ લાવવાનો છે. ઓઝોન સ્તર પૃથ્વીના વાતાવરણમાં એક રક્ષણાત્મક કવચ છે, જે સૂર્યના હાનિકારક અલ્ટ્રાવાયોલેટ (UV) કિરણોથી જીવસૃષ્ટિનું રક્ષણ કરે છે. આ દિવસની ઉજવણી મોન્ટ્રિયલ પ્રોટોકોલ પર હસ્તાક્ષરની યાદમાં કરવામાં આવે છે. આ પ્રોટોકોલ ઓઝોન સ્તરને નુકસાન પહોંચાડતા પદાર્થોના ઉત્પાદન અને વપરાશને નિયંત્રિત કરવા માટેનો આંતરરાષ્ટ્રીય કરાર છે. ૧૯૮૭માં મોન્ટ્રીયલ પ્રોટોકોલ પર હસ્તાક્ષર થયા પછી ૧૯૯૪માં યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ ૧૬ સપ્ટેંબરને 'આંતરરાષ્ટ્રીય ઓઝોન સ્તર સંરક્ષણ દિવસ' જાહેર કર્યો હતો. આ પ્રોટોકોલ ઓઝોન સ્તરને હાનિકારક પદાર્થોમાંથી સુરક્ષિત બનાવવા માટેનો વૈશ્વિક કરાર હતો. ઓઝોન સ્તર પૃથ્વીને સૂર્યની નુકસાનકારક અલ્ટ્રાવાયોલેટ કિરણોથી રક્ષે છે, તેની ધજ્જીઓ ઉડાડનાર રસાયણો જેમ કે ક્લોરોફ્લોરોકાર્બન (CFCs), હેલોન્સ હવામાનમાં છૂટતાં ઓઝોન સ્તરમાં ગાબડો પાડે છે. ઓઝોન સ્તર વિના પૃથ્વી પર જીવ-સૃષ્ટિનું આત્મરક્ષણ મુશ્કેલ છે અને માનવ સ્વાસ્થ્યને પણ ખરાબ અસર થાય છે. વિશ્વ ઓઝોન દિવસથી આપણે શીખી શકીએ છીએ કે પ્રકૃતિના મૂળ અંગ ઓઝોન સ્તરની સાચવણી



દરેક વ્યક્તિની જવાબદારી છે. આ વર્ષની ઉજવણી થીમમાં "From Science to Global Action" જેનો અર્થ વિજ્ઞાનથી વૈશ્વિક કાર્યવાહી સુધી થાય છે.આ થીમ વૈજ્ઞાનિક શોધોથી લઈને ઓઝોન સ્તરના રક્ષણ માટે વૈશ્વિક સ્તરે લેવાયેલા સામૂહિક પગલાંની યાત્રાને પ્રતિબિંબિત કરે છે. તે દર્શાવે છે કે કેવી રીતે વૈજ્ઞાનિક જ્ઞાને ઓઝોન અવક્ષયની સમસ્યાને ઓળખવામાં મદદ કરી અને કેવી રીતે મોન્ટ્રીયલ પ્રોટોકોલ જેવી આંતરરાષ્ટ્રીય સંધિઓ દ્વારા આ સમસ્યાનો સામનો કરવા માટે વિશ્વ એક થયું, તે સાથે તેનો મુખ્ય ઉદ્દેશ્ય એ સંદેશ આપવાનો છે કે વૈશ્વિક પર્યાવરણીય પડકારોનો સામનો કરવા માટે વિજ્ઞાન અને સહકારનું સંયોજન પૃથ્વી માટે કેટલું મહત્વપૂર્ણ છે. જીવનમાં સૂર્યનો પ્રકાશનું શું મહત્વ છે તે આપણે સૌ કોઈ જાણીએ છીએ. સૂર્ય પ્રકાશ આપણને પોષણ આપે છે, એનો પ્રકાશ જીવનમાં ઊર્જા ભરી દે છે, પણ એનાં કિરણો જો ઓઝોન લેયર વિના સીધા પડે તો જીવન માટે હાનિકારક પણ છે. ઓઝોનનું લેયરના સુરક્ષા કવચ વિના પૃથ્વી પર કોઈ જીવન સંભવ નથી. ઓઝોન લેયર આપણી પૃથ્વીના જીવનને સંરક્ષિત કરવા માટે જરૂરી સંતુલન કરે છે. આ ઓઝોન સ્તરની જાળવણી માટે વિશ્વ ઓઝોન દિવસની ઉજવણી કરવામાં આવે છે. તો ચાલો આજે જાણીએ ઓઝોન વિશે પ્રાથમિક માહિતી




**ઓઝોન શું છે?:** ઓઝોન આપણા વાતાવરણમાં રહેલો વાયુ છે. ઓકિસજનનો એક પ્રકાર છે, બે પરમાણુઓ ઓકિસજનના ભેગા થાય તો ઓકસિજન વાયુ અને જેને આપણે પ્રાણવાયુ કહીએ છીએ જે આપણા સ્વાસોચ્છ્વાસ માટે જરૂરી બને છે. જયારે ત્રણ ઓકિસજનના પરમાણુ ભેગા થાય તેને ઓઝોન કહેવાય. ઓઝોન ગ્રીક શબ્દ છે. તેનો અર્થ થાય 'સુંઘવુ.' તેની શોધ ૧૮૩૯માં ક્રિશ્ચિયન ફેડરિક શ્યોનબાઈને કરેલી. આ ઓઝોન હલકો હોય છે અને તે ભૂરો રંગ ધરાવે છે.

**ઓઝોન વાતાવરણમાં કયાં હોય છે?:** ઓઝોન વાયુ વાતાવરણમાં રહેલા વાયુમંડળમાં જેને સમતાપ સ્તર કહે છે જે પૃથ્વીના વાતાવરણથી ૧૫ થી ૬૦ કિ.મી. વચ્ચે એક પાતળું પારદર્શક પડ તરીકે રહેલું છે, આ સ્તરને ઓઝોન,સ્તર કહે છે જે વાતાવરણમાં હોય છે.

**ઓઝોનનું સ્તર આપણા માટે કઈ રીતે ઉપયોગી છે ?:** પૃથ્વીના વાતાવરણના પૃથ્વીથી ૧૫ થી ૬૦ કિમી. ઊંચાઈએ સમતાપ સ્તર રહેલું છે. તેમાં ઓઝોન સ્તર (પડ) રહેલું છે. જે સમસ્ત પૃથ્વીને ફરતે કવચ પુરૂં પાડે છે. પૃથ્વી પર છત્રી તરીકે કાર્ય કરે છે. સૂર્યમાંથી આવતા પારજાંબલી કિરણોને આ ઓઝોન સ્તર પૃથ્વી પર આવતા અટકાવે છે જેથી પૃથ્વી પરના જીવોને નુકશાન ન થાય. આથી આ અસર આપણું રક્ષક છે.

**આપણે ઓઝોન સ્તરને કઈ રીતે નુકસાન પહોંચાડીએ છીએ ?:** માનવ દ્વારા નિર્મિત રસાયણો જે રીતે વાતાવરણમાં પ્રદૂષણ સર્જે છે તે જ રીતે માનવસર્જિત ક્લોરોફ્લોરોકાર્બન (સી.એફ.સી.) જેવા રસાયણો જે રેફ્રીજરેટર, એ.સી., થર્મોકોલ તેમજ કોમ્પ્યુટર જેવા ઉદ્યોગોમાં વપરાય છે. આ ક્લોરોફ્લોરોકાર્બન તથા બીજા હેલોન રસાયણો મૂળ હલકા હોવાથી વાતાવરણમાં ખૂબ ઊંચે જઈ ઓઝોન સ્તરો નુકશાનકર્તા બને છે.

**સી.એ.સી. તથા હેલોન શું છે ?:** સી.એફ.સી. એટલે ક્લોરોફ્લોરોકાર્બન જે ફ્લોરિન, કાર્બન અને ફ્લોરિનથી બનેલું રસાયણ છે, જે રંગહીન, ગંધહીન વિસ્ફોટક નથી, જે રેફ્રીજરેટર, એરકનડીશનર, કોમ્પ્યુટર. કોલ્ડ સ્ટોરેજમાં, થર્મોકોલ, સ્પ્રે, અગ્નિશામક તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે.

### હાલમાં ઓઝોન સ્તર ધીમે ધીમે સુધરી રહ્યું છે

મોન્ટ્રીયલ પ્રોટોકોલને કારણે ઓઝોનને નુકસાન પહોંચાડતા પદાર્થોનું ઉત્પાદન અને વપરાશ ઘટ્યા છે, જેના પરિણામે ઓઝોન સ્તરમાં ઘટાડો અટક્યો છે. વૈજ્ઞાનિકોનો અંદાજ છે કે ઓઝોન સ્તર ૨૦૪૦ સુધીમાં ૧૯૮૦ના સ્તરે પાછું આવી જશે. જોકે, આર્કિટક અને એન્ટાર્કટિક પ્રદેશોમાં હજુ પણ ઓઝોન છિદ્રો જોવા મળે છે, જે વાર્ષિક હવામાન પરિસ્થિતિઓ પર આધાર રાખે છે.

**સી.એ.સી. તથા હેલોન ઓઝોન સ્તરને નુકશાન કઈ રીતે પહોંચાડે છે ?:** વિવિધ ઉપકરણોમાં વપરાતા સી.એફ.સી.ના લીકેજથી અથવા તો તેના પ્રસરણથી તે વાતાવરણમાં ઉપર જાય છે, ઓઝોન સ્તર સુધી પહોંચે છે. તેમાં રહેલા ક્લોરીન ઓઝોનના આશરે એક લાખ પરમાણુને તોડી ઓઝોનમાંથી ઓકિસજન બનાવે છે. સૂર્યમાંથી આવતા પારજાંબલી કિરણો સી.એફ.સી. પર પડતા તેમાંથી ફ્લોરિનમૂકત થાય છે અને તે ઓઝોનના અણુઓ તોડી ઓકિસજન વાયુ બનાવે છે. સારું છે સી.એફ.સી. માં ક્લોરિન છે. જે બ્રોમીન હોય તો ઓઝોન સ્તરને ખૂક જ નુકશાન થાત.

**ઓઝોન સ્તર પાતળું પડવાથી અથવા તો તે સ્તરને નુકશાન થવાથી શું અસરો થાય છે ?:** ઓઝોન સ્તરને નુકશાન થતાં વધારે પ્રમાણમાં પૃથ્વી પર પારજાંબલી કિરણો પહોચે છે. વધારે પડતા પારજાંબલી કિરણો પૃથ્વી પર પહોંચતા સમગ્ર જીવસૃષ્ટિને નુકશાન થાય છે. માનવજાતિને ચામડીના કેન્સર થવાની સંભાવના વધી જાય છે. પશુઓમાં આંખની બિમારી વધી જાય છે. આંખોમાં મોતિયા જવાનું પ્રમાણ વધી જાય છે. ઉપરાંત પ્રતિરોધકતા શકિત ઘટી જાય છે તેમજ ડી.એન.એ. આધારિત વિકાર ઉત્પન્ન થવાની સંભાવના વધે છે તેને કારણે ભવિષ્યમાં જન્મ લેનારા બાળકોમાં વિકલાંગતા જોવા મળે છે. વનસ્પતિઓમાં પાદડા નાના આકારના બની જાય છે, તેમજ ઉગવા માટે વધુ સમય લાગે છે, જેથી પેદાશોની ઉપજના પ્રમાણમા અસરકર્તા બને છે. છીછરા પાણીમાં ઉગતી વનસ્પતિ તેમજ ઘાસ જે પાણીના જીવો માટે આહાર સમાન છે તેનો વધારે પડતા પારજાંબલી કિરણોને કારણે નાશ થાય છે.


# પ્રજાવત્સલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જન્મદિવસની શુભેચ્છા પાઠવતા રાજુ ધ્રુવ

## વિઝનરી વડાપ્રધાન સર્વોત્તમ લોકનાયક નરેન્દ્રભાઈ મોદીનો ૭૫મો જન્મદિવસ અમૃત મહોત્સવ તરીકે ઉજવાય છે : રાજુભાઈ ધ્રુવ

**અબતક, રાજકોટ**

દેશભકત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો કાલે બુધવારે ૭૫મો જન્મદિવસ છે. અમૃત મહોત્સવ તરીકે ઉજવશે તેમ જણાવી સૌરાષ્ટ્ર ભાજપના પ્રવક્તા રાજુભાઈ ધ્રુવે જન્મદિવસનાં અભિનંદન પાઠવ્યા છે.

રાજુભાઈ ધ્રુવે કહ્યું છે કે, વિશ્વ નેતા તરીકે પ્રસ્થાપિત થયેલા નરેન્દ્રભાઈ મોદી દેશની દેશની જનતાના હૃદયમાં બિરાજે છે તેથી પ્રજાજનો તેમને અંતરના ઉમળકાથી અઢળક શુભેચ્છા પાઠવે છે. રાજુભાઈ ધ્રુવે કહ્યું છે કે, પ્રખર રાષ્ટ્રભકિત સાથે સ્થિર અને શકિતશાળી સરકાર આપનાર પ્રચંડ પરાક્રમી અને પુરુષાર્થી વડાપ્રધાન તરીકે નરેન્દ્રભાઈ મોદી ન ભૂતો ન ભવિષ્યતી છે. તેમના હૈયે હમેશા ભારત માતાનું હિત જોડાયેલુ રહે છે અને તેમના પ્રજાવત્સલ શાસન -દીર્ઘદ્રષ્ટા નેતૃત્વ સામે કોઈ દુશ્મન દેશ આંખ ઉઠાવવાની કોશિશ કરી શકતો નથી. તેમના નેતૃત્વમાં આજે ભારતીય નાગરિક વધુ સુરક્ષિત અને સલામત બન્યો છે. રાજુભાઈ ધ્રુવે જણાવ્યુ છે કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ૨૦૦૧થી ૨૦૧૪ સુધી ગુજરાતના સફળ યશસ્વી મુખ્યમંત્રી રહ્યા. એ સમયે તેઓએ ગુજરાતમાં વિકાસની અનેક દીર્ઘદ્રષ્ટિ ભરેલી મહત્વાકાંક્ષી



યોજનાઓ અમલમાં મૂકી હતી અને ગુજરાતને વિકાસ અને પ્રગતિ ના ઉચ્ચ શિખર ઉપર પહોચાડ્યું હતું. ત્યારબાદ મોદીજી ૨૬મે ૨૦૧૪ના રોજ ભારત ના ૧૫ માં પ્રધાનમંત્રી બન્યા ત્યારથી વડાપ્રધાન તરીકે સતત અવિરત દેશની સેવા કરી રહ્યા છે.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ના નેતૃત્વમાં આજે ભારતનું નામ વિશ્વભરમાં આદર અને સન્માન સાથે લેવાય છે અને તે જોઈ વિશ્વના ખૂણે ખૂણે વસતા ભારતીયોની છાતી ગજ ગજ ફુલે છે. રાજુભાઈ ધ્રુવે એમ પણ જણાવ્યુ છે કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કોઈ પણ વિદેશી તાકાત સામે ઝૂક્યા વગર તેમના માટે ભારત અને ભારતવાસીઓ જ સર્વોપરી છે તે વિશ્વને બતાવી દીધુ છે.

લોકલાડીલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ને ખૂબ ખૂબ અભિનંદન સાથે જન્મદિવસની મંગલમય શુભેચ્છાઓ પાઠવતા રાજુભાઈ ધ્રુવે અંતમાં જણાવ્યું છે કે, ભારતને આવા યશસ્વી વડાપ્રધાન મળ્યા છે તેથી ૧૪૦ કરોડની જનતાની છાતી ગજ ગજ ફૂલી રહી છે .તા. ૧૭મીના તેમના જન્મદિવસ નિમિત્તે સર્વે પ્રજાજનો તેમને ઈશ્વર તેમને તંદુરસ્ત યશસ્વી દીર્ઘ આયુષ્ય આપે તેવી મંગલમય પ્રાર્થના કરી રહ્યા છે.

# ગ્રીન સિટી દ્વારા વડાપ્રધાનના સ્વાગત માટે તડામાર તૈયારીઓ




## શેઠ બ્રધર્સવાળા દેવેનભાઈ શેઠએ ભાવનગરના હરિયાળું બનાવવા માર્ગદર્શન પુરૂં પાડ્યું

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીનું ભાવનગર આગમન થઈ રહ્યું છે. આ માટે કોર્પોરેશનની સાથોસાથ ભાવનગરની હરીયાળીથી મોદીજી પ્રભાવિત થાય તે માટે ગ્રીનસીટીના દેવેનભાઈ શેઠ પણ અંગત રસ લઈને એરપોર્ટની અંદરની પ્રીમાઈસીસ કે જ્યાં ગ્રીનસીટી દ્વારા મોટા પાયે વૃક્ષારોપણ કરવામાં આવ્યુ છે તથા મહિલા કોલેજથી રૂાણી સુધીનો રોડ કે જેનું ડિવાઈડર ગ્રીનસીટીએ દત્તક લીધુ છે તથા તે જ રોડ ઉપર મોદીજીનો રોડ શો થવાનો છે તે ડિવાઈડરમાં પણ રવિવારના રોજ ગ્રીનસીટી દ્વારા ૪૫૦ નાના-નાના કલરફુલ વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. સ્ટાફની ગેરહાજરીના કારણે દેવેનભાઈ જાતે ટેમ્પો ચલવી નખાયેલા નવા વૃક્ષોને પાણી પાઈ રહ્યા હતા તથા ક્યા કયુ વૃક્ષ વાવવુ તેનું માર્ગદર્શન આપી રહ્યા હતા. સવારના સાત વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી સતત દેવેનભાઈ શેઠ એ હાજર રહી વ્યવસ્થિત રીતે વૃક્ષારોપણ કરાવ્યું હતું. આ ઉપરાંત આજે સોમવારે એરપોર્ટમાં ડિવાઈડરમાં ૫૦૦ નંગ ડ્રાફ્ટ કરન તથા ૩૬ નંગ કુંડામાં વિવિધ પ્રકારના કલરફુલ વૃક્ષો તેમની દેખરખ નીચે નખાવ્યા હતા. વધુમાં મહિલા કોલેજથી એરપોર્ટ સુધીના ડિવાઈડરમાં રોડના કામ દરમ્યાન અસંખ્ય વૃક્ષો નીકળી ગયા હતા. તેની જગ્યાએ તાબડતોબ ૨૦૦ મોટા ૯ ફૂટના સફેદ ચંપાના વૃક્ષો ગુરૂવારે નાખવાનું આયોજન કર્યુ છે. જેથી કરીને આખુ ડિવાઈડર વૃક્ષોથી ભરચક હરીયાળુ અને આકર્ષક લાગશે.

આ કામ માટે ચામુંડા નર્સરી તથા કોર્પોરેશનનો ખૂબ જ સહકાર મળી રહ્યો છે. તેમ દેવેનભાઈએ જણાવ્યું હતું. તમામ વૃક્ષોને ગ્રીનસીટી દ્વારા સતત પાણી પાવામાં આવી રહ્યું છે. જેથી વૃક્ષો લીલાવમ આકર્ષક લાગે.

# સર્વ સમાજને એક કરવા "સરદાર સન્માન યાત્રા" બનશે પ્રેરણાસ્ત્રોત: ચેતન રામાણી

**અબતક, રાજકોટ**

ગુજરાત પ્રદેશ ભાજપ અગ્રણી તેમજ સૌરાષ્ટ્રના લડાયક ખેડૂત નેતા ચેતનભાઈ રામાણીએ જણાવાયું હતું કે, અખંડ ભારતના શિલ્પી, લોખંડી પુરુષ તથા દેશના પ્રથમ નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતિ પૂર્વે પાટીદાર સમાજના બહુ મોટા અગ્રણી, સમાજ સેવક, ઉદ્યોગપતિ તેમજ ખાસ મારા જીગરજાન મિત્ર ગોપાલભાઈ ચમારડીને સંકલ્પ થતા સરદારની કર્મભૂમિ બારડોલીથી ધર્મસ્થાન સોમનાથ સુધીના સંગમથી જીવન અને કર્તૃત્વને પ્રેરિત "સરદાર સન્માન યાત્રા-૨૦૨૫"નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ યાત્રા ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૫ને ગુરુવારના રોજ બારડોલીથી શરૂ થઈ ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૫ને સોમવારના રોજ સૌમ્ય અને પવિત્ર સોમનાથ સુધી પહોંચશે. જેમા ૧૨ દિવસમાં કુલ ૧૮૦૦ કિ.મી., ૧૮ જિલ્લા, ૬૨ તાલુકા અને ૩૫૫ ગામોને આવરી લેશે.

આ યાત્રા દરમિયાન વિવિધ ગામોમાં અનેક પ્રવૃત્તિઓનું આયોજન પણ કરવામાં આવી છે.

જેમા દરેક ગામમાં વૃક્ષારોપણ અભિયાન, સ્વાતંત્ર્ય સેનાની તથા શહીદ જવાનોના પરિવારોના સન્માન, દેશને પોતાના રજવાડા અર્પણ કરનાર રાજવી પરિવારોનું સન્માન તેમજ સરદાર સાહેબના સિદ્ધાંતો અને રાષ્ટ્રના એકીકરણમાં તેમની ભૂમિકા અંગે જાગૃતિ કાર્યક્રમો જેથી વિવિધ સમાજ, પંથ અને વર્ગના લોકોએ એકત્વપૂર્વક યાત્રામાં સહભાગી થવાની અનોખી પરંપરા ઊભી થશે.

ત્યારે સર્વ સમાજના લોકો બહોળી સંખ્યામાં યાત્રાનું રાજકોટ ખાતે કાલે ઉમળકાભેર સ્વાગત કરી અભિવાદન કરવાનુ છે. જેથી આ યાત્રાને વધુ અસરકારક, વ્યાપક અને રાષ્ટ્રહિતમાં રૂપાંતરિત કરી શકાશે. આ યાત્રામાં આપના પરિવારજનો, મિત્ર મંડળ, વ્યાપારી મંડળ અને સમાજના સભ્યો સાથે મોટી સંખ્યામાં જોડાઈને આ ઐતિહાસિક યાત્રા સફળ બનાવી યાત્રાદળનું મનોબળ વધારવા કટિબદ્ધ રહેશો તેમજ ઉત્સાહપૂર્વક આગળ વધારવાનો વિશ્વાસ આપશો.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૬-૦૯-૨૦૨૫ મંગળવાર**
૧૨:૦૦ થી ૦૨:૩૦ ગુજરાતી મુવી (વિકીડા નો વરઘોડો)
૦૨:૩૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (થેપલા કેસરીયા)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.સુશીલ કરીઆ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૧૦ ગુજરાતી નાટક (આ કોકિલા નું કંઈક કરો)
૦૭:૧૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૭-૦૯-૨૦૨૫ બુધવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા(પૂ.મોરારિબાપુ)
૧૦:૩૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૧૭-૯-૨૦૨૫ બુધવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૧ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૫
**તિથી** ભાદરવા વદ અગીયારશ ઈંદિરાએકાદશી અગીયારશનું શ્રાધ્ધ
**નક્ષત્ર** પુષ્ય
**યોગ** પરિઘ **કરણ:** બવ
**સુર્યોદય** ૬.૩૫ **સુર્યાસ્ત:** ૬.૪૮
**ચંદ્ર રાશી** કર્ક
**રાશિ અક્ષર** ડ.હ
**દિશાશૂળ** ઉત્તર તરફ
**રાહુકાળ** બપોરે ૧૨ થી ૧.૩૦
**દિવસનાચોઘડીયા** લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ
**રાત્રીનાચોઘડીયા** ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૧૭ થી ૧.૦૬

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૯૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૫ | | | | ૨ | ૬ | ૮ | ૩ |
| | ૮ | ૨ | | | ૬ | ૯ | | |
| | ૧ | | | | | ૫ | | ૨ |
| ૭ | | | | | | | | |
| ૨ | ૬ | ૮ | | ૯ | ૪ | | | |
| | | | ૬ | | | | | |
| ૪ | | ૯ | ૮ | ૧ | | ૭ | ૩ | ૬ |
| | | | | | | ૮ | ૨ | ૯ |
| | | | ૭ | ૨ | ૯ | | ૫ | ૧ |


આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૯૬ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૧ | ૮ | ૫ | ૯ | ૭ | ૪ | ૨ | ૬ |
| ૨ | ૯ | ૬ | ૧ | ૪ | ૮ | ૭ | ૫ | ૩ |
| ૪ | ૫ | ૭ | ૩ | ૨ | ૬ | ૧ | ૮ | ૯ |
| ૧ | ૮ | ૨ | ૯ | ૭ | ૫ | ૩ | ૬ | ૪ |
| ૫ | ૬ | ૩ | ૨ | ૧ | ૪ | ૮ | ૯ | ૭ |
| ૯ | ૭ | ૪ | ૮ | ૬ | ૩ | ૨ | ૧ | ૫ |
| ૭ | ૨ | ૧ | ૬ | ૩ | ૯ | ૫ | ૪ | ૮ |
| ૬ | ૩ | ૫ | ૪ | ૮ | ૧ | ૯ | ૭ | ૨ |
| ૮ | ૪ | ૯ | ૭ | ૫ | ૨ | ૬ | ૩ | ૧ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૧૭.૯.૨૦૨૫, બુધવાર, સંવંત ૨૦૮૧, ભાદરવા વદ અગિયારસ, પુષ્ય નક્ષત્ર, પરિઘ યોગ, બવ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ કર્ક (ડ,હ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** પ્રોપર્ટી અંગે યોગ્ય નિર્ણય લઈ શકો, જમીન મકાન વાહન સુખ સારું રહે, દિવસ પ્રગતિકારક રહે.
**વૃષભ (બ,વ,ઉ) :** નવા કાર્યમાં આગળ વધી શકો, સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય, આગળ વધવાની તક મળે.
**મિથુન (ક,છ,ઘ) :** ભાગીદારીમાં કાળજી રાખવી પડે, આર્થિક બાબતોમાં મધ્યમ રહે,અન્ય બાબતો માં સારું રહે.
**કર્ક (ડ,હ) :** તમારા ખુદ માટે સમય કાઢી શકો, તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.
**સિંહ (મ,ટ) :** કેટલાક એવા બનાવ બને કે દિવસ દરમિયાન માનસિક વ્યગ્રતા અને ઉશ્કેરાટ રહે, સાંજ ખુશનુમા વીતે.
**કન્યા (પ,ઠ,ણ) :** ગણતરી વિનાના સાહસ ના કરવા સલાહ છે આવક કરતા જાવક વધી ના જાય તે જોવું, હિસાબ રાખવો.
**તુલા (ર,ત) :** અગાઉના સમયમાં તમે કરેલા કાર્યના સારા પરિણામ આજે મેળવી શકો, કર્મના સિદ્ધાંત ને સમજી શકો, શુભ દિન.
**વૃશ્ચિક (ન,ય) :** ઈષ્ટદેવની આરાધના થી લાભ થાય, ધ્યાન યોગ મૌન થી લાભ થાય, આધ્યાત્મિક ચિંતન થાય.
**ધન (ધ,ભ,ફ,ઢ) :** દિવસ દરમિયાન દોડધામ રહે, સાંજ પછી નસીબ સાથ આપતું જણાય, અંગત મિત્રો સાથે મતભેદ દૂર કરી શકો.
**મકર (ખ,જ) :** જાહેરજીવનમાં ધ્યાન આપી શકો, આંતરિક સંબંધોમાં સારું રહે, મનની વાત વ્યક્ત કરી શકો.
**કુંભ (ગ ,સ,શ) :** હિત શત્રુઓથી સાવધ રહેવું, વધુ પડતા વિશ્વાસે ના ચાલવું, વ્યક્તિગત દેખરેખ થી કામ કરવું.
**મીન (દ,ચ,ઝ,થ) :** પ્રણય માર્ગે આગળ વધી શકો, ગમતી વ્યક્તિથી વાતચીત થાય, મનની વાત વ્યક્ત કરી શકો.

કે તારી ચણીયાચોળીએ જોબનીયા ઘેલા કીધા...

# નવરાત્રિની અનોખી ફેશનઃ આધુનિક ચણિયા ચોળી અને જેકેટ સ્ટાઈલનો દબદબો

## ડિઝાઈનર પાઘડીઓ, કસ્ટમાઈઝ્ડ છત્રીઓ અને કોડીવાળા ચશ્માનો ટ્રેન્ડઃ ચણિયા ચોળી અને ટેટૂઝ પરંપરા અને આધુનિકતાનું ફ્યુઝન

**અબતક, રાજકોટ**

નવરાત્રિની ગણતરીના દિવસો બાકી છે, અને ગરબા રસિકો આ વર્ષે પણ ગરબાની મજા માણવાની તકો શોધી રહ્યા છે. નવરાત્રિની વાત આવે અને ચણિયાચોળીની ચર્ચા ન થાય એવું બને જ નહીં. આજના સમયમાં યુવતીઓ ખાસ કરીને બોલ્ડ અને ફેશનેબલ ચણિયાચોળી પહેરવાનું પસંદ કરી રહી છે, જે તેમને ગરબાના મેદાનમાં અલગ અને આકર્ષક દેખાવ આપે છે. આ નવીનતા માત્ર રંગો અને ડિઝાઈનમાં જ નહીં, પણ સ્ટાઈલ અને કમ્ફર્ટમાં પણ જોવા મળે છે.



આ વર્ષે નવરાત્રિના ટ્રેન્ડમાં હોલ્ટર નેક ચણિયાચોળી સૌથી વધુ ડિમાન્ડમાં છે. આ સ્ટાઈલમાં વિવિધ પ્રકારના વર્ક અને કલર કોમ્બિનેશન ઉપલબ્ધ છે. ખાસ કરીને, મિરર વર્ક, આભલા અને ભરતકામ અત્યારે ખૂબ જ ટ્રેન્ડમાં છે, જે આ ચોળીને ટ્રેડિશનલ અને મોડર્ન લુકનું અનોખું મિશ્રણ આપે છે. આ ઉપરાંત, સ્લીવલેસ ચોળી અને પરંપરાગત ચણિયાનું કોમ્બિનેશન પણ યુવતીઓને ગ્લેમરસ લુક આપે છે. આ પ્રકારના ટોપ સાથે ટેટૂઝ પણ સુંદર લાગે છે.

ઘણીવાર ગરબા રમતી વખતે દુપટ્ટો અવરોધરૂપ બનતો હોય છે. આ સમસ્યાથી બચવા માટે, યોગ્ય ડિઝાઈનવાળી ચણિયાચોળી પસંદ કરવી જોઈએ જે દુપટ્ટા વગર પણ આકર્ષક લાગે. આવી ચોળી પહેરવામાં પણ આરામદાયક હોય છે, જેથી ગરબાના સ્ટેપ્સ સરળતાથી કરી શકાય. આ પ્રકારની ડિઝાઈન યુવતીઓને આત્મવિશ્વાસ સાથે નવરાત્રિની ઉજવણી કરવાની તક આપે છે. દુપટ્ટા વગરની સ્ટાઈલ યુવતીઓને વધુ આધુનિક અને ફેશનેબલ લુક આપે છે.



આજે ચણિયાચોળી સાથે સ્ટાઈલિશ જેકેટનું કોમ્બિનેશન પણ ખૂબ જ ટ્રેન્ડમાં છે. આવા જેકેટ્સ ખાસ કરીને દુપટ્ટા વગરની ચણિયાચોળી પર વધુ સુંદર લાગે છે. આ જેકેટ્સની સૌથી મોટી ખાસિયત એ છે કે તેને કોઈપણ આઉટફિટ સાથે મિક્સ અને મેચ કરી શકાય છે. પાતળો બાંધો ધરાવતી યુવતીઓ પર આ જેકેટ્સ ખૂબ જ શોભે છે. આ કોમ્બિનેશન પરંપરાગત પોશાકમાં એક નવો ફેશનેબલ સ્પર્શ ઉમેરે છે.



તસવીરઃ હર્ષ ઝીંઝુવાડીયા

### ગર્લ્સ માટે અજરક પ્રિન્ટ અને અન્ય અનેક ડિઝાઈનર ચોલીઓ ઉપલબ્ધઃ ભાવિન કક્કડ



નવરંગ ચણીયાચોલી શોપના ભાવિન કક્કડે અબતક સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે છેલ્લા ૨૧ વર્ષથી આ શોપ રાજકોટના ચોકમાં કાર્યરત છે અને નવરાત્રિ માટે ખાસ ડિઝાઈનર કલેક્શન તૈયાર કરવામાં આવ્યું છે. ગર્લ્સ માટે અજરક પ્રિન્ટ અને અન્ય અનેક ડિઝાઈનર ચોલીઓ ઉપલબ્ધ છે જેમાં ખાસ કરીને એંકર અને સિંગર માટે ૧૦૦ કરતાં પણ વધુ પીસનું વિશાળ કલેક્શન છે. ખેલૈયાઓ માટે પણ વેલ-ડ્રેસ, અજરકમાં લાંબી ચોલી, કમ્પ્યુટર પ્રિન્ટવાળા અને ટ્રેડિશનલ ચોલીનું કલેક્શન પણ ઉપલબ્ધ છે. આ ઉપરાંત, બોયઝ માટે ચાર કે પાંચ પીસ નહીં, પરંતુ સાત પીસના કેડિયા, અવનવી ડિઝાઈનર પાઘડીઓ અને નવરાત્રિ માટે ખાસ સજાવેલી છત્રીઓ પણ મળી રહેશે.

### વજનદાર ચોલીને બદલે હળવી અને સ્ટાઈલિશ ચોલીની બોલબાલાઃ જાનવીબેન



અબતક સાથેની વાતચીતમાં પનાસ કસ્ટમાઈઝ સ્ટુડિયોના જાનવીબેને જણાવ્યું હતું કે, અબતક સાથેની વાતચીતમાં, 'પનાસ કસ્ટમાઈઝ સ્ટુડિયો'ના જાનવીબેને નવરાત્રિના ટ્રેન્ડ વિશે માહિતી આપી. તેમણે જણાવ્યું કે આ વર્ષે સફેદ (વ્હાઈટ) રંગની ચણિયાચોળીની ખૂબ જ માંગ છે. લોકો હવે ભારે ભરતકામવાળી કે વજનદાર ચોલીને બદલે હળવી (લાઈટવેઈટ) અને પહેરવામાં સરળ હોય તેવી ચોલી વધુ પસંદ કરી રહ્યા છે. આ જ કારણોસર લાઈટ વેઈટ ચણિયાચોળીનું વેચાણ પણ વધ્યું છે. આ ઉપરાંત તેમણે ખાસ કરીને યુવતીઓ માટે તૈયાર કરવામાં આવેલા સ્પેશિયલ કલેક્શન વિશે પણ વાત કરી જે આજના ફેશન ટ્રેન્ડને અનુરૂપ છે અને તેમને અનન્ય દેખાવ પ્રદાન કરે છે.

### ચશ્માની ડિઝાઈનમાં કોડી, ડાયમંડ જેવી અનોખી ડિઝાઈનો ઉપલબ્ધઃ મોનિકભાઈ ઘોઘારી



અરુણા સિલેક્શનના મોનિકભાઈ ઘોઘારીએ અબતક સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, તેમની દુકાન છેલ્લા ૩૦ વર્ષથી ગ્રાહકોને અવનવી ચણિયાચોળી, સ્કૂલ ફંક્શન માટેના ડ્રેસિસ અને અન્ય વસ્ત્રો ભાડે આપી રહી છે. આ ઉપરાંત, ૧૪ મીટરથી લઈને ૩૦-૪૦ મીટરના ઘેરવાળા ચણિયા પણ ઉપલબ્ધ છે જે આ વર્ષની મુખ્ય નવી વેરાયટી છે. પરંપરાગત ચણિયાચોળીની સાથેસાથે આ વખતે કોટીવાળા ચોલીને ખાસ મહત્વ આપવામાં આવ્યું છે. ગ્રાહકો માટે એક્સ્ટ્રા એસેસરીઝ પણ રાખવામાં આવી છે જેમાં લેડીઝ, જેન્ટ્સ અને બાળકો માટે અલગ-અલગ પ્રકારની પાઘડીઓ, તેમજ ચશ્માની ડિઝાઈનમાં કોડી અને ડાયમંડ જેવી અનોખી ડિઝાઈનો પણ ઉપલબ્ધ છે.

### મોર્ડન, વેસ્ટર્ન અને વિન્ટેજ સ્ટાઈલનું ફ્યુઝન અનોખાં ઓર્નામેન્ટ્સનો ટ્રેન્ડઃ આરતી લતા



ગ્લેમ ગર્લ શોપના આરતીબેન લતાએ 'અબતક' સાથેની વાતચીતમાં જણાવ્યું કે તેઓ છેલ્લા ૭-૮ વર્ષથી નવરાત્રિ માટે ખાસ કલેક્શન તૈયાર કરી રહ્યા છે. ગુજરાતીઓમાં નવરાત્રિનો અનેરો ઉત્સાહ હોય છે જેને ધ્યાનમાં રાખીને આ વર્ષે તેમણે મોર્ડન, વેસ્ટર્ન અને વિન્ટેજ સ્ટાઈલનું મિશ્રણ કરીને અનોખાં ઓર્નામેન્ટ્સ બનાવ્યા છે. અમારી શોપમાં જેકેટ ટાઈપના બ્લાઉઝની નવી વેરાયટી લાવવામાં આવી છે. આ બ્લાઉઝ એવા લોકો માટે શ્રેષ્ઠ વિકલ્પ છે જેમને ભારે દુપટ્ટા પહેરવા પસંદ નથી. કલર ટ્રેન્ડ વિશે વાત કરતાં તેમણે કહ્યું કે આ વર્ષે સફેદ (વ્હાઈટ) કલરની ચણિયાચોળીની ખૂબ જ માંગ છે. આ ઉપરાંત કપલ્સ માટે પણ વિવિધ ચણિયાચોળી ઉપલબ્ધ છે. તેમણે ઉમેર્યું કે સ્ત્રીઓમાં ફૂલ ઘેરવાળા ઘાઘરાનો ટ્રેન્ડ પણ આ વર્ષે ખૂબ જોવા મળી રહ્યો છે.

# ઓર્નામેન્ટ્સ શણગારને આપી રહ્યા છે અનોખું પરંપરાગત આકર્ષણ









## નવરાત્રિના રંગોમાં ખેલૈયાઓ માટે મેચિંગ દોરાના હાર, કડા અને ટોપ્સ બની રહ્યા પ્રથમ પસંદગી

નવરાત્રી-૨૦૨૫ નજીક આવતાં ખેલૈયાઓમાં ફેશન અને શણગાર અંગે ઉત્સાહ જોરશોરથી જોવા મળી રહ્યો છે. કપડાં સાથે મેળ ખાતાં ઓર્નામેન્ટ્સ આ વર્ષે ખાસ ટ્રેન્ડ બની રહ્યા છે. ખાસ કરીને મેચિંગ દોરાથી બનતા ઓર્નામેન્ટ્સ અને બાંધણી અને ગામડી વર્કના શણગાર ખેલૈયાઓ માટે ખાસ આકર્ષણનું કેન્દ્ર બની રહ્યા છે.



થીમ ઓફ ધ ડે મુજબ રંગોની મેળવણી ખેલૈયાઓ માટે સૌથી મોટું આકર્ષણ છે. એ જ કારણે હવે દોરાથી બનાવાયેલા હસ્તકલા ઓર્નામેન્ટ્સમાંજેમ કે કાનના ટોપ્સ, હાથના કડા, ગળાના હાર અને કમરના પટ્ટા - ભારે લોકપ્રિય થયા છે. ઓરેંજ, રેડ, બ્લુ, ગ્રીન અને યેલો દોરાના આભૂષણો કપડાં સાથે એકદમ મેળ ખાતા હોવાથી ખેલૈયાઓમાં તેમની ભારે માંગ છે. ઝાલર, મિરર વર્ક અને નાના ઘૂઘરાં જોડાતા આ ઓર્નામેન્ટ્સ ખેલૈયાઓના લુકને વધુ આકર્ષક બનાવે છે.

આ વર્ષે પરંપરાગત બાંધણી અને ગામડી વર્ક વડે તૈયાર થનારા ઓર્નામેન્ટ્સ પણ ખાસ લોકપ્રિય બન્યા છે. બાંધણી પ્રિન્ટ અને ગામઠી કઢાઈવાળા પેન્ડન્ટ, કાનના ઝુમખા, હસ્તકલા કડા અને કમરના પટ્ટા યુવતીઓની પસંદગીમાં છે. ખાસ કરીને ગામડી વર્કવાળા ગળાના હાર અને નાથણીયા ખેલૈયાઓના લુકને રાજસ્થાની-કચ્છી ટચ આપે છે. આ ઓર્નામેન્ટ્સ સસ્તા, હળવા અને ફેશન સાથે પરંપરાને જાળવનારા હોવાથી ખેલૈયાઓ જુદા-જુદા દિવસો માટે જુદા સેટ પસંદ કરી રહ્યા છે.

### બાંધણી અને ગામઠી વર્કવાળા ઓર્નામેન્ટ્સ સાથે હળવા વજન અને આકર્ષક ડિઝાઈનના કારણે દોરાના ઓર્નામેન્ટ્સનો યુવા ખેલૈયાઓમાં વધી રહ્યો ક્રેઝ

નવરાત્રીના મેદાનોમાં આ પ્રકારના શણગાર ખેલૈયાઓની ખાસ ઓળખ બની જશે.

આ રીતે નવરાત્રી ૨૦૨૫માં ખેલૈયાઓ માટે કપડાં જેટલાં જ મહત્વપૂર્ણ હવે દોરાના ઓર્નામેન્ટ્સ અને બાંધણી અને ગામડી વર્કના શણગાર સાબિત થઈ રહ્યા છે.

## રંગબેરંગી કલર ડેકોરેશન અને પરંપરાગત હસ્તકલાથી ગરબાની અનોખી આભા



નવલા નોરતાને હવે ગણતરીના દિવસો જ બાકી છે ત્યારે સમગ્ર શહેરમાં તહેવારી માહોલ છવાઈ ગયો છે. માતાજીના ઘટસ્થાપન માટેના ગરબાની શણગાર અને તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે. કારીગરો અવનવી ડિઝાઈન, રંગીન પેઈન્ટિંગ, મિરર વર્ક અને પરંપરાગત ગામઠી કળાનો સહારો લઈને માતાજીના ગરબાને અદભુત રૂપ આપી રહ્યા છે. ખાસ કરીને માતાજીના ગરબા પર થતી સુંદર કળાકારી લોકોને આકર્ષિત કરી રહી છે. તહેવાર નજીક આવતા નગરના બજારોમાં પણ ગરબા, શણગાર સામગ્રી અને પરંપરાગત ઓર્નામેન્ટ્સની ખરીદીમાં વધારો જોવા મળી રહ્યો છે.



તસવીરઃ શૈલેષ વાડોલીયા

# ક્રાઈસ્ટ કોલેજના વાર્ષિકોત્સવમાં કોલેજીયનોની સાંસ્કૃતિક કૃતિઓ પર સૌ કોઈ આફરીન

## ક્રાઈસ્ટ ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ કરિજિલન્જ ચેપ્ટરમાં ૧૫ સ્પર્ધાઓમાં ૫૦૦ વિદ્યાર્થીઓએ બતાવ્યું કલા-કૌવત

**અબતક, રાજકોટ**

રાજકોટમાં વિદ્યાર્થીઓની મુલ્ય નિષ્ઠ શિક્ષણ અને સર્વાંગી વિકાસ માટે જાણીતી ક્રાઈસ્ટ કોલેજમાં ઈન્સ્ટિટયુટ મેનેજમેટના કરિજિલન્જ ચેપ્ટર વાર્ષિક ઉત્સવની સામ્યનીક સ્પર્ધામાં વિદ્યાર્થીઓના કૌવત પર સૌ આફરીન થઈ ગયા હતા.





૧૬/૦૯/૨૦૨૫ ના રોજ ક્રાઈસ્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ રાજકોટ ખાતે કરિજિલન્જ ચેપ્ટર ૭ નું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમ ના મુખ્ય અતિથિ તરીકે સૌરાષ્ટ્ર યુનીવર્સિટીના કુલપતિ પ્રોફેસર ડો. ઉત્પલ જોશી અને વિશેષ અતિથિ તરીકે ડો. હરીશ રાબાએ હાજરી આપી હતી. આ ઉપરાંત ક્રાઈસ્ટ કોલેજ કેમ્પસના ડાઈરેક્ટર ફાધર ડો. જોમોન થોમન્ના પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનું અભિવાદન કર્યું હતું. આ કાર્યક્રમ ના ઉપક્રમે ફાધર ડો. જોમોન થોમન્ના ને ૪ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ રાષ્ટ્રીય સંસ્થા ડો.એસ. રાધાકૃષ્ણન ટીચર્સ એસોસિયશન દ્વારા એનાયત થયેલ બહુ પ્રતિષ્ઠિત પુરસ્કાર ભારત શિક્ષણ રત્ન ને સૌરાષ્ટ્ર યુનીવર્સિટી ના કુલપતિ પ્રોફેસર ડો. ઉત્પલ જોશી ના વરદ હસ્તે એનાયત કરવામાં આવ્યો. આ કાર્યક્રમને સફળ બનાવવા

(અનુ. આઠમા પાને)

### ક્રાઈસ્ટ કોલેજ ના વાર્ષિક ઉત્સવમાં આ વખતે ૨૮ કોલેજો સામેલ થઈ છેઃ ડિરેક્ટર ડો. જોમોન થોમનના



ક્રાઈસ્ટ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ દ્વારા યોજાયેલા વાર્ષિક ઉત્સવ અંગે કેમ્પસ ડિરેક્ટર ,ડો, જેમોન થોમન્ન એ જણાવ્યું હતુ કે આ કાર્યક્રમ અદભુત હતું આ વખતે ક્રાઈસ્ટ એટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ ના આ કાર્યક્રમમાં ૨૯જેટલી કોલેજોના વિદ્યાર્થીઓ જોડાયા હતા અને તેમણે અદભુત પ્રદર્શન કર્યું હતું

### ક્રાઈસ્ટ કોલેજના વાર્ષિકોત્સવની આ સાતમી ઈવેન્ટ અદભુતઃ પ્રિન્સિપાલ ડો. કે. જે. થનકયન



ક્રાઈસ્ટ કોલેજના વાર્ષિકોત્સવ અંગે હમક સાથેની વાતચીતમાં પ્રિન્સિપાલ ડોક્ટર કે જે થલ કથા ને જણાવ્યું હતું કે આ વખતે અલગ અલગ સ્પર્ધાઓમાં તમામ પ્રકાર ના ઈવેન્ટ નો સમાવેશ કર્યો છે અને સંસ્થાની આ સાતમી ઈવેન્ટ ખરેખર યાદગાર બની રહી છે.

### ક્રાઈસ્ટ કોલેજ ના વાર્ષિક ઉત્સવમાં એક એક થી ચડિયાતી ઈવેન્ટ અમારૂ ગૌરવ બનીઃ ડો. ઉત્પલ જોશી



ક્રાઈસ્ટ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ દ્વારા આયોજિત કાર્યક્રમ અંગે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ઉત્પલ જોશી એ જણાવ્યું હતું કે આ કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે પ્રેરણાદાયી અને શૈક્ષણિક વિકાસને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યો છે આ કાર્યક્રમમાં એક એક કરી હતી ઈવેન્ટ શિક્ષણ જગત માટે ગૌરવ બની છે.

### વિદ્યાર્થીઓને પરફોર્મન્સની પૂરી તક આપવામાં આવી છેઃ પ્રો. ખુશ્બુ ઠક્કર



રાજકોટની ક્રાઈસ્ટ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ દ્વારા દર વર્ષની જેમ આ વખતે પણ વાર્ષિકોત્સવ માં ૨૮ કોલેજોના ૫૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ ઈવેન્ટમાં કોર્પોરેટ ચાણક્ય મુખ્ય આકર્ષણ બન્યું હતુ તેમાં ચાર રાઉન્ડમાં વિજેતા બનનારને કોર્પોરેટ ચાણક્યનો ખિતાબ આપવાનું આયોજન કરવામાં આવ્યું હતું. અબતક સાથેની વાતચીતમાં પ્રો. ખુશ્બુ ઠક્કરે જણાવ્યું હતું કે આ વખતના વાર્ષિકોત્સવમાં વિદ્યાર્થીઓને તેમનું કૌશલ્ય પ્રદર્શિત કરવાની પૂરેપૂરી તક આપવામાં આવી હતી અને આ કાર્યક્રમ સંસ્થાની સાથે સાથે વિદ્યાર્થીઓનો બની રહ્યો હતો

# જીએસટી અને ભારતીય અર્થતંત્ર વિષયે કોલેજીયનોને અપાયું પ્રબુધ્ધ માર્ગદર્શન

## ધર્મેન્દ્રસિંહજી આર્ટસ કોલેજમાં ડ્રીમ એચીવર કલબનું અનોખું આયોજન





**અબતક, રાજકોટ**

ભારતના અર્થતંત્ર ને પાંચ ટ્રીલીયન અમેરિકન ડોલરનું કદ આપવાના રોડ મેપમાં જીએસટી જેવી કર પ્રણાલીની સાચી સમજણ અનિવાર્ય છે. ડ્રીમ એચિવર કલબ દ્વારા ધર્મેન્દ્રસિંહજી કોલેજમાં કોલેજીયનો માટે ખાસ જીએસટી અને ભારતીય અર્થ તંત્ર વિષયે વિશેષ ચર્ચા પરિસંવાદ નુ આયોજન કરવામાં આવ્યું હતું

ધર્મેન્દ્રસિંહજી આર્ટસ કોલેજના વિદ્યાર્થીઓ માટે ઈતિહાસ અને રાજ્યશાસ્ત્ર વિભાગ દ્વારા ડ્રીમ એચીવટ કલબ અંતર્ગત તારીખ ૧૩/ ૯/૨૦૨૫નાં રોજ જીએસટી અને ઈન્ડિયન અર્થ તંત્ર વિષય પર ચર્ચા ગોઠવવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉપયોગી એવા જીએચડી જેવા મહત્વના વિષય પર આધારિત ચર્ચામાં અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડો. હર્ષિદાબેન જગોદડિયા, ડો.રણછોડ ગાગલ, ડો. ભરત સોલંકી તથા કોલેજના આચાર્ય ડો.પરેશ રાવલ સાહેબની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓએ ખૂબ મહત્વના મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. અર્થશાસ્ત્ર વિભાગના તમામ અધ્યાપકોએ પણ પોતાના વિચારો રજૂ કરી વિદ્યાર્થીઓન

(અનુ. આઠમા પાને)

# આફ્રિકામાં પ્રથમ હિન્દુ સ્કુલની સ્થાપના જ્ઞાન, સંસ્કાર અને સંસ્કૃત્તિનો સમન્વયઃ વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમારજી

## વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમારજીની અધ્યક્ષતામાં નૈરોબીમાં ભવ્ય સત્સંગ અને વીવાયઓ નૈરોબીનું ઐતિહાસિક ઉદ્ઘાટન



**અબતક, રાજકોટ**

નૈરોબી (કેન્યા) - વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમારજી મહોદયની અધ્યક્ષતામાં નૈરોબી શહેરમાં ભવ્ય સત્સંગ તથા વીવાયઓ નૈરોબીનું ઐતિહાસિક ઉદ્ઘાટન યોજાયું હતું.

ખાસ વાતએ રહી કે, ભારત-પાકિસ્તાન ક્રિકેટ મેચ સાથે સમય અથડાતાં છતાં અસંખ્ય વૈષ્ણવો સત્સંગમાં ઉપસ્થિત રહ્યા હતા.

(અનુ. આઠમા પાને)


# આર્ટ ગેલેરી ખાતે વિવિધ યુનિવર્સિટીના નિવૃત્ત પ્રાધ્યાપકોનો સન્માન સમારોહ યોજાશે

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક ધિરાણ મંડળી દ્વારા આયોજનમાં સાંસદ મોકરીયા ઉપસ્થિત રહેશે

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળી દ્વારા તાજેતરમાં નિવૃત થયેલા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના એમ. બી. એ. ભવનના પૂર્વ અધ્યક્ષ અને ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલપતિ પ્રોફે. પ્રતાપસિંહ ચૌહાણ તથા શિક્ષણ શાસ્ત્ર ભવનના પૂર્વ અધ્યક્ષ અને મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનર્વિસટીના કુલપતિ પ્રોફે.ભરતભાઈ રામાનુજ, આંકડા શાસ્ત્ર ભવનના પૂર્વ અધ્યક્ષ અને પૂર્વ કુલપતિ પ્રોફે. ગિરીશ







ભીમાણી, માલવીયા મીશન ટીચર ટ્રેનિંગ સેન્ટરના પૂર્વ ડાયરેક્ટર પ્રોફે. કલાધર આર્ય, રસાયણશાસ્ત્ર ભવનના પૂર્વ અધ્યક્ષ પ્રોફે. હિતેન્દ્ર જોષી, સંસ્કૃત ભવનના પૂર્વ અધ્યક્ષ પ્રોફે. મનસુખ મોલિયા, લાયબ્રેરી સાયન્સ વિભાગના પૂર્વ અધ્યક્ષ ડો.કોકિલાબેન ટાંક તથા ગુજરાતી ભવનના પૂર્વ અધયક્ષ પ્રો. મનોજ એચ. જોષીનો ગરિમાપૂર્ણ અભિવાદન સમારોહ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ઉત્પલ જોશીના અધ્યક્ષસ્થાને તા.૨૬/૦૯/૨૦૨૬ને શુક્રવારનાં રોજ સાંજે ચાર કલાકે આર્ટ ગેલેરીના સેમીનાર હોલમાં યોજાશે. આ પ્રસંગે મુખ્ય મહેમાન પદે લોકપ્રિય સાંસદ રામભાઈ મોકરીયા ઉપસ્થિત રહેશે તેમજ અતિથિ વિશેષ તરીકે સહકાર ભારતી રાજકોટ મહાનગરના અધ્યક્ષ અને માધવ ક્રેડિટ કો-ઓપરેટીવ સોસાયટી લી.ના મેનેર્જિંગ ડિરેક્ટર ડો.નવલ ડી. શીલુ ઉપસ્થિત રહેશે.

શુક્રવાર તા.૨૬/૦૯/૨૦૨૬ના રોજ યોજાનાર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળીની સાડત્રીસમી વાર્ષિક

(અનુ. આઠમા પાને)

# નિધિ સ્કુલના વિદ્યાર્થીઓને ગ્રામ પંચાયતથી લઈ સંસદ સુધીની ચુંટણી પ્રક્રિયા અંગે માહીતગાર કરાયા

## નિધિ સ્કુલમાં આંતર રાષ્ટ્રીય લોકશાહી દિવસની ઉજવણી અન્વયે હેડ બોયની ચૂંટણીમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર કર્યુ મતદાન




**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં આવેલ નિધિ સ્કૂલ દ્વારા ‘‘આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસ‘‘ ની ઉજવણી વિદ્યાર્થી ભાઈઓ દ્વારા ચૂંટણી પ્રક્રિયાની સમજ દ્વારા, મતદાન આપણો હક છે તેની સમજ દ્વારા, સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પ્રત્યક્ષ નિદર્શન દ્વારા કરવામાં આવેલ હતી. લોકશાહી એટલે કે લોકો માટે, લોકો દ્વારા, લોકોથી ચાલતું શાસન, ભારત એક લોકશાહી દેશ છે, નિધિ સ્કૂલ દ્વારા ધોરણ પાંચ થી આઠ ના વિદ્યાર્થીઓએ સમગ્ર ચૂંટણીની માહિતી મેળવેલ હતી તેમજ ગ્રામ પંચાયતથી લઈ સંસદ સુધીની ચૂંટણી પ્રક્રિયા વિશે માહિતગાર

(અનુ. આઠમા પાને)

# ગ્રેસ કોલેજના ભાવિ વકિલોએ ગઢકામાં ગ્રામજનોને કાયદા-અધિકાર અંગે આપી ‘સમજણ’

## કાનુની સેવા સહાય શિબિર સરાહના ગ્રામજનો દ્વારા કરાય

**અબતક, રાજકોટ**

કાયદા અંગેની સમજણ દરેક વ્યકિત માટે જીવનમાં પ્રકાશ જેવું કામ કરે છે, ગ્રામ્ય લોકોને કાયદાની સાચી સમજણ અને બંધારણીય અધિકારો થી વાકેફ કરવા માટે ગ્રેસ કોલોજના ભાવિ વકીલ એલએલબીના વિદ્યાર્થીઓએ મફત કાનુની સેવા સહાય શિબિર યોજાય હતી.




ગ્રેસ કોલેજના એલએલબીના વિદ્યાર્થીઓ દ્વારા તા. ૧૩ ના રોજ ગઢકા ગામ ખાતે કાનુની સેવા સહાય નું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રેસ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા ગઢકા ગામમાં પ્રાથમિક શાળામાં અને

(અનુ. આઠમા પાને)

# સાંસદ રામભાઈ મોકરીયા સહિત સંસદીય સમિતિનું પ્રતિનિધિ મંડળ તિરૂપતિ બાલાજી મંદિરના દર્શનાર્થે

## ચેરમેન ડો. લક્ષ્મીકાંત બાજપાઈ, મહુઆ માજી, નારાયણ કોરેગપ્પા સહિતના સભ્યોએ પીએમ મોદીના દીર્ઘાયુષ્ય માટે કરી પ્રાર્થના

**અબતક, રાજકોટ**

ભારતની સંસદીય સમિતિનું પ્રતિનિધિમંડળ તાજેતરમાં આંધ્ર પ્રદેશના તિરૂપતિની મુલાકાતે ગયું હતું. આ સમિતિમાં રાજ્યસભાના સભ્ય રામભાઈ મોકરીયા, સમિતિના ચેરમેન ડો. લક્ષ્મીકાંત બાજપાઈ, મહુઆ માજી, નારાયણ કોરેગપ્પા અને રાજ્યસભાના સભ્ય તેમજ ઈન્ફોસિસના ડાયરેક્ટર સુધા મૂર્તિ જેવા મહાનુભાવોનો સમાવેશ થતો હતો. આ મુલાકાત દરમિયાન, તેમણે તિરૂપતિ સ્થિત પ્રસિદ્ધ તિરૂપતિ બાલાજી મંદિરમાં ભગવાન વેંકટેશ્વર શ્રીનિવાસના દર્શન કરીને



(અનુ. આઠમા પાને)

# પોપટપરાના મિહિર કુગશિયાએ ફરી નકલી પોલીસ બની તોડ કર્યો

## ડી-સ્ટાફના પોલીસકર્મી તરીકેની ઓળખ આપી મોરબીના યુવાન પાસેથી રૂ.૧૨ હજાર પડાવ્યા


### બસપોર્ટ નજીક જમતા યુવાનને બેલડી વાહનમાં બેસાડી ગલીમાં લઈ જઈ ફડાકા ઝીંકી પૈસા પડાવી લીધા

**અબતક, રાજકોટ**

શહેરના પોપટપરા વિસ્તારનો મિહિર કુંગશીયા ફરી નકલી પોલીસ બનીને મોરબીના યુવાન પાસેથી રૂ.૧૨ હજાર પડાવી લેતાં ફરીયાદ નોંધાઈ હતી. યુવાન બસપોર્ટ નજીક લારી પર જમવા બેઠો ત્યારે ઘસી આવેલ બે શખ્સોએ અમે પોલીસ સ્ટેશન ડી-સ્ટાફમાંથી આવીએ છીએ, તુ અમારી સાથે બેસી જા કહીં ગલીમાં લઈ જઈ ફડાકા મારી રૂ.૧૨ હજાર પડાવી લઈ ધમકી આપી નાસી છૂટ્યા હતાં. બનાવ અંગે એ.ડિવિઝન પોલીસે ગુનો નોંધી મિહિર કુંગશીયાને દબોચી આકરી સરભરા કરી હતી જયારે સંદીપ નામના શખ્સની શોધખોળ શરૂ કરી હતી.

બનાવ અંગે મોરબીમાં શનાળા રોડ પર ભકિતનગર સોસાયટી શેરી નં.૦૩ માં રહેતાં દક્ષીતભાઈ દિનેશભાઈ ઘીયા (ઉ.વ.૩૫) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે મિહિર ભનુ કુંગશીયા (રહે. પોપટપરા શેરી નં.૫, રામજી મંદિર પાસે) નું નામ આપતાં એ.ડિવિઝન પોલીસે બીએનએસ એકટ ૧૧૫(૨), ૩૦૮(૨), ૨૦૪ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ મોરબીમાં આવેલ પી. લાઈટ કંપનીમાં માર્કેટીંગની નોકરી કરે છે.ગઈ તા.૦૮ ના રાજકોટના લીમડા ચોક સરોવર પોર્ટિકો હોટલમાં કંપની મિટીંગ હોય જેથી તેઓ સવારમાં નવેક વાગ્યે રાજકોટ આવેલ અને લીમડા ચોક પાસે સરોવર પોર્ટીકો હોટલમાં કંપનીની મીટીંગમાં ગયેલ અને સાંજના સાડા સાતેક વાગ્યે મીટીંગ પુરી થયે મોરબી જવા માટે રાજકોટ બસ સ્ટેન્ડ ખાતે ગયેલ હતાં. મોરબી જવા માટેની બસ રાત્રે નવ વાગ્યે હોય જેથી બસ સ્ટેન્ડથી બહાર નીકળી આરએમસી ચોક ખાતે બાલાજી લારીએ જમવા માટે ગયેલ અને લારીએ ટેબલ પર બેસી જમવા માટે ઓડર આપેલ ત્યારે એક નંબર પ્લેટ વગરનુ એકસેસ લઈને બે શખ્સો ઘસી આવેલ અને કહેલ કે, અમે પોલીસ સ્ટેશન ડી-સ્ટાફમાંથી આવીએ છીએ, તુ અમારી સાથે બેસી જા, જેથી તે બન્ને શખ્સોને પુછેલ કે, શેના માટે. તો તેમાથી એક શખ્સે કહેલ કે, પોલીસ સ્ટેશન ચાલ પછી તને કઉં તેમ કહી બન્ને શખ્સોએ તેમને પકડીને એકસેસમા વચ્ચે બેસાડી દિધેલ અને ચાલુ સ્કુટરે યુવાનના ઉપરના ખિસ્સામાં રહેલ બન્ને ફોન તથા પેંટના ખિસ્સામાં રહેલ પાકીટ કાઢી લીધેલ હતું.બાદમાં યુવાનને પેલેસ રોડ આશાપુરા મંદીર સામે ધવલ જવેલર્સ વાળી શેરીમા અંદર લઈ ગયેલ ત્યા જઈ મોબાઈલનો પાસવર્ડ માંગેલ જેથી તેને પાસવર્ડ દેવાની ના પાડતા એક



ફડાકો મારી મારેલ હતો. જેથી તે ગભરાઈ ગયેલ અને તેમને મોબાઈલનો પાસવર્ડ આપેલ હતો. ત્યારબાદ આરોપીઓએ મોબાઈલમા બેંકની એપમાં બેલેન્સ ચેક કરેલ અને ખાતામાં રૂ.૨૫૭૧ હતા જેથી તે બન્ને શખ્સોએ યુવાન પાસે

### એ.ડિવિઝન પોલીસે ગુનો નોંધી મિહિર કુગશીયાને દબોચી આકરી સરભરા કરી : સંદીપની શોધખોળ

પચાસ હજારની માંગણી કરેલ જેથી તેને કહેલ કે, મારી પાસે આટલા રૂપીયાની સગવડ થાય તેમ નથી.

જેથી આરોપીએ કહેલ કે, તો દસ હજાર બિજા પાસેથી મંગાવી લેવાનું કહેતાં યુવાને તેના મિત્ર તેજસ જોષીને ફોન કરી રૂ.૧૦ હજાર ઉછીના બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવેલ હતાં. બાદ તે બન્ને શખ્સો યુવાનને ગલ્લીમાંથી એક એ.ટી.એમ. પર લઈ ગયેલ અને ત્યાં એ.ટી.એમ. કાર્ડથી રૂ.૧૨ હજાર ઉપાડેલ અને તેમને આપી દિધેલ હતાં. ત્યારબાદ બન્ને શખ્સો તેમને એકસેસમા વચ્ચે બેસાડી અને રસ્તામા યુવાનનું પાકીટ તથા બન્ને મોબાઈલ આપી દિધેલ અને બસ સ્ટેન્ડની પાછળ અંધારી ગલીમાં ઉતારી કહેલ કે, હવે આગળ કયારેય અહી દેખાતો નહી અને આ બાભતે કોઈને વાત કરીશ તો મારી મારીને તોડી નાખીશું તેમ કહી બન્ને શખ્સો એકસેસ લઈને નાસી છૂટ્યા હતાં.બનાવ અંગેની ફરિયાદ પરથી એ.ડિવિઝન પોલીસે ગુનો નોંધી પીઆઈ બી.વી.બોરીસાગરની રાહબરીમાં પીએસઆઈ એસ.એન.રાણા અને ટીમે તપાસ હાથ ધરી હતી. તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ ધારાભાઈ વાનરિયા સહિતના સ્ટાફને મળેલ ચોક્કસ બાતમીના આધારે મિહિર ભનુ કુગસિયાને દબોચી લઈ તમામ રૂપિયા ૧૨૦૦૦ રિકવર કરી આકરી સરભરા કરી હતી જયારે સંદીપ બાવાજીની શોધખોળ શરૂ કરી હતી. ઉલ્લેખનીય છે કે, આરોપી મિહિર કુંગશીયાએ અગાઉ એ.ડિવિઝન અને ગોંડલ પોલીસ મથક વિસ્તારમાં આ જ મોડસ ઓપરેન્ડીથી ખોટી પોલીસની ઓળખ આપી લોકો પાસેથી રૂપીયા ખંખેરવાના ગુનામાં સંડોવાયેલો છે.

# સાધુ વાસવાણી રોડ પર રહેતા વેપારી સાથે ૧૧ ડબ્બા સીંગતેલની ઠગાઈ

## ૧૧ ડબ્બા રૈયા રોડ પર ફરસાણની દુકાને ઉતરાવ્યા બાદ ચાર ડબ્બા રૈયા સ્મશાન નજીક આપી પૈસા લઈ જાવ કહી ફોન સ્વીચ ઓફ કરી દીધો

**અબતક, રાજકોટ**

આધુનિક યુગમાં ભેજાબાજો લોકોને છેતરવા અનેક નવા કિમીયા અજમાવતા હોય છે ત્યારે વધુ એક રસપ્રદ બનાવ સામે આવ્યો છે. શહેરના સાધુ વાસવાણી રોડ પર રહેતા વેપારીને સિંગતેલના ડબ્બાનો ઓર્ડર આપી ચીટરે ૧૧ ડબ્બા કોઈ અજાણી વ્યક્તિની ફરસાણની દુકાન પાસે ઉતરાવ્યા હતા. બાદમાં વેપારી બાકીના ચાર ડબ્બા આ શખસને આપવા રૈયા પાસે જતા તે અહીં આવ્યો ન હોય શંકા જતા વેપારી ફરસાણની દુકાને જતા ૧૧ ડબ્બા ગાયબ હતા. જેથી તેમને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું માલુમ પડતા રૂપિયા ૨૯,૭૦૦ ની ઠગાઈ કર્યા અંગે શૈલેષ ભાલોડીયા નામના શખસ વિરૂધ્ધ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

સાધુ વાસવાણી રોડ પર જનકપુરી કોમ્પ્લેક્સ બ્લોક નંબર ૫૨૦૬ માં રહેતા તુષારભાઈ જેંતીલાલ કાંજિયા (ઉ.વ ૪૧) દ્વારા યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે શૈલેષ ભાલોડીયાનું નામ આપ્યું છે. તુષારભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેના મોટા બાપુના પુત્ર સંદીપ કાંજિયાને જામજોધપુર ખાતે ઓઈલ મીલ હોય જેથી તે ત્યાંથી સીંગતેલના ડબ્બા વેપાર માટે રાજકોટ લાવી અલગ અલગ જગ્યાએ વેચાણ કરે છે.

ગઈ તા. ૧૨/૪ ના રોજ તેમના મોટા બાપુના પુત્ર સંદીપભાઈનો ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે, શૈલેષ ભાલોડીયા નામના વ્યક્તિનો મને ફોન આવ્યો હતો અને તેણે જણાવ્યું હતું કે, હું જામજોધપુરનો રહેવાસી છું અને હાલ રાજકોટ ખાતે રહું છું. તેને સિંગતેલના ડબ્બા જોઈતા હોય જેથી મેં તારા મોબાઈલ નંબર શૈલેષભાઈને આપ્યા છે તેનો ફોન આવશે તેવી વાત કરી હતી. બાદમાં ગઈ તા. ૧૪/૪ ના સાંજના છ વાગ્યા આસપાસ વેપારી ઘરે હતા. ત્યારે શૈલેષ ભાલોડીયાનો ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે, હું તમારા ગામનો જ છું અને મારે ૧૫ તેલના ડબ્બા જોઈએ છે. વેપારીને તેમના પર વિશ્વાસ આવતા હા પાડી હતી અને શૈલેષે કહ્યું હતું કે, ૧૧ તેલના ડબ્બા રૈયા રોડ ઉપર આવેલ તુલસી સુપર માર્કેટ પહેલા મારી ફરસાણની દુકાન છે ત્યાં મૂકી દેજો બાકીના ચાર ડબ્બા હું રૈયા સ્મશાનની બાજુમાં રહું છું ત્યાં આવો એટલે હું તમને તેલના ડબ્બાના પૈસા આપી દઈશ તેવી ખાતરી આપી હતી.

આ શખસની વાત પર વિશ્વાસ કરી વેપારી ૧૧ તેલના ડબ્બા તુલસી સુપર માર્કેટ પાસે ફરસાણની દુકાને મૂક્યા હતા અને બાદમાં રૈયા રોડ સ્મશાન પાસે જઈ શૈલેષભાઈને ફોન કરતા તેણે કહ્યું હતું કે, હું થોડીવારમાં આવું ટ્રાફિકમાં છું તેવા બહાના બતાવવા લાગ્યા હતા. જેથી વેપારીને શંકા જતા તુરંત જ ફરસાણની દુકાને જતા ત્યાં મુકેલા તેલના ડબ્બા જોવામાં આવ્યા ન હતા. ફરસાણની દુકાનવાળાને પૂછતા તેણે કહ્યું હતું કે, આ દુકાન મારી છે અને થોડા સમય પહેલા એક ભાઈ મારી પાસે આવ્યા હતા અને તેણે મને એવું કહ્યું હતું કે મારા તેલના ડબ્બા અહીં મૂકવા આવે છે. જેથી થોડાક સમય પૂરતા તેલના ડબ્બા અહીં ઉતારી દેજો તેવી વાત કરી તે ભાઈ ચાલ્યા ગયા હતા. બાદમાં ફરિયાદીએ જે નંબર પરથી ફોન આવ્યો હતો. તેને ફોન કરતા આ શૈલેષનો ફોન સ્વીચ ઓફ આવતો હતો. આમ વેપારી સાથે છેતરપિંડી કરી રૂપિયા ૨૯,૭૦૦ ની કિંમતના ૧૧ સિંગતેલના ડબ્બા લઈ જઈ ઠગાઈ કરી હોય જે અંગે તેમણે ફરિયાદ નોંધાવી છે.

# દિલ્હી રાજસ્થાન ટ્રાન્સપોર્ટના ગોડાઉન સહિત ત્રણ સ્થળે પીસીબીના દારૂના દરોડા

## રૂ.૨૮૫૯૦ની કિંમતનો ૧૪૨ બોટલ શરાબ સાથે ત્રણ શખ્સની ધરપકડ ,એક ફરાર

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં ત્રણ સ્થળોએ પીસીબી દ્વારા દરોડા પાડવામાં આવ્યા છે જેમાં દિલ્હી રાજસ્થાન ટ્રાન્સપોર્ટ ના ગોડાઉનમાં મયુરનગર અને કોઠારીયા રોડ આરએમસી સ્વિમિંગ પૂલ પાછળ ગુલાબ નગર માં થી રૂપિયા ૨૮૫૦૦ ની કિંમતના ૧૪૨ બોટલ વિદેશી દારૂ સાથે ત્રણ શખ્સોની ધરપકડ કરી નાશી છૂટેલા એક શખ્સની શોધખોળ હાથ ધરવામાં આવી છે. વધુ વિગત મુજબ રાજકોટ શહેર માં તહેવારો પૂર્વે દારૂબંધીનો કડક અમર કરવા પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝાએ આપેલી સૂચનાને પગલે પીસીબીના ઈન્ચાર્જ પીઆઈ ગોંડલીયા સહિતના સ્ટાફે પેટ્રોલિંગ હાથ ધર્યું હતું ત્યારે પરસાણા નગરમાં આવેલ ક્રિષ્ના એપાર્ટમેન્ટમાં રહેતો જગદીશ રાજેશ નામના શખ્સ સ્વાતી પાર્ક સામે જીત ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં દિલ્હી રાજસ્થાન ટ્રાન્સપોર્ટ ના ગોડાઉનમાં વિદેશી દારૂનો જથ્થો છુપાવ્યો હોવાની હેડ કોન્સ્ટેબલ વિજયભાઈ મેતાને મળેલી બાતમીના આધારે કે આર જાડેજા સહિતના સ્ટાફે દરોડો પાડી રૂપિયા ૪૬ ૮૦૦ ની કિંમત અને ૩૬ બોટલ દારૂ સાથે જગદીશ તનિયા ધરપકડ કરી આ દારૂનો જથ્થો ક્યાંથી આવ્યો અને કોને મંગાવ્યો હતો તે મુદ્દે તપાસ આદરવામાં આવી છે. જ્યારે કોઠારીયા રોડ આરએમસી સ્વિમિંગ પૂલ પાછળ ગુલાબનગર માં રહેતો પિયુષ હરિદાસ લાખાણી નામના શખ્સે પોતાના મકાનમાં વિદેશી દારૂનો જથ્થો છુપાવ્યો હોવાની કોન્સ્ટેબલ વાલજીભાઈ જાડા ને મળેલી બાતમીના આધારે સ્ટાફે કિરતસિંહ ઝાલા સહિતના સ્ટાફે દરોડો પાડી રૂપિયા ૨૭ ૩૬૦ ની કિંમતની ૯૫ બોટલ દારૂ સાથે પિયુષ લાખાણી અને જૂનાગઢનો વિનોદ પરસોતમ સિંધી સહિત બંને શખ્સની ધરપકડ કરી ધોરણસર ની કાર્યવાહી હાથ ધરી છે આ ઉપરાંત મયુર નગર મેઈન રોડ પર રહેતા મેહુલ શામજી ચૌહાણ નામના શખ્સ પોતાના મકાનમાં વિદેશી દારૂનો વેપલો કરતો હોવાની કોન્સ્ટેબલ યુવરાજસિંહ રાણા ને મળેલી બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી મકાનમાંથી રૂપિયા ૧૫,૪૦૦ ની કિંમતની ૧૧ બોટલ વિદેશી દારૂ સાથે મેહુલ શામજી ચૌહાણની ધરપકડ કરી ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ક્રિસ્ટલ મોલ નજીક યુવક સાથે ઝપાઝપી કરી પૂર્વ પ્રેમિકા સહિતે રોકડ અને મોબાઈલ પડાવી લીધા

## પ્રેમિકાએ મળવા બોલાવ્યો, વાત કરતો હતો ત્યાં વર્તમાન પ્રેમીએ ધસી આવી બેફામ ગાળો ભાંડી લૂંટ ચલાવી : બેલડી વિરુદ્ધ યુનિવર્સિટી પોલીસ મથકમાં ગુનો

**અબતક, રાજકોટ**

રાજકોટની યુવતીએ મોરબીમાં રહેતા તેના પૂર્વ પ્રેમીને ક્રિસ્ટલ મોલ નજીક મળવા બોલાવી વર્તમાન પ્રેમી સાથે મળી યુવક સાથે ઝપાઝપી કરી રૂ. ૧૦ હજારની રોકડ અને મોબાઈલ પડાવી લેતાં યુનિવર્સીટી પોલીસ મથકમાં લૂંટ સહીતની કલમો હેઠળ બેલડી વિરુદ્ધ ગુનો નોંધાયો હતો.

બનાવને પગલે મોરબીમાં શનાળા બાયપાસ પાસે ઈસ્કોન બિલ્ડીંગમાં રહેતા ભરત રામજીભાઈ રાઠોડ (ઉ.વ ૩૧) નામના યુવાને યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે પુષ્કરધામ મેઈન રોડ પર કેવલમ સોસાયટી સામે આરએમસી ક્વાર્ટરમાં રહેતી વર્ષા ભુપેન્દ્રભાઈ નારોલા અને રૈયાધાર વિસ્તારમાં રાણીમાં રૂડીમાં ચોક પાસે રહેતા સુનિલ ચનાભાઈ ચાવડાના નામ આપ્યા છે.

યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે છેલ્લા છ મહિનાથી પવનચક્કીની કંપનીમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરે છે. એકાદ વર્ષ પહેલા પુષ્કરધામ મેઈન રોડ પર લોટસ એવન્યુની સામે આવેલ રાજકોટ સ્પોર્ટ કોમ્પ્લેકસમાં ઈલેકટ્રીકમેનનું કામ સંભાળતો હતો. તે વખતે જુલાઈ ૨૦૨૪ માં અહીં સફાઈ કામ માટે આવતી વર્ષા સાથે મિત્રતા થઈ હતી. બાદમાં બંને વચ્ચે પ્રેમ સંબંધ થયો હતો. આશરે આઠેક માસ પ્રેમ સંબંધ રહ્યો હતો. પાંચેક મહિના પૂર્વે વર્ષા સુનિલ ચાવડા સાથે ભાગી ગયાની જાણ થઈ હતી. યુવાને વર્ષાને મોબાઈલ ગિફ્ટ આપ્યો હોય જેના હપ્તા તે ભરતો હતો. તે ભાગી ગયા બાદ હપ્તા ભરવાનું બંધ કરી દીધું હતું અને મોબાઈલ લોક થઈ ગયો હતો. યુવાન વર્ષા સાથે મોબાઈલ ફોનમાં વાતચીત કરતો હોય જે સુનિલને સારું લાગતું ન હોય ત્યારબાદ વર્ષા અને સુનિલ અવારનવાર યુવાનને ફોન કરી ગાળો આપી હેરાન કરતા અને મોબાઈલ પરત લઈ જવા માટે કહેતા હતા.

દરમિયાન ગઈ તા. ૨૬/૭ ના સાંજના સાતેક વાગ્યા આસપાસ વર્ષાનો ફોન આવ્યો હતો અને યુવાનને કહ્યું હતું કે, તું મોબાઈલ પરત લઈ જા, તું મને રાજકોટ મળવા આવ, આપણે ક્રિસ્ટલ મોલમાં ફિલ્મ જોવા જઈશું. જેથી યુવાન અહીં આવ્યો હતો. પરંતુ ટિકિટ ન મળતા બંને પ્રેમ મંદિરે જવાનું નક્કી કર્યું હતું. ક્રિસ્ટલ મોલની સીડી ઉતરતા હતા. ત્યારે સુનિલ અહીં આવી ગયો હતો અને ઝપાઝપી કરી યુવાનને મોલના ગેટ પાસે લઈ જઈ તેના પાકીટમાંથી રોકડ રૂ. ૧૦,૦૦૦ તથા તેનો મોબાઈલ ફોન બળજબરીથી લઈ લીધા હતા. તેમજ વર્ષાએ પણ તેને ગાળો આપી હતી. બાદમાં આ બંને અહીંથી ભાગી ગયા હતા.

યુવાન પાસે પૈસા ન હોય તે ચાલીને ગોકુલધામમાં રહેતા મામા અશોકભાઈના ઘરે પહોંચ્યો હતો અને ત્યારબાદ તેણે આ બંને સામે ફરિયાદ નોંધાવી છે.

# સાધુ વાસવાણી રોડ પર રહેતા યુવકને કૌટુંબિક શખ્સે બેઠકના ભાગે છરી હુલાવી

## રૂ.૧૫ લાખ હાથ ઉછીના આપવાની ના પાડી દીધાનો ખાર રાખી હુમલો, ખૂનની ધમકી : યુનિવર્સિટી પોલીસ મથકમાં ગુનો

**અબતક, રાજકોટ**

શહેરના સાધુ વાસવાણી રોડ પર રહેતા યુવાનને કૌટુંબિક શખ્સે બેઠકના ભાગે છરી હુલાવી દીધાનો બનાવ સામે આવ્યો છે. અગાઉ યુવાનના પિતા પાસેથી રૂ. ૧૦ હજાર હાથ ઉછીના મેળવી પરત નહિ આપ્યા બાદ મકાન ખરીદવા અર્થે રૂ. ૧૫ લાખ માંગનાર શખ્સને રૂપિયા નહિ આપતાં હુમલો કર્યો હતો અને ખૂનની ધમકી આપી હતી. જે અંગે યુનિવર્સીટી પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

સાધુવાસવાણી રોડ પર જનકપુરીની સામે આરએમસી ક્વાર્ટર નંબર-૧૦૯૫ માં રહેતા ૩૫ વર્ષીય યુવાન મેહુલભાઈ ભોપાભાઈ ચુડાસમાએ યુનિવર્સીટી પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે રખડતું ભટકતું જીવન જીવતા જીલ લલિતભાઈ ચુડાસમાનું નામ આપતાં જણાવ્યું હતું કે, હું હાલ મારા ૭૯ વર્ષીય પિતા ભોપાભાઈ, પત્ની રાધિકા અને પુત્રી સાથે રહું છું. હું ત્રણ વર્ષથી અમીન માર્ગ સ્થિત એચડીએફસી લાઈફ ઈન્શ્યોરન્સ બ્રાન્ચના એડવાઈઝર તરીકે ફરજ બજાવું છું. વધુમાં યુવાને જણાવ્યું હતું કે, ત્રણેક માસ પહેલા ભીમ અગિયારસ પહેલા અમારા કૌટુંબિક ભત્રીજાનો દીકરો જીલ લલીતભાઈ ચુડાસમાએ મારા પિતા પાસે પોતે દેણામાં આવી ગયેલ હોય જે દેણું ચૂકવવા અર્થે રૂ.૧૦ હજાર હાથ ઉછીના લીધા હતા જે નાણાં જીલએ હજુ સુધી પરત આપ્યા નથી. તેમજ મારા પિતા પાસે પોતાને મકાન લેવા અર્થે ૧૫ લાખ રૂપિયાની ગેરકાયદેસર માંગણી કરેલ જે ન દેવા અર્થે મારા પિતાએ કહેતા અવારનવાર મારા ફોનમાં તેમજ ટેક્સ મેસેજ દ્વારા તું મને મળતો નહીં નહિતર તને જાનથી મારી નાખીશ તેમજ મારા દીકરાને ઉપાડી લેવાની અને માર મારવાની ધમકીઓ આપતો હતો.બાદ ગઈકાલે સવારના સાડા સાત વાગ્યે હું મારી દીકરી જેનીમીને મવડી ચોકડી સ્થિત સાંદિપની સ્કૂલ ખાતે મુકી મારા કોટરના સેલરમાં પરત પહોંચી મારા મોટરસાયકલની ઘોડી ચડાવતો હતો. દરમિયાન જીલ ચુડાસમા ધસી આવ્યો હતો અને મારો કાંઠલો પકડી ગાળો દઈ આજે તને મારી નાખવો છે તેમ કહી પોતાના પેન્ટના નેફામાંથી ધારદાર છરી કાઢી મને પેટમાં મારવા જતા હું તુરત જ પડી જતા બેઠકના ભાગે છરીનો એક ઘા મારી દીધેલ હતો. દરમિયાન મારી પત્ની રાધિકા અને બનેવી પ્રકાશભાઈ રામજીભાઈ સોલંકી આવી જતા જીલ ત્યાંથી નાસી ગયેલ હતો. બાદ મને લોહી નીકળતું હોય ૧૦૮ એમ્બયુલન્સ મારફતે સારવાર અર્થે સરકારી હોસ્પિટલ ખાતે દાખલ થયો હતો. વધુમાં યુવકે જણાવ્યું હતું કે, બનાવ સમયે જીલએ મને ધમકી આપેલ કે, હું જામીન ઉપર છૂટીને તને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી ભાગી ગયેલ હતો.

બનાવને પગલે યુવકે હોસ્પિટલના બિછાનેથી ફરિયાદ આપતાં યુનિવર્સીટી પોલીસે જીલ લલિતભાઈ ચુડાસમા વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી હતી.

# વાંકાનેર અને મોરબી વચ્ચે ચાલતી તમામ ડેમુ ટ્રેન કાલે રદ્દ

**અબતક, રાજકોટ**

મોરબીથી વાંકાનેર ચાલતી ડેમુ ટ્રેનો ટેકનિકલ કારણોસર કાલે બુધવારના રોજ ડેમુ ટ્રેન રદ્દ કરવાનો નિર્ણય પશ્ચિમ રેલવે રાજકોટ ડિવિઝન દ્વારા કરવામાં આવેલ છે. જેમાં મોરબીથી વાંકાનેરના ટ્રેન નં.૭૯૪૫૨, ૭૯૪૪૨, ૭૯૪૫૪, ૭૯૪૪૪, ૭૯૪૪૬, ૭૯૪૪૮ અને વાંકાનેરથી મોરબીના ટ્રેન નંબર ૭૯૪૪૧, ૭૯૪૪૩, ૭૯૪૫૩, ૭૯૪૪૫, ૭૯૪૫૧ નંબરવાળી તમામ ડેમુ ટ્રેન બુધવારના રોજ રદ્દ કરવામાં આવી છે. જેથી મુસાફરો પોતાની મુસાફરી ધ્યાન રાખીને કરે તેવું યાદીમાં જણાવ્યું હતું.


**પશ્ચિમ રેલવે**
**રાજકોટ મંડળ**

**રેલનેટ અને ટેલિકોમ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું અપગ્રેડેશન/જોગવાઈ**

ઈ-ટેન્ડર નોટિસ નં.
DRM-RJT-25-26-SnT-E-10
તા.-12-09-2025

કામનું નામઃ રાજકોટ મંડળમાં વિવિધ ઓફિસો અને રેલવે કોલોનીઓમાં રેલનેટ અને ટેલિકોમ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું અપગ્રેડેશન/જોગવાઈ. ટેન્ડર કિંમતઃ રૂ.૮,૫૪,૪૪,૨૨૬.૮૯ (રૂપિયા આઠ કરોડ ચોપ્પન લાખ ચુમાલીસ હજાર બસ્સો છવ્વીસ અને નેવ્યાસી પૈસા માત્ર) અર્નેસ્ટ મની ડિપોઝિટઃ રૂ.૫,૭૭,૨૦૦.૦૦ (રૂપિયા પાંચ લાખ સત્યોતેર હજાર બસ્સો માત્ર) ટેન્ડર ફોર્મ ફીઃ રૂ.૦૦.૦૦ (શૂન્ય) ફકરા-૩, જીસીસી-જુલાઈ-૨૦૨૨ મુજબ ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ અને સમયઃ તારીખ ૧૩-૧૦-૨૦૨૫ના રોજ ૧૫:૩૦ કલાક સુધી. ઓફિસનું સરનામું: વિભાગીય રેલવે મેનેજર (એસએન્ડટી), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. વેબસાઈટ વિગતો: www.ireps.gov.in

RJT-119

અમને લાઈક કરો: facebook.com/WesternRly



**રાજકોટની જીલ્લા કક્ષાની સહકારી સંસ્થાઓની**
# વાર્ષિક સાધારણ સભા

રાજકોટ જીલ્લાની જીલ્લા લેવલની સહકારી સંસ્થાઓનાં ચેરમેનશ્રીઓની સંયુકત યાદીમાં તેઓના સભાસદોને જણાવે છે કે, ૭(સાત) સંસ્થાઓની વાર્ષિક સાધારણ સભા નીચે જણાવ્યા મુજબની તારીખ, સ્થળ અને સમયે મળનાર હોઈ જેની દરેક સભાસદ મંડળીઓ/સભ્યોએ નોંધ લેવી.

**સ્થળ : રેસકોર્ષ ગ્રાઉન્ડ, રાજકોટ**
**તારીખ : ૨૨-૦૯-૨૦૨૫ ને સોમવાર**

**વાર્ષિક સાધારણ સભાનો સમય**

(૧)બપોરના ૧-૦૦ કલાકે શ્રી રાજકોટ જીલ્લા સહકારી બેંકના કર્મ.ની.વિ.શ.સ.મં.લી.
(૨)બપોરના ૧-૩૦ કલાકે શ્રી રાજકોટ જીલ્લા કો-ઓપ. કોટન માર્કે. યુનિયન લી.
(૩)બપોરના ૨-૦૦ કલાકે શ્રી રાજકોટ જીલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રા. લી.
(૪)બપોરના ૨-૩૦ કલાકે શ્રી રાજકોટ ડિસ્ટ્રિકટ કો-ઓપરેટીવ બેંક લી.
(૫)બપોરના ૩-૦૦ કલાકે શ્રી રાજકોટ જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.
(૬)બપોરના ૩-૩૦ કલાકે શ્રી રાજકોટ જીલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.
(૭)બપોરના ૪-૦૦ કલાકે શ્રી રાજકોટ જીલ્લા સહકારી સંઘ

**સભાના સ્થળ ઉપર ભોજન વ્યવસ્થા રાખેલ છે.**

**તા.ક. :** જે તે સંસ્થાના એજન્ડા-અહેવાલ અલગથી મોકલી આપેલ છે. જો કોઈ સભાસદ મંડળીને એજન્ડા મળેલ ન હોય તો જે તે સંસ્થાની મુખ્ય ઓફીસેથી મળી શકશે.

જીલ્લા લેવલની સહકારી સંસ્થાઓ વતી
(વી.એમ.સખીયા)
જનરલ મેનેજર/CEO
શ્રી રાજકોટ ડિસ્ટ્રિકટ કો-ઓપરેટીવ બેંક લી.

SIMPLE



**જામનગર મહાનગરપાલિકા**

**:: ટેન્ડર નિવિદા (રી-ટેન્ડર)::**

જામનગર મહાનગરપાલિકાની ટી.પી.ડી.પી. શાખા દ્વારા **સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની વર્ષ ૨૦૨૫-૨૬ ની આઉટ ગ્રોથ એરીયાની ગ્રાંટ અંતર્ગત** નીચેના કામો માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે, જેની વધુ વિગત માટે જામનગર મહાનગરપાલિકાની વેબસાઈટ https://jmctender.nprocure.com જોવા મળી શકશે. આ ટેન્ડર્સ તા.૧૮/૦૯/૨૦૨૫ થી ઓનલાઈન મુકવામાં આવનાર છે.

| ક્રમ | કામનું નામ | અંદાજીત ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની વર્ષ ૨૦૨૫-૨૬ ની આઉટ ગ્રોથ એરીયાની ગ્રાંટ અંતર્ગત (૧) ટી.પી. સ્કીમ નં. ૧ (જાડા) અને (૨) ટી.પી. સ્કીમ નં. ૦૨ (જાડા) અને (૩) ટી.પી. સ્કીમ નં. ૨૩ માં મેટલ રોડનું કામ (પેકેજ - ૧) (રી-ટેન્ડર) | ૪૦૦.૦૦ |
| ૨ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની વર્ષ ૨૦૨૫-૨૬ ની આઉટ ગ્રોથ એરીયાની ગ્રાંટ અંતર્ગત (૧) ટી.પી. સ્કીમ નં. ૩ / બી અને (૨) ટી.પી. સ્કીમ નં. ૦૫ અને (૩) ટી.પી. સ્કીમ નં. ૨૩ માં મેટલ રોડનું કામ (પેકેજ - ૨) (રી-ટેન્ડર) | ૪૦૦.૦૦ |
| ૩ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની વર્ષ ૨૦૨૫-૨૬ ની આઉટ ગ્રોથ એરીયાની ગ્રાંટ અંતર્ગત (૧) ટી.પી. સ્કીમ નં. ૧૧ માં મેટલ રોડનું કામ (પેકેજ - ૩) (રી-ટેન્ડર) | ૪૦૦.૦૦ |
| ૪ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની વર્ષ ૨૦૨૫-૨૬ ની આઉટ ગ્રોથ એરીયાની ગ્રાંટ અંતર્ગત (૧) ટી.પી. સ્કીમ નં. ૨૦ માં મેટલ રોડનું કામ (પેકેજ - ૪) (રી-ટેન્ડર) | ૪૦૦.૦૦ |
| ૫ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની વર્ષ ૨૦૨૫-૨૬ ની આઉટ ગ્રોથ એરીયાની ગ્રાંટ અંતર્ગત (૧) ટી.પી. સ્કીમ નં. ૨૧ માં મેટલ રોડનું કામ (પેકેજ - ૫) (રી-ટેન્ડર) | ૪૦૦.૦૦ |

કમિશ્નર
જામનગર મહાનગરપાલિકા

નં. જેએમસી/ટી.પી.ડી.પી./૨૯/ ૯૦ /૨૫-૨૬, તા. ૧૫/૦૯/૨૦૨૫

તંત્રી લેખ

# ગુજરાતીઓ યોગી બની નિરોગી બનશે

'મેદસ્વિતા મુક્તિ અભિયાન'ના માધ્યમથી ગુજરાતના ૧૦ લાખ નાગરિકોનું ૧૦-૧૦ કિ.લો વજન ઘટાડવાનો ગુજરાત રાજ્ય યોગ બોર્ડનો મહાસંકલ્પ લેવાયો છે. ગળચતા ગુજરાતીઓને વજન ઘટાડી તંદુરસ્ત બનાવવા બીડું ઊપાડ્યું છે.

યોગ આપણી સંસ્કૃતિ છે. યોગના માધ્યમથી સ્વાસ્થ્ય વર્ધનની સાથો-સાથ વજન પણ ઓછું થાય છે. યોગશાસ્ત્ર અને આહારશાસ્ત્ર પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તો આપોઆપ વજન ઘટે છે.'મેદસ્વિતા મુક્તિ અભિયાન' અંતર્ગત ભારતમાં ગુજરાત પ્રથમ રાજ્ય હશે, જ્યાં ૧૦ લાખ લોકોનું વજન ઓછું થયું હશે.

ગુજરાત યોગ બોર્ડ ફક્ત યોગ દિવસ એટલે કે, ૨૧ જૂને જ કાર્ય નથી કરતું, પરંતુ સમગ્ર વર્ષ દરમિયાન કાર્યરત રહીને નાગરિકોનાં સ્વાસ્થ્યની ચિંતા કરે છે. ગુજરાતનાં નાગરિકો યોગી બનીને નિરોગી બને તે દિશામાં યોગ બોર્ડ આગામી સમયમાં ગામે - ગામ સુધી પોતાના યોગ કેન્દ્રોનું આયોજન કરશે. મેદસ્વિતા એ આજે સમાજ માટે ચિંતાનો વિષય બન્યો છે. મેદસ્વિતાએ બીમારીઓનો ખજાનો છે. 'મેદસ્વિતા મુક્તિ અભિયાન' નાગરિકોના તન અને મનનો ભાર ઘટાડવામાં એક અસરકારક પગલું પૂરવાર થશે.

આ સંકલ્પ ગુજરાત માટે લાંબા ગાળે ખૂબ જ લાભકારક સાબિત થશે.કોઈ પણ વ્યક્તિ,રાજ્ય કે રાષ્ટ્રની સંપત્તિ તંદુરસ્તી છે.જો સમાજ તંદુરસ્ત હશે તો વિકાસ આપો આપ વેગવાન બનશે.યોગ બોર્ડનો આ મહા સંકલ્પ ગુજરાત માટે ખુબ ફાયદાકારક સાબિત થશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

# રાજકોટ એલ.સી.બી.ના હેડ કોન્સ્ટેબલ કૌશિકભાઇ જોષીનો જન્મ દિવસ



રાજકોટ રૂરલ ક્રાઈમ બ્રાન્ચના હેડ કોન્સ્ટેબલ કૌશિકભાઈ જોષીનો આજે તેમના જીવનમાં ૩૮ વર્ષ પૂર્ણ કરી ૩૯માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે.

રૂરલ ક્રાઈમ બ્રાન્ચ હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા અને અદાના હુલામણા નામથી જાણીતા કૌશિકભાઈ જોષી આજે તેમના સુમધુર જીવના ૩૮ વર્ષ પૂર્ણ કરી ૩૯માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા કૌશિકભાઈ જોષી મહાદેવના પરમ ઉપાસક છે.શિષ્ટ અને સંયમના કાયમી આગ્રહી રહ્યા છે. તેવા કૌશિકભાઈ જોષી ને આજ સવારથી જ તેમના સંપર્ક સુત્ર મો. નં. ૯૦૯૯૯ ૦૯૬૯૮ ઉપર વર્ષારાણીની જેમ શુભેચ્છાનો ધોધ વર્ષા રહ્યા છે.

# વોર્ડ નં.૪ના પૂર્વ ભાજપ પ્રમુખ સંજય ગોસ્વામીનો જન્મદિવસ



રાજકોટ શહેર ભાજપના વોર્ડ-૪ ના પૂર્વ પ્રમુખ સંજયભાઈ બી. ગોસ્વામી આજે તેમના જીવનના ૫૧ વર્ષ પુર્ણ કરી ૫૨(બાવન)માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે.

સંજયભાઈએ વર્ષ ૧૯૯૬ થી ૨૦૦૫ દરમિયાન શહેર ભાજપ યુવા મોરચાના ઉપાધ્યક્ષ તરીકે તેમજ વોર્ડ-૪ના પ્રમુખ તરીકે બે ટર્મમાં સફળતાપુર્વક જવાબદારી સંભાળી હતી. ઉપરાંત તેઓ વોર્ડ-૧૫ ના ભાજપ પ્રભારી પદે રહી સેવા મેળવી છે.

ખાસ કરીને છેલ્લા ૨૫ વર્ષથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સેવાકાર્ય દ્વારા અનેક ગરીબ-જરૂરીયાતમંદ દર્દીઓ માટે આરોગ્ય સેવામાં સક્રિય રહી આશીર્વાદ પ્રાપ્ત કર્યા છે.

જન્મદિવસના અવસરે રાજકોટ શહેર ભાજપના પ્રમુખ, મહામંત્રી, ધારાસભ્યો, સાંસદ સભ્યો, કોર્પોરેટર, ગોસ્વામી સમાજના સંત-મહંત દ્વારા સંજયભાઈને (મો.નં.૯૮૨૪૨ ૪૦૯૦૮) પર શુભેચ્છા વર્ષા કરવામાં આવી રહી છે.

# સંસ્કૃતિ આર્ય ગુરૂકુળ દ્વારા કાલે ૫૦ કેન્દ્રો પર અપાશે વિનામૂલ્યે સુવર્ણપ્રાશન

## શહેરીજનોને સુવર્ણપ્રાશન કેમ્પનો લાભ લેવા અનુરોધ

**અબતક, રાજકોટ**

બાળકોમાં આઈકયુ અને સ્વાસ્થ્યનું પ્રમાણ ઉચુ લાવવા આશિર્વાદ અને ૩૦૦૦ વર્ષની સફળ પરંપરાની ગાથા જેવા મંત્રોષધિ સુવર્ણપ્રશાન કેમ્પનું આવતીકાલે પુષ્પનક્ષત્રના સયોગ વચ્ચે આયોજન કરવામાં આવ્યું છે.

રાજકોટ સંસ્કૃતિ આર્ય ગુરુકુળના ઉપક્રમે તા. ૧૭ને બુધવારે હોલિસ્ટીક હિલીંગ સેન્ટર લી. ૨૫ ચંદ્ર પંચવટી કોમ્યુનીટી હોલની સામે પંચવટી મેઈન રોડ પર સવારે ૧૦ થી બપોરના ૧ વાગ્યા સુધી નિઃશુલ્ક સુવર્ણપ્રાશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજકોટ શહેરમાં ૫૦ કેન્દ્રો જામનગરમાં ૧૪ કેન્દ્રો મોરબીમાં ૪૭ કેન્દ્રો પર સંસ્થા દ્વારા નિઃશુલ્ક મંત્રોષધિ સુવર્ણપ્રશાન દર પુષ્ટ નક્ષત્ર પર પ્રદાન કરવામાં આવે છે. શહેરના તમામ સંસ્થાના અગ્રણીઓને શૈક્ષણિક સંસ્થાઓને બાળકોના માતા-પિતા તેમજ રસ ધરાવનાર વ્યકિતઓને આ બાલ સ્વાસ્થ્ય અભિયાનનો લાભ લેવા અનુરોધ કરાયો છે.

# સંતુર ઈવેન્ટસ દ્વારા શનિવારે 'સુરીલી શામ આપ કે નામ' કાર્યક્રમ

**અબતક, રાજકોટ**

સંતુર ઈવેન્ટસ દ્વારા ૨૦ સપ્ટેમ્બરે રાત્રે ૮ કલાકે હેમુગઢવી મીની હોલ રાજકોટ ખાતે એક સુરીલા કાર્યક્રમ સુરીલી શામ આપ કે નામ નું ભવ્ય આયોજન કરવામાં આવેલ. આ સુરીલા કાર્યક્રમમાં સંગીત ગુરુ કીરીટભાઈ રાજપરા અને કમલભાઈ રાજપરાના માર્ગદર્શન હેઠળ રાજકોટના નવોદિત કલા સાધકો સર્વ જયેશભાઈ જોશી, અનિલભાઈ માવદીયા, ઉર્વીશભાઈ અકબરીઃ, ક્રિષ્નાબેન રાચ્છ, પ્રીતીબેન તન્ના અને સંજયભાઈ ટાંક પોતાના મખમલી કંઠ થી યાદગાર હિન્દી ફિલ્મી ગીતોની પ્રસ્તુતિ કરશે.

## ૨૦૨૫ના અંતિમ સુર્ય ગ્રહણનું કાઉન્ટ ડાઉન

# રવિવારે ખંડગ્રાસ સૂર્ય ગ્રહણનો અદભૂત અવકાશી નજારો: ભારતમાં જોવા નહીં મળે!!!

## પેસિફિક, ન્યુઝીલેન્ડ, એન્ટ્રાકટિકા, ઓસ્ટ્રેલીયા, ફિજીમાં દેખાનારા ગ્રહણને નરી આંખે જોવું બનશે જોખમી

**અબતક, રાજકોટ**

દુનિયાના દેશો અને અમુક પ્રદેશોમાં રવિવાર તા. ૨૧ મી સપ્ટેમ્બરે ખંડગ્રાસ સૂર્યગ્રહણનો અભુત અવકાશી નજારો જોવા મળશે. ભારતમાં આ ગ્રહણ દેખાશે નહિ. વિશ્વભરમાં રોમાંચકારી ખગોળીય ઘટના નિહાળવા લાખો લોકો ઈન્તજાર કરી રહ્યા છે. આ ગ્રહ પેસિફિક, ન્યુઝીલેન્ડ, એન્ટાર્કટિકા, ઓસ્ટ્રેલિયા અને ફિજીમાં આલ્હાદક જોવા મળશે. અવકાશમાં ૪ કલાક ૨૪ મિનિટની અવધિમાં ગ્રહણ જોવા મળવાનું છે. જો કે ગ્રહણ નરી આંખે જોવું જોખમી બનશે.

સંવત ૨૦૮૧ ભાદ્રપદ કૃષ્ણપક્ષ અમાસને રવિવાર તા. ૨૧ મી સપ્ટેમ્બર, ૨૦૨૫ કન્યા રાશિ, ઉતરા ફાલ્ગુની નક્ષત્રમાં થનારું ખંડગ્રાસ સૂર્યગ્રહણનો ભુત અવકાશી નજારો બનવાનો છે. આ ગ્રહણ ભારતના લોકો જોઈ શકશે નહિ જયારે ગ્રહણ પેસિફિક, ન્યુઝીલેન્ડ, એન્ટાર્કટિકા, એટલાન્ટિક, દક્ષિણ ઓસ્ટ્રેલિયા, ફિજીમાં આહલાદક જોવા મળશે. આ પ્રદેશોમાં માનવ કલ્યાણકારી સંશોધનો માટે વૈજ્ઞાનિકોએ તૈયારી આરંભી દીધી છે.

ભૂમંડલે ગ્રહણ સ્પર્શ ભારતીય સમજ મુજબ ગ્રહણ સ્પર્શ : ૨૨ કલાક ૫૯ મિનિટ ૪૩ સેકન્ડ, ગ્રહણ મધ્ય : ૨૫ કલાક ૧૧ મિનિટ ૫૯ સેકન્ડ, ગ્રહણ મોક્ષ : ૨૭ કલાક ૨૩ મિનિટ ૪૫ સેકન્ડ, ગ્રહણનું ગ્રાસમાન : ૦.૮૫૩ રહેશે. ગ્રહણની અવધિ : ૪ કલાક ને ૨૪ મિનિટની રહેશે. વર્ષનું અંતિમ ગ્રહણ જોવામાં ભારતના લોકોને નિરાશા સાંપડશે.

આ વર્ષે વિશ્વના વૈજ્ઞાનિકોએ ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા, ફિજીમાં પડાવ નાખી દીધો છે. તેઓ ગ્રહણની અસરો, સંશોધનો, પશુ-પક્ષી અને તેની ગતિવિધિનો અભ્યાસ કરે છે અને ટી.વી. ઉપર ગ્રહણ કેવી રીતે થાય છે તે નજરોનજર બતાવવામાં આવે છે.

વધુમાં એડવોકેટ પંડયાએ જણાવ્યું કે જાથાની રાજય અને રાષ્ટ્રીય કચેરી ખંડગ્રાસ સૂર્યગ્રહણની અલભ્ય તસ્વીરો લોકો સમક્ષ મુકશે. સાડા ચાર કલાકની ગ્રહણની ગતિવિધ ટી.વી. ઉપર અભુત જોવા મળશે. ગ્રહણ કેવી રીતે થાય છે તે નજરોનજર બતાવવામાં આવે છે.

# સરદાર સન્માન યાત્રાને વધાવવા અનેરો ઉત્સાહ: કાલે રાજકોટમાં આગમન

## સરદાર સન્માન યાત્રામાં ઉમંગભેર જોડાવવા કાગવડ ખોડલધામ ટ્રસ્ટનું આહવાન

**અબતક, રાજકોટ**

દેશની અખંડ એકતાના પ્રતિક સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણીના ભાગરુપે બારડોલીથી સોમનાથ સુધીની સરદાર સન્માન યાત્રાને આવકારવા રાજકોટમાં ભારે ઉત્સાહ પ્રવૃતિ રહ્યો છે. આ યાત્રામાં ઉમટી પડવા કાગવડ ખોડલધામ ટ્રસ્ટે આહવાન કર્યુ છે.

આ સરદાર સન્માન યાત્રા આગામી તારીખ ૧૭ સપ્ટેમ્બર ને બુધવારના રોજ રાજકોટ શહેરમાં પહોંચશે. આ તકે રાષ્ટ્ર ભક્તિના સેવા કાર્યમાં સહયોગી સંસ્થા તરીકે ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ તરફથી રાજકોટ શહેરના સર્વે સમાજના નાગરિકોને સરદાર સન્માન યાત્રામાં જોડાવવા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

સરદાર સન્માન યાત્રા તારીખ ૧૭ સપ્ટેમ્બર ને બુધવારના રોજ બપોર બાદ રાજકોટ શહેરમાં પહોંચશે. જેમાં સાંજે ૪ કલાકે ગ્રીનલેન્ડ ચોકડી ખાતે સરદાર સન્માન યાત્રાનું સ્વાગત થશે, ત્યારબાદ ત્યાંથી વાહનરેલી સ્વરૂપે સરદાર સન્માન યાત્રા શહેરના માર્ગો પર ફરશે. જેમાં ગ્રીન લેન્ડ ચોકડીથી પારેવડી ચોક સરદાર સન્માન યાત્રા પહોંચશે. જ્યાં સુભાષચંદ્ર બોઝની પ્રતિમાને ફૂલહાર કરવામાં આવશે. ત્યારબાદ હોસ્પિટલ ચોક ખાતે ડો. બાબાસાહેબ આંબેડકરજીની પ્રતિમાને ફૂલહાર કરવામાં આવશે અને અનુસૂચિત જાતિ સમાજ દ્વારા સરદાર સન્માન યાત્રાનું સન્માન કરવામાં આવશે. સાંજે ૫-૩૦ કલાકે સરદાર સન્માન યાત્રા બહુમાળી ભવન ચોક (રેસકોર્ષ) ખાતે પહોંચશે અને ત્યાં મુખ્ય સભાનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારબાદ સરદાર સન્માન યાત્રા કોટેચા ચોક પહોંચશે જ્યાં સ્વામી વિવેકાનંદની પ્રતિમાને ફૂલહાર કરવામાં આવશે. ત્યાથી યાત્રા આગળ વધીને શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર બાલાજી હોલ પાસે આવેલ પટેલ બોર્ડિંગ ખાતે પહોંચશે જ્યાં અમરેલી જિલ્લા લેઉવા પટેલ પરિવાર દ્વારા સરદાર સન્માન યાત્રાનું સન્માન કરવામાં આવશે. ત્યાંથી યાત્રા મવડી ચોકડી ખાતે પહોંચશે જ્યાં આહીર સમાજ દ્વારા સરદાર સન્માન યાત્રાનું સન્માન કરવામાં આવશે અને દેવાયત બોદરજીની પ્રતિમાને ફૂલહાર કરવામાં આવશે. ત્યારબાદ સરદાર સન્માન યાત્રા આનંદ બંગલા ચોક થઈ મક્કમ ચોક થઈને સ્વામીનારાયણ ગુરુકુળ (ઢેબર રોડ) ખાતે પહોંચશે જ્યાં વાહન રેલીનું સમાપન થશે અને સરદાર સન્માન યાત્રા રાત્રિ રોકાણ કરશે.

રાજકોટ શહેર બાદ બીજા દિવસે એટલે કે ૧૮ સપ્ટેમ્બરના રોજ સરદાર સન્માન યાત્રા આગળ વધશે. જેમાં ૧૮ સપ્ટેમ્બરને ગુરુવારના રોજ સરદાર સન્માન યાત્રા વિશ્વ પ્રસિદ્ધ શ્રી ખોડલધામ મંદિરે પહોંચશે.

# વેલકમ નવરાત્રિ અંતર્ગત 'શ્રી ક્ષૌરકર્મ વાળંદ સેવા સમાજ' દ્વારા શુકવારે રાસોત્સવ

## નાનામવા સર્કલ પાસે રાધે ગ્રાઉન્ડમાં ભવ્ય રાસોત્સવ, નામી કલાકારો તાલ અને સુર સાથે ખેલૈયાઓ રમઝટ બોલાવશે: પાસ વિતરણ શરૂ

**અબતક, રાજકોટ**

માઁ આદ્યશક્તિની આરાધનાનું પર્વ નવરાત્રીને વધાવવા દર વર્ષની જેમાં આ વર્ષે પણ શ્રી ક્ષૌરકર્મ વાળંદ સેવા સમાજ સમિતિ દ્વારા વેલકમ નવરાત્રી રાસોત્સવનું જાજરમાન આયોજન કરવામાં આવ્યું છે. શુક્રવારેનાનામવા સર્કલ પાસે રાધે ગ્રાઉન્ડ(મસાલા માર્કેટ ગ્રાઉન્ડ)માં ભવ્ય રાસોત્સવ યોજાશે. જેમાં નામી કલાકારોના તાલ અને સુર સાથે ખેલૈયાઓ રમઝટ બોલાવશે. જેના પાસનું વિતરણ શરૂ કરી દેવાયું છે.

દરેક ભાઈ-બહેનોને જણાવવાનું કે, શ્રી ક્ષૌરકર્મ વાળંદ સેવા સમાજ સમિતિ, રાજકોટ દ્વારા તા.૧૯/૦૯/૨૦૨૫ને શુક્રવાર, સાંજે ૬ વાગ્યાથી રાધે ગ્રાઉન્ડ, નાનામવા સર્કલ પાસે, મસાલા ગ્રાઉન્ડ, રાજકોટ ખાતે વન-ડે નવરાત્રીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે, જેના માટેના પાસ વિતરણ સોમવારથી ચાલુ કરવામાં આવેલ છે. જેથી વાળંદ સમાજના દરેક ભાઈઓ - બહેનોએ પોતાના વોર્ડ મુજબ જે -તે વોર્ડનાં સમાજ સમિતિ સભ્ય પાસેથી પોતાનો પાસ




મેળવી લેવા જણાવાયું છે. પાસ લેતી વખતે આધારકાર્ડ લાવવું ફરજીયાત છે.

આ ઉપરાંત વધુ માહિતી માટે શ્રી ક્ષૌરકર્મ વાળંદ સેવા સમાજ સમિતિના પ્રમુખ ગીરધરભાઈ બગથરીયા (મો.૮૧૪૧૯૧૦૩૩૪), મંત્રી ભરતભાઈ ધોળકિયા, મો. (મો.૯૮૨૫૮૨૮૩૩૬), ખજાનચી લલીતભાઈ પરમાર (મો.૯૮૨૫૨૩૯૧૩૪) અને સહમંત્રી બળદેવભાઈ સોલંકી (મો.૯૪૨૮૨૯૮૩૦૧)નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે. કાર્યક્રમ આયોજન માટે સમાજના વડીલશ્રીઓ વાળંદ સેવા સમાજ પ્રમુખ દેવુભાઈ વાજા, કર્મચારી મંડળ પ્રમુખ રમેશભાઈ સુરાણી વગેરેનું માર્ગદર્શન મળી રહ્યું છે. કાર્યક્રમને સફળ બનાવવા સર્વે યુવા આગેવાન ચિરાગભાઈ પોપટાણી, પ્રકાશભાઈ પરમાર, રાજુભાઈ દુદકીયા, કમલેશભાઈ અમરેલીયા, મહેશભાઈ ઝાલા, મુકેશભાઈ શીશાંગીયા, જયેશભાઈ ગોહેલ, યોગેશભાઈ ગોહેલ, ગીરીશભાઈ ગોહેલ, જીજ્ઞેશભાઈ રાવરાણી, જીજ્ઞેશભાઈ રાઠોડ, જીજ્ઞેશભાઈ ગોહેલ, જયંતીભાઈ ભટ્ટી, અરુણભાઈ વિઠલાપરા, દિનેશભાઈ ભાયાણી, કાળુભાઈ ગોહેલ, અંકુરભાઈ લખતરીયા, રવિભાઈ લખતરીયા, રાકેશભાઈ શીશાંગીયા વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# રામધામ ટ્રસ્ટ જાલીડા ખાતે રઘુવંશી સમાજના પરિચય મેળાનું આયોજન

## શરદ પુનમે ભવ્ય રાસોત્સવ યોજાશે: 'અબતક' મીડિયાની શુભેચ્છા મુલાકાતે આવેલા આયોજકોએ આપી માહિતી



તસવીરઃ શૈલેષ વાડોલીયા

**અબતક, રાજકોટ**

શ્રી રામધામ ટ્રસ્ટ જાલીડા ખાતે પરિચય મેળાનું આયોજન કરેલ છે. સમગ્ર વિશ્વમાં વસતા રઘુવંશીનું એકતા અખંડતાનું પ્રતીક એટલે રામધામ ટ્રસ્ટ જાલીડા ખાતે તારીખ ૦૭/૧૦/૨૫ ને મંગળવારે શરદ પૂનમને દિવસે તમામ રઘુવંશીઓ યુવક-યુવતીઓ માટે એક પરિચય મેળાનું આયોજન કરેલ છે.

'અબતક'ની શુભેચ્છા મુલાકાતે આવેલા આયોજકોએ માહિતી આપતા જણાવ્યું હતું કે ભારત ભરના અલગ-અલગ શહેરો ગામોમાંથી પોતાના જીવનસાથીની પસંદગી કરવા માટે આ કાર્યક્રમમાં ભાગ લેવાના છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે રામધામ ટ્રસ્ટ જાલીડા તેમજ રઘુવંશીઓની અનેક સંસ્થાઓના દરેક કાર્યકરો પ્રયાસ કરી રહ્યા છે. જેમાં રામધામના ટ્રસ્ટના દરેક ટ્રસ્ટીઓ રઘુવંશી ધારાસભ્ય જીતુભાઈ સોમાણી, ગીરીશભાઈ કાનાબાર, પ્રતાપભાઈ કોટક, પરેશભાઈ વિઠલાણી, ભીખાલાલ પાંવ, અશ્વિનભાઈ કોટક, શૈલેષભાઈ પાબારી, પરેશભાઈ કાનાબાર અને આ કાર્યક્રમના મુખ્ય હસુભાઈ ભગદેવ દ્વારા એક કમિટીની રચના કરવામાં આવી છે.

આ કાર્યક્રમની રૂપરેખા બપોરે ૨:૦૦ વાગે રામધામ ખાતે પરિચય મેળાની શરૂઆત કરવામાં આવશે ત્યાં પધારેલ દરેક યુવક-યુવતી વાલી સહિત સૌના માટે આ પરિચય મેળામાં રામધામ ખાતે હાઈટીની વ્યવસ્થા તેમજ સાંજે પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે અને શરદ પૂનમના ઉત્સવને ધ્યાનમાં રાખી રામધામ ખાતે શરદ પૂનમના દિવસે રાસોત્સવનું આયોજન પણ કરવામાં આવેલું છે. જેમાં રાજકોટ, વાંકાનેર, મોરબી, માણાવદર, ભાણવડ, દ્વારકા, જામ ખંભાળિયા, પોરબંદર, ચોટીલા, સુરેન્દ્રનગર સહિત આસપાસના વિસ્તારોમાંથી દરેક રઘુવંશીઓ પધારશે અને સાથો સાથ રાત્રે દૂધ પૌવાની પ્રસાદી પણ રાખેલ છે.

જેના રજીસ્ટ્રેશન માટે મેહુલ નથવાણીના મો.નં.૯૮૨૫૦ ૭૨૦૭૯ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# સેવા સારથી ગૃપ દ્વારા ૫ ઓકટોબરે 'પ્રાચિન રાસ ગરબા મહોત્સવ'નું ભવ્ય આયોજન: રજીસ્ટ્રેશન શરૂ

## 'અબતક'ની શુભેચ્છા મુલાકાતે આવેલા આયોજકોએ આપી માહિતી



તસવીરઃ શૈલેષ વાડોલીયા

**અબતક, રાજકોટ**

સેવા સારથી ગ્રુપ ઓફ રાજકોટ દ્વારા નવરાત્રીનો પાવન તહેવાર. આપણી પારંપરિક રીતે જ ઉજવામાં આવે તે માટે પ્રયત્નો કરી રહ્યું છે. તે અંતર્ગત ગત વર્ષથી પ્રાચીન રાસગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

યુથ ફોર ડેમોક્રેસી દ્વારા આ મહોત્સવનું આયોજન વર્ષો સુધી કરવામાં આવતું હતું પરંતુ સંજોગોવસાત આ મહોત્સવ છેલ્લા ઘણા વર્ષોથી ઉજવવામાં આવતો નહીં, પરંતુ આ કાર્યક્રમનો વર્ષો સુધી હિસ્સો રહેલા સોનલબેન વાછાણીએ આપણી પ્રાચીન ગરબીઓને પ્રોત્સાહન મળી રહે, શહેરી પ્રાચીન ગરબીઓ તરફ લોકો વળતા થાય, આપણી પ્રાચીન ગરબીઓમાં બાળાઓ જે મહિનો પ્રેક્ટીસ કરીને ખુબ જ સુંદર રાસ, ગરબાઓ રજુ કરતી હોઈ, તેનું મહત્વ જળવાઈ રહે તે માટે જવાબદારી લઈને ગત વર્ષથી આ મહોત્સવ ફરી શરૂ કરેલ છે.

'અબતક'ની શુભેચ્છા મુલાકાતે આવેલા આયોજકોએ જણાવ્યું હતુ કે આ વર્ષે ખૂબ આયોજનબદ્ધ કાર્યક્રમ તા.૦૫/૧૦/૨૫ને રવિવાર રાત્રે હેમુગઢવી હોલ ખાતે થશે. જેમાં રાજકોટની ૧૧ પ્રાચીન ગરબીઓ દ્વારા તેમના બેસ્ટ રાસ રજુ કરવામાં આવશે. આ મહોત્સવમાં ભાગ લેવા ઈચ્છુક પ્રાચીન ગરબી મંડળોએ તારીખ ૨૫/૯/૨૫ને ગુરૂવાર સુધીમાં પોતાના નામ નોંધવાના રહેશે. નામ નોંધવા માટે ભારત સેવક સમાજની ઓફિસ, રેસકોર્સમાં બાલ ભવન ગેટ નંબર-૫ની બાજુમાં, લોક વિજ્ઞાન કેન્દ્રની પાસે આવેલ છે. ત્યાં સવારે ૧૨:૦૦ થી ૧:૦૦ સુધીમાં રૂબરૂ આવી ફોર્મ ભરવાનું રહેશે. વધુ માહિતી માટે મો.નં.૯૯૯૮૬ ૧૯૮૭૦ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીના જન્મદિવસે શુભેચ્છા પાઠવતા ધારાસભ્ય ઉદય કાનગડ

## નરેન્દ્રભાઈ મોદીના સક્ષમ નેતૃત્વમાં ભારત 'વિકાસ, વિશ્વાસ અને વિજયની યાત્રા' તરફ અવિરત આગળ વધી રહ્યો છે

**અબતક, રાજકોટ**

વિકાસના સ્વપ્નદ્રષ્ટા અને દેશના લોકલાડીલા, યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનો આવતીકાલે તા.૧૭ સપ્ટેમ્બરના રોજ જન્મદિવસ છે ત્યારે ભારત માતાને સમગ્ર વિશ્વમાં ગૌરવ અપાવનાર ગુજરાતના સપુત નરેન્દ્રભાઈ મોદીને જન્મદિવસની શુભેચ્છા પાઠવતા ધારાસભ્ય ઉદય કાનગડએ જણાવેલ હતું કે ૨૦૧૪માં લોકસભાની ચૂંટણીમાં જંગી બહુમતીથી અને દેશવાસીઓના અપાર સ્નેહથી ભારતીય જનતા પાર્ટીનો ભવ્ય વિજય થયો અને દેશના વડાપ્રધાન તરીકે નરેન્દ્રભાઈ મોદી આરૂઢ થયા અને સંસદમાં પ્રવેશ કરતા પહેલા શીશ ઝુકાવી પોતાનો કાર્યભાર સંભાળ્યો એ ઐતિહાસિક ક્ષણના આપણે સૌ સાક્ષી છીએ. ત્યારે સતત ત્રીજી વખત દેશની ધુરા સંભાળનાર નરેન્દ્રભાઈ મોદીની રાષ્ટ્રનિષ્ઠા, સમાજ પ્રત્યેની સંવેદના, ફરજ પ્રત્યેની સભાનતા, કાર્યકર્તાઓ પ્રત્યે અપાર પ્રેમ, વિચારધારા પ્રત્યેની અડગ શ્રધ્ધા, દેશના દુશ્મનો પ્રત્યે મજબૂત રણટંકાર અને ભ્રષ્ટાચારીઓને અક્ષમ્ય શિક્ષા જેવા ગુણોથી સમાજને પ્રેરણા મળે છે. ત્યારે નરેન્દ્રભાઈ મોદી સ્વયંથી આગળ વધતા- વધતા માત્ર ન એક સંસ્થા કે સરકાર બન્યા છે, પરંતુ એક વિચાર બની ગયા છે. દેશના પ્રધાનસેવક નરેન્દ્રભાઈ મોદી જે સપના જોવે છે અને તેમને સાકાર કરવાની હિંમત પણ રાખે છે. નરેન્દ્રભાઈ મોદીના ૭૫માં જન્મદિવસે શુભેચ્છા પાઠવતા નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતવર્ષ ઉન્નતિના પથ પર નિરંતર અગ્રેસર રહે તથા મોદીજી સ્વસ્થ અને દિર્ઘાયુષ્ય થાય તેવી ઈશ્વર પાસે મંગલ કામના કરી ધારાસભ્ય ઉદય કાનગડએ જન્મદિવસની શુભેચ્છા પાઠવી છે.

## એ ચાલો ગરબે રમવા....

# પુજા હોબી સેન્ટર - મધુરમ ક્લબના વન ડે દાંડીયા રાસમાં શનિવારે મોટેરા સંગે બાળકો ગરબે ઘૂમશે

## નાગર બોર્ડિંગના પરિસરમાં પારિવારિક વાતાવરણમાં રાસોત્સવ માટે રજીસ્ટ્રેશન માટે ૧૮મી છેલ્લી તારીખ

**અબતક, રાજકોટ**

માઁ અંબાની ઉપાસનાના નવરાત્રિ પર્વની આગમનની તૈયારી વચ્ચે પૂજા હોબી સેન્ટર, પોદાર પ્રેપ અક્ષર માર્ગ અને મધુરમ ક્લબના સૌજન્યથી આ વર્ષે સતત ૩૫માં વર્ષે એક દિવસીય દાંડીયા રાસનો ૨૦ સપ્ટેમ્બર શનિવારે સાંજે ૭ વાગ્યે નાગર બોર્ડિંગ વિરાણી સ્કૂલ સામે રાસની જમાવટ થશે. એક દિવસીય દાંડીયારાસના આ આયોજનમાં તમામ ગ્રુપમાં રમવામાં તથા વેલ ડ્રેસમાં બેસ્ટ ઈનામ આપવામાં આવશે. પાર્ટીસીપેટ દરેક બાળક તથા મોટા ગ્રુપમાં આકર્ષક ગીફ્ટ આપવામાં આવશે.

આ પ્રોગ્રામને સફળ બનાવવા બાનલેબ્સના મૌલેશભાઈ ઉકાણી, યુટર્નના ઉમેશભાઈ શેઠ, કલ્યાણ જ્વેલર્સના દિપકભાઈ રાજાણીનો સહયોગ પ્રાપ્ત થયો છે.

આકર્ષક ઈનામ તથા રંગબેરંગી ડ્રેસમાં ઉત્સાહપૂર્વક બાળકો જોડાવાના છે. તદ્ઉપરાંત ઉપરોક્ત આયોજનમાં દાંડીયા, ગરબા તથા આરતી ડેકોરેશનની પણ કોમ્પીટીશન રાખવામાં આવેલ છે.

આયોજનમાં રસ ધરાવતા વાલીઓ તથા બાળકો તા.૧૮-૦૯-૨૦૨૫ ગુરૂવાર સુધીમાં સવારે ૧૦ થી ૧ અથવા સાંજે ૫ થી ૮ દરમ્યાન પુજા હોબી સેન્ટર, ગુજરાત હાઉસીંગ બોર્ડ-૬, અક્ષર માર્ગ/અમીન માર્ગનો સંપર્ક કરી એન્ટ્રી લેવા અને વધારે માહિતી માટે સંપર્ક પુજા હોબી સેન્ટર, અમીન માર્ગ, ગુજરાત હાઉસીંગ બોર્ડ, શેરી નં.૬નો સંપર્ક કરવા જણાવાયું છે.

આયોજન સફળ બનાવવા પુજા હોબી સેન્ટર, પોદાર પ્રેપ-અક્ષરમાર્ગ તથા મધુરમ ફેમીલી ક્લબના તમામ હોદ્દેદારો તથા કમીટી મેમ્બરો જહેમત ઉઠાવી રહ્યાં છે.

# ટેટ-૧ અને ૨ની પરીક્ષા ૧૨ ઓક્ટોબરે લેવાશે

## ટેટ-૧ની પરીક્ષા સવારે ૧૧ વાગ્યાથી ૧ વાગ્યા સુધી રહેશે. જ્યારે સ્પે. ટેટ-૨ની પરીક્ષા બપોરે ૩ વાગ્યાથી ૫ વાગ્યા સુધી રહેશે

**અબતક, રાજકોટ**

રાજ્ય પરીક્ષા બોર્ડે સ્પેશ્યલ સ્પેશિયલ ટીચર્સ એલિજિબિલિટી ટેસ્ટ ટેટ-૧ અને ટેટ-૨ની પરીક્ષાની તારીખ જાહેર કરી છે. બોર્ડ દ્વારા પરિપત્ર જાહેર કરીને આ વિશે માહિતી આપવામાં આવી છે, જે મુજબ ૧૨ ઓક્ટોબરે આ પરીક્ષા યોજાશે.

મળતી માહિતી મુજબ, સ્પે. ટેટ-૧ની પરીક્ષા ૧૨ ઓક્ટોબરે સવારે ૧૧ વાગ્યાથી ૧ વાગ્યા સુધી રહેશે.

જ્યારે સ્પે. ટેટ-૨ની પરીક્ષા બપોરે ૩ વાગ્યાથી ૫ વાગ્યા સુધી રહેશે. પરીક્ષાનું આયોજન અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત જિલ્લામાં કરવામાં આવ્યું છે. શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા અને અન્ય બાબતોની ચકાસણી ભરતી પસંદગી સમિતિ દ્વારા કરવનામાં આવશે. આ અંગે ભરતી પસંદગી સમિતિ દ્વારા જ અંતિમ નિર્ણય લેવામાં આવશે.

પરીક્ષા વિશે વધુ માહિતી રાજ્ય પરીક્ષા બોર્ડની સત્તાવાર વેબસાઈટ પર મૂકવામાં આવશે. ઉમેદવારોએ આ વિશે વધુ માહિતી મેળવવા માટે sebexam.org નો સંપર્ક કરવો.

# ફરી ધૂમ મચાવશે વિશ્વ વણિક સંગઠન અને જૈન વિઝન સોનમ ગરબા રાસોત્સવ

## યાજ્ઞિક રોડ ઉપર કાર્યાલયનું ઉદઘાટન, ખેલૈયાઓ માટે વિનામૂલ્યે ક્લાસ

**અબતક, રાજકોટ**

નવલી નવરાત્રી ના દિવસોને હવે આંગળીનાં વેઢે ગણાય એટલા દિવસો બાકી રહ્યા છે વિશ્વ વણિક સામાજિક સંગઠન અને જૈન વિઝન દ્વારા આયોજિત સોનમ નવનાત વણિક ગરબા-૨૦૨૫ના ધમાકેદાર આયોજનની તડામાર તૈયારી શરુ થઇ ગઈ છે. ૧૫૦ ફૂટ રોડ ઉપર અયોધ્યા ચોકડી પાસે નયનરમ્ય મેદાનમાં શ્રેષ્ઠ વ્યવસ્થા સાથે ભક્તિ અને શક્તિનો અનોખો સમન્વય આ વખતે જોવા મળશે.

વિશ્વ વણિક સંગઠનનાં ચંદ્રકાંતભાઈ શેઠ અને જૈન વિઝનનાં સંયોજક મિલન કોઠારીના જણાવ્યા મુજબ નવરાત્રી મહોત્સવની શરૂઆત તા. ૨૨મીએ થશે અને ૧ ઓક્ટોબર સુધી યુવા હૈયાઓ ગરબા રમશે.

આ વખતે ખેલૈયાઓને જોશભેર ગરબા રમાડવા માટે બોલીવુડ સિંગર આવશે અને એ સિવાય પણ અનેક આકર્ષણ હશે.

આ નવરાત્રી મહોત્સવના અનેક આકર્ષણો છે. ખાસ કરીને ૧૦૦૦૦૦ વોટ ની અદભુત સાઉન્ડ સિસ્ટમ,થ્રિ- લેયર સિક્યુરિટી, વિશાળ ફ્રી પાર્કિંગ, એલઈડી ઉપર પ્રસારણ, રોજેરોજ અને ફાઈનલના દિવસે લાખેણા ઈનામો, જૈન ફૂડ કોર્ટ અને સંપૂર્ણપણે પારિવારિક માહોલ નો અનુભવ થશે.

આ રાસોત્સવનું મધ્યસ્થ કાર્યાલય યાજ્ઞિક રોડ ઉપર રવિ પ્રકાશન પાસે દશા સોરઠીયા વણિક બોર્ડીંગ ખાતે શરુ થયું છે. આ કાર્યાલયનું ઉદઘાટન જાણીતા બિલ્ડર કિરીટભાઈ પટેલ તથા ભાજપના પૂર્વ પ્રમુખ મુકેશભાઈ દોશીનાં હસ્તે કરવામાં આવ્યું હતું.




આ પ્રસંગે સોની સમાજના અગ્રણી દિલીપભાઈ રાણપરા, કેતનભાઈ ધ્રુવ, ધર્મેશભાઈ જીવાણી અને મોહિતભાઈ કાગદડા વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યાલય વ્યવસ્થા જય મહેતા, હિમાંશુ પારેખ, કેતન વખારિયા, આશિષ દોશી, સુધીર પટેલ, કેતન સંઘવી, દીપ રામાણી, ભરત વખારિયા અને દેવાંગ ખજુરીયા વગેરે સાંભળી રહ્યા છે.

આયોજકો દ્વારા નિશુલ્ક દાંડિયા રસના ક્લાસ પણ શરુ કરવામાં આવ્યા છે. આ ક્લાસ પૂજા હોબી સેન્ટર, અમીન માર્ગ- [illegible] ખાતે તથા સેન્ટ ગાર્ગી સ્કુલ, ૨,સુભાષનગર, રૈયા રોડ ખાતે ચાલી રહ્યા છે.

આ રાસોત્સવ માટેના ફોર્મ દશા સોરઠીયા વણિક બોર્ડિંગ, રવિ પ્રકાશનની બાજુમાં યાજ્ઞિક રોડ ઉપરાંત જયેશભાઈ ધ્રુવ( ધરતી હોન્ડાની સામે, માલવિયા વાડી, ગોંડલ રોડ ) જેડી'સ આઈ કેર , મહાવીર સિલેકશન, મેસ્વાણી લેબોરેટરી , ટી-પોસ્ટ મોન્જીનીસ કેક શોપ , અરીહંત શરાફી સહકારી મંડળી , પાર્શ્વ ડેવલપર્સ , જ્યોત એમ્પોરિયમ , જૈન સારીઝ , શ્રીજી ઈલેક્ટ્રોવિઝન , ભારત ઓટો વિધિ જવેલસ, નવનિધિ નમકીન , રામેશ્વર બેકરીઝ એન્ડ કેક શોપ, કશીશ હોલીડે ,. મંગલમ ફર્નિચર સહીત ના સ્થળેથી મળશે.

આ ગરબાને સફળ બનાવવા માટે વિશ્વ વણિક સામાજિક સંગઠનનાં ચેરમેન સી.એમ.શેઠ ,ટીમ જૈન વિઝનનાં સંયોજક મિલન કોઠારી અને જયેશ શાહ, સુનીલ શાહ, ભરત દોશી, અજીત જૈન, ગીરીશ મહેતા, મિતુલ વસા, સુનીલ કોઠારી, અખિલ શાહ, હેમલ મહેતા, નીલ મહેતા, રાજીવ ઘેલાણી, તુષાર પતીરા, નીતિન મહેતા, યોગેન દોશી, પરેશ દફતરી, નરેશ મહેતા, ધ્રુમીલ પારેખ, દીપક કોઠારી, પ્રતિક શાહ, કેતન દોશી, નીરવ મહેતા, હિમાંશુ પારેખ, જસ્મીન ધોળકિયા, હિતેશ દેસાઈ, આશિષ શાહ, આશિષ દોશી, નીલેશ તુરખીયા, યોગેશ શાહ,વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

સોનમ નવનાત ગરબામાં દશા સોરઠીયા વણિક સમાજ, વિસા પોરવાડ વણિક સમાજ,મોઢ વણિક સમાજ, વિશા શ્રીમાળી સોની વણિક સમાજ, જૈન વણિક સમાજ, તંબોળી વણિક સમાજ, સુખડીયા વણિક સમાજ, કપોલ વણિક સમાજ, ખડાયતા વણિક સમાજ, પાંચાવણિક સમાજ, ઘોઘારી દશા શ્રીમાળી વણિક સમાજ, ગોહિલવાડ દશા શ્રીમાળી વણિક સમાજ, દશા નાગર વૈષ્ણવ વણિક સમાજ, કાટ્ચી જૈન ગુર્જર વણિક સમાજ, ખંભાત મોઢ વણિક સમાજ, શ્રી ઘોઘારી વિશા શ્રીમાળી વણિક સમાજ, વણિક સમાજ સહીત કુલ ૩૨ ફિરકાના યુવાનો જોડાશે.

# સ્વદેશી અભિયાન અંતર્ગત ગુરૂવારે ભાજપની મેરેથોન બેઠક

## તમામ સંસદ ધારાસભ્ય પક્ષના હોદેદારો જિલ્લા અને શહેર ભાજપ પ્રમુખોને હાજર રહેવા તાકીદઃ ટાઉન હોલ ખાતે યોજાનારી બેઠકમાં મુખ્યમંત્રી, પ્રદેશ અધ્યક્ષ અને સંગઠન મહામંત્રી આપશે વિસ્તૃત માર્ગદર્શન

**અબતક રાજકોટ**

વિશ્વભરમાં ચાલી રહેલા ટેરિફ વોર વચ્ચે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સ્વદેશી અભિયાનને વેગ આપવાનો નિર્ણય લીધો છે. આત્મનિર્ભર ભારત માટે દેશમાં બનતી ચીજ વસ્તુઓનો ઉપયોગ કરવા દેશવાસીઓને અપીલ કરવામાં આવી રહી છે.આગામી ૨૫ સપ્ટેમ્બરથી લઈ ૨૫ ડિસેમ્બર સુધી ''હર ઘર સ્વદેશી ઘર ઘર સ્વદેશી અભિયાન'' હાથ ધરવામાં આવનાર છે. જે અંતર્ગત આગામી ગુરુવારે ભાજપ દ્વારા ગાંધીનગર સ્થિત ટાઉનહોલ ખાતે મોટી બેઠક બોલાવવામાં આવી છે.તમામ સાંસદ, ધારાસભ્ય,સંગઠનના હોદ્દેદારો શહેર અને જિલ્લા ભાજપના પ્રમુખને ગાંધીનગરથી તેડું મોકલવામાં આવ્યું હોવાનું જાણવા મળે રહ્યુ છે.

આવતીકાલે વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીનો ૭૫મો જન્મદિવસ છે. જેની રાજ્યભરમાં ભાજપ દ્વારા સેવાકીય કાર્યો સાથે ઉજવણી કરવામાં આવનાર છે.

બીજી તરફ પક્ષે જાહેર કરેલા કાર્યક્રમ મુજબ આગામી ૨૫ સપ્ટેમ્બરથી લઈ ૨૫ ડિસેમ્બર સુધી'' હર ઘર સ્વદેશી ઘર ઘર સ્વદેશી અભિયાન ''શરૂ કરવામાં આવનાર છે.જેને સફળ બનાવવા માટે ભાજપ દ્વારા આગામી ગુરુવારે સવારે ૧૧:૦૦ કલાકે ગાંધીનગર સ્થિત ટાઉનહોલ ખાતે એક મહા બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં લોકસભા અને રાજ્યસભાના ભાજપના તમામ સાંસદો તમામ ધારાસભ્ય સંગઠનના હોદ્દેદારો જિલ્લા અને શહેર ભાજપ પ્રમુખ ઉપરાંત મહામંત્રીઓને પણ હાજર રહેવા આદેશ આપવામાં આવ્યો છે.''હર ઘર સ્વદેશી ઘર ઘર સ્વદેશી અભિયાન''માટે રાજ્યના ઇન્ચાર્જ અને સહ ઇન્ચાર્જની વરણી કરવામાં આવશે. સાથોસાથ દરેક જિલ્લા અને શહેરના ઇન્ચાર્જ અને સહઇન્ચાર્જની વરણી કરાશે. દિવાળી, છઠ પૂજા અને ક્રિસમસ સહિતના તહેવારોમાં દેશવાસીઓ દેશમાં જ બનતી વસ્તુઓની મોટા પાયે ખરીદી કરે તે માટે ખાસ અભિયાન હાથ ધરવામાં આવશે. સ્વદેશી સંમેલનો પણ યોજાશે લોકોને માહિતગાર કરવા માટે કાર્યકરો દ્વારા ખાસ અભિયાન ચલાવવામાં આવશે સ્વદેશી અભિયાનથી ભારત વધુ આત્મ નિર્ભર બનશે સાથો સાથ વિદેશી હુંડિયામણ પણ ઓછું થશે જેના કારણે અન્ય દેશો પરની નિર્ભરતામાં ઘટાડો થશે.

# રામનાથપરા રોડ પર ''કૌશર બેકરી'' માંથી વાસી કેક સહિત જંગી અખાદ્ય જથ્થો પકડાયો

## એક્સપાયર વિપ્પીંગ ક્રીમ, ફ્લેવર્ડ સીરપ અને વાસી પડતર કેક સહિત ૨૮ કિલો અખાદ્ય જથ્થાનો નાશ:નોટિસ ફટકારાઇ



**અબતક રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા સર્વેલન્સ ચેકિંગ દરમિયાન રામનાથપરા મેઈન રોડ પર આવેલી ''કૌશર બેકરી'' પેઢીની તપાસ કરતા સ્થળ પર સંગ્રહ કરેલ એક્સપાયરી થયેલ પેક્ડ વિપ્પીંગ ક્રીમ ૧૮ કિલો,પેક્ડ ફ્લેવર્ડ સીરપ ૫ કિલો. અને વાસી પડતર કેક ૫ કિલો મળીને કુલ ૨૮ કિલો,અખાદ્ય જથ્થાનો સ્થળ પર નાશ કરવામાં આવ્યો હતો. ઉત્પાદન સ્થળ પર હાઈજેનિક કન્ડિશન તથા યોગ્ય સ્ટોરેજ જાળવવા બાબતે નોટીસ આપવામાં આવી હતી.

શહેરના નાણાવટી ચોક થી રામેશ્વર ચોક વિસ્તારમાં આવેલ ખાધ્ય ચીજોનું વેચાણ કરતાં કુલ ૨૦ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવી હતી.૯ ધંધાર્થિઓને લાઈસન્સ બાબતે સૂચના આપવામાં આવી હતી. ખાધ્યચીજોના ૧૫ નમૂનાની સ્થળ પર ચકાસણી કરવામાં આવી હતી. ચેકીંગ દરમિયાન મોમાઈ સુપર માર્કેટ,આરતી પાણીપૂરી,શ્રી મોમાઈ મિલ્ક પાર્લર, વીએસ એન્ટરપ્રાઈઝ શ્રીરામ ડેરી ફાર્મ,શ્રીરાધે જનરલ સ્ટોર આશાપુરા જનરલ સ્ટોર બજરંગ જનરલ સ્ટોર અને ક્રિષ્ના સેલ્સ એજન્સી મેળવવા બાબતે સૂચના આપવામાં આવી છે.

# કેનાલ રોડ પર વૃદ્ધને છરી બતાવી ખૂનની ધમકી

## અગાઉ કરેલી ફરિયાદ પાછી ખેંચી લેવાનું કહી જ્ઞાતિ પ્રત્યે હડધુત કરાતા એ ડિવિઝન પોલીસ મથકમાં ગુનો : વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ

**અબતક, રાજકોટ**

શહેરના કેનાલ રોડ પર વૃદ્ધને છરી બતાવી જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી બેફામ ગાળો ભાંડ્યાનો મામલો એ ડિવિઝન પોલીસના ચોપડે નોંધાયો છે. વૃદ્ધે અગાઉ કરેલી ફરિયાદનો ખાર રાખી આરોપીના ભાઈએ છરી બતાવી ધમકી આપતો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. મામલામાં એ ડિવિઝન પોલીસ મથકમાં એટ્રોસિટી એક્ટ સહીતની કલમો હેઠળ ગુનો નોંધાયો હતો. સોરઠીયા પ્લોટ શેરી નંબર-૩ માં રહેતા ૬૬ વર્ષીય વૃદ્ધ મહેન્દ્રભાઈ જીવણભાઈ સરવૈયાએ એ ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે કુંભારવાડામાં રહેતા હરીભાઈ દેવાયતભાઈ હેરભાનું નામ આપતાં જણાવ્યું હતું કે, ગઈ તા.૧૪/૦૯/૨૦૨૫ ના રોજ સાંજના સાતેક વાગ્યાની આસપાસ હુ કેનાલ રોડ પર ખોડીયાર ટી સ્ટોલ હોટલમા ચા પીવા માટે ગયેલ હતો. હું ખોડીયાર હોટેલની અંદર બેઠો હતો ત્યારે હરીભાઈ દેવાયતભાઈ હેરભા આવેલ હતો. મે અગાઉ તેના ભાઈ ધીરૂભાઈ દેવાયતભાઈ હેરભા વિરૂદ્ધ ફરીયાદ કરેલ હોય જેથી તે મને બેફામ ગાળો આપવા લાગેલ હતો. હરી હેરભાએ મને જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરતા શબ્દો ઉચ્ચારી કહેલ કે, તારી ફરીયાદ પાછી ખેંચી લેજે નહીતર તને પતાવી નાખીશ. બાદ મારી સાથે બોલાચાલી કરી પોતાના સ્કુટરની ડેકીમાથી છરી કાઢી તે છરી બતાવી ફરીવાર મને જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી કહેલ કે, તને બોવ હવા આવી ગયેલ છે. બાદ હરીભાઈ હેરભાએ તેના હાથમાં રહેલી છરી મને મારવા જતા ખોડીયાર ટી સ્ટોલવાળા મુન્નાભાઈએ તે છરી હરીના હાથમાથી પકડી લઈ મને બચાવી લીધેલ હતો. બાદ ત્યાં માણસો ભેગા થઈ જતા હરી આહીર ત્યાંથી ભાગી ગયેલ હતો. જે મામલે વૃદ્ધની ફરિયાદ પરથી એ ડિવિઝન પોલીસે એટ્રોસિટી એક્ટ સહીતની કલમો હેઠળ ગુનો નોંધી હરી હેરભાની શોધખોળ શરૂ કરી હતી. મામલાની તપાસ એસીપી એસસી-એસટી સેલ ચલાવી રહયા છે.

# નવાગામના ગોડાઉનમાંથી પોણા પાંચ લાખના તલ ઉઠાવી જનાર ટોળકી ઝબ્બે

## ગારિડાના બે અને ચોટીલાના એક શખ્સની ધરપકડ, ચોરીમાં વપરાયેલ બોલેરો કબ્જે: કુવાડવા રોડ પોલીસની કાર્યવાહી

**અબતક, રાજકોટ**

રાજકોટની ભાગોળે નવાગામ રાણપુર ગામે આવેલા ગોડાઉનમાંથી રૂા. ૪.૭૫ લાખની તલની ૧૦૮ ગુણીઓની ચોરી થઇ હતી. આ ચોરીનો ભેદ કુવાડવા રોડ પોલીસે ઉકેલી ચોટીલા,ગારીડાના ત્રણ શખ્સોને દબોચી લઇ મહીન્દ્રા બોલેરો ગાડી કબ્જે કરી છે. જો કે આ ટોળકીએ તલ ચોર્યા એ સાથે જ સસ્તા ભાવે વેંચી માર્યા હતાં. જે ત્રણ શખ્સ પકડાયા છે તેણે સુત્રધાર તરીકે અન્ય એક શખ્સ હોવાનું રટણ કરતાં પોલીસે તેની શોધખોળ હાથ ધરી છે.



પોલીસ સુત્રોમાંથી મળતી વિગત મુજબ, કુવાડવા રોડ પોલીસ મથકના પીઆઈ બી.પી.રજીયાની રાહબરીમાં ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ હિતેષ માલકીયા, કોન્સ્ટેબલ વિશાલ બસીયા અને ભરત ઘેડને મળેલ ચોક્કસ બાતમીના આધારે રાજકોટ-અમદાવાદ હાઈવે પર આવેલી હોર્ન ઓકે હોટેલ સામેથી ત્રણ શખ્સોને બોલેરો સાથે પકડી લેવાયા છે. જેમાં ચોટીલાના ખડગુંદાના રણજીત છગન સોલંકી (ઉ.વ.૨૨), રાજકોટના ગારીડાના કેતન ઉર્ફે ભુદીયો ભરત ધરજીયા (ઉ.વ.૨૧) અને જયંતિ કુવરા ધરજીયા (ઉ.વ.૨૦)ને પકડી લઇ જીજે૧ ૩એએક્સ-૧૭૩૦ નંબરની ૬ લાખની બોલેરો કબ્જે કરી હતી.

### તલ વેંચી રોકડી કરી લીધાની કેફીયત, મુખ્ય સૂત્રધારની શોધખોળ

વધુમાં આરોપીની પૂછતાછમાં સામે આવેલ કે, આ ટોળકીએ ગયા જુલાઇ મહિનાની ૧૪મી તારીખે બોલેરો સાથે નવાગામ આણંદપરના ગોડાઉનમાં ત્રાટકી તલની ગુણીઓ ચોરી લીધી હતી. તે વખતે સંજીવકુમાર રાજેન્દ્રપ્રસાદ શ્રીવાસ્તવની ફરિયાદ પરથી કુવાડવા પોલીસે ગુનો નોંધ્યો હતો.જો કે ઝડપાયેલા ત્રણ શખ્સોએ આ ચોરીમાં સુત્રધાર ગારીડાનો અન્ય એક શખ્સ હોવાનું અને તલ તેણે વેંચી નાંખ્યાનું કહેતાં તપાસ શરૂ થઇ છે.

જેથી પોલીસે તે આરોપીની શોધખોળ હાથ ધરી છે.


# આર્થિક મામલે થયેલી યુવકની હત્યામાં ગોવિંદ ભરવાડને આજીવન કેદ

## રૈયા ટેલિફોન એક્સચેન્જ નજીક સાત વર્ષ પૂર્વે છરીના ઘા ઢીમ ઢાળી દીધું હતું, પાંચ શખ્સને શંકાનો લાભ

**અબતક રાજકોટ**

શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલ રૈયા ટેલિફોન એક્સચેન્જ વાળી શેરીમાં સાત વર્ષ પૂર્વે પૈસાની લેતી દેતી મામલે યુવકની હત્યા નિપજાવવાના ગુના નો કેસ ચાલી જતાં અદાલતે ગોવિંદ ઘુઘા ભરવાડને આજીવન કેદ અને ૭૫ હજારનો દંડ ફટકારતો હુકમ કર્યો છે. જ્યારે પાંચ શખ્સોને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવ્યો છે.વધુ વિગત મુજબ શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલ રૈયા ટેલિફોન એક્સચેન્જ વાળી શેરીમાં રેહતો હાર્દિક વિભા મકવાણા નામના યુવાનો પર ગોવિંદ ઘુઘા, ટીડીયો ઘુઘા, સેલા વિભા ,રાહુલ સેલા, અર્જુન સેલા અને ઘુઘા વિભા







સહિત શખ્સે છરીથી હુમલો કરી મોતને ઘાટ ઉતારીયાની વિભાભાઈ કાળાભાઈ મકવાણાએ યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ધરપકડ કરી પ્રાથમિક તપાસમાં મૃતક હાર્દિક મકવાણાને ગોવિંદ ઘોઘા અને રાહુલ શેલા સાથે પૈસાની લેતી દેતી બાબતે થયેલી બોલાચાલી નો ખાર રાખી છરી વડે હુમલો કરી મોતને ઘાટ ઉતાર્યાનું જણાવ્યું હતું.ત્યારબાદ સદરહુ બનાવમાં ચાર્જશીટ થઈ જતા સેશન્સ કોર્ટમાં કેસ ચાલવા ઉપર આવેલ જેમાં મુળ ફરીયાદીના એડવોકેટ અનીલભાઈ દેસાઈ રોકાયેલ હતા તથા ત્યારબાદ સરકારી વકીલ દ્વારા મુળ ફરીયાદી ની જુબાની લેવામાં આવેલી જેમાં મુળ ફરીયાદીએ કેસને અનુરૂપ જુબાની આપેલી અને આ કેસમાં અન્ય સાહેદોની જુબાની લેવામાં આવેલી જેમાં પણ તમામ સાહેદોએ મુળ ફરીયાદીની ફરીયાદને સમર્થન આપેલ. ત્યાર બાદ સદર કેસમાં સરકારી વકીલ દ્વારા દલીલમા ''આરોપીઓએ ખુબ જ ઝનુની રીતે ફરીયાદીના દિકરા હાર્દિકને પૈસાની લેતી દેતી બાબતે ગેરકાયદેસર મંડળી રચી બધા આરોપીઓએ મિલાપીપણું કરી છરીઓના આડેધડ થા મારી મૃત્યુ નીપજાવેલ હોય અને આરોપીઓનો પ્રથમ દર્શનીય ગુન્હો હોય આવા આરોપીઓ સભ્ય સમાજમાં ખુલ્લેઆમ ફરે તો માનવજીવન માટે ખુબ જ જોખમરૂપ હોય જેથી આરોપીઓને આજીવન સજા કરવામાં આવે તેવી સરકારી વકીલ રક્ષિતભાઈ કલોલાની દલીલો સાંભળી આરોપી ગોવિંદ ઘુઘા ભરવાડને આજીવન કેદની સજા અને રૂા. ૭૫,૦૦૦ દંડનો હુકમ ફરમાવેલો જ્યારે પાંચ શખ્સોને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવ્યો છે.આ કામમાં મુળ ફરીયાદી વતી સીનીયર વકીલ અનીલભાઈ દેસાઈ , સરકારી વકીલ રક્ષિત કલોલા અને સમીર ખીરા રોકાયેલા હતા.

# મયુર હોસ્પિટલમાં કિડનીને લગતા રોગોની ઓપીડી સેવાનો પ્રારંભ

## બી.ટી.સવાણી કિડની હોસ્પિટલના નિષ્ણાંત ડોક્ટરો દ્વારા ૧૦૦થી વધારે દર્દીઓની તપાસ કરાઇ

**અબતક, રાજકોટ**

મયુર ફાઉન્ડેશન સંચાલિત મયુર હોસ્પિટલ, સિમ્પોલો ફાઉન્ડેશન, મોરબી અને બી.ટી.સવાણી કિડની હોસ્પિટલ, રાજકોટના સહયોગ દ્વારા મયુર હોસ્પિટલ, મોરબીમાં કિડનીને લગતા રોગોની ઓ.પી.ડી. સેવાઓનું તાજેતરમાં ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ૧૦૦ કરતા વધારે દર્દીઓની વિનામુલ્યે તપાસ કરવામાં આવેલ તેમજ હિમોગ્લોબીનની તપાસ કરી જરૂરીયાતમંદ દર્દીઓને વિનામુલ્યે દવાઓ વિતરણ કરવામાં આવેલ તેમજ કેન્સર, ડાયાબીટીસ અને બ્લડપ્રેસરની તપાસ કરવામાં આવેલ.



આ ઉદ્ઘાટન પ્રસંગે મોરબી સ્ટેટના વિશાલ આદિત્ય જાડેજા (વિશાલબાપા), સિમ્પોલો ફાઉન્ડેશનના ઠાકરશીભાઈ અઘારા અને સાંસદ કેશરીદેવસિંહજી ઝાલા અને બી. ટી. સવાણી કિડની હોસ્પિટલના ચેરમેન જયંતીભાઈ ફળદુ, મેનેજીંગ ટ્રસ્ટી ડો.વિવેક જોષી, ટ્રસ્ટી નાનુભાઈ મકવાણા, ડોક્ટર્સ અને મેનેજમેન્ટની ટીમ ઉપસ્થિત રહ્યા હતા. હવેથી નિયમિત નેફ્રોલોજી ઓ.પી.ડી. મયુર હોસ્પિટલ, મોરબી ખાતે શરૂ કરવામાં આવશે. જેમાં બી.ટી.સવાણી કિડની હોસ્પિટલના નિષ્ણાંત ડોક્ટરો સેવાઓ આપશે.

# જય સીયારામ ટ્રસ્ટના સર્વજ્ઞાતિ સમુહલગ્નમાં ૨૧ દિકરીઓને સાસરે વળાવાશે

## સામાજીક આગેવાનો ધર્માત્માના આશિર્વાદ અને લખેલા કરિયાવર સાથે દીકરીઓના ધામધુમથી થશે લગ્ન

**અબતક, રાજકોટ**

રાજકોટ સહીત સૌરાષ્ટ્રમાં સમાજ સેવા માટે જાણીતી જય સીયારામ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સર્વ જ્ઞાતિય સમુહ લગ્નમાં ૨૧ દિકરીઓને લાખેલા કરીયાવર સાથે સાસરે વળાવશે.

શહેરના કોઠારીયા રોડ પર સ્વાતિ પાર્કમાં જય સીયારામ ગૌ શાળામાં તા. ૩૦ નવેમ્બર રવિવારે ગરીબ મા-બાપ વિનાની અલગ અલગ જ્ઞાતિની ૨૧ દિકરીઓને ઘર વખરીની તમામ વસ્તુ સાથે માનભેર સાસરે વળાવશે.

આ સમુહલગ્નને સફળ બનાવવા પ્રમુખ જીતેન્દ્રભાઈ રામાનંદી મો. નં.૯૬૬૪૬ ૫૨૪૫૯, કનુભાઇ રામાનંદી વિગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# સરગમ ક્લબ અને ગોંધીયા ટ્રસ્ટ સંયુક્ત ઉપક્રમે રવિવારે સર્વરોગ નિદાન કેમ્પ

## ૭૫ ડોક્ટરોની ટીમ સાથે ૩૦ જેટલા રોગોનું નિદાન કરવામાં આવશે પૂર્વ રાજ્યપાલ વજુભાઇ વાળા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્રના જરૂરીયાતમંદ ગરીબ દર્દીઓ માટે સરગમ ક્લબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના જન્મદિન નિમિતે સરગમ કલબ અને સ્વ.સવિતાબેન છગનભાઈ પટેલ (ફિલ્ડ માર્શલ) તેમજ અશોક ગોંધિયા મેમોરિયલ ચેરીટેબલ ટ્રસ્ટ ઉપક્રમે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સરગમ કલબ દ્વારા સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. આ સર્વરોગ નિદાન કેમ્પમાં રાજકોટના ૭૫ જેટલા ડોક્ટરો વિવિધ પ્રકારના ૩૦ જેટલા રોગોનું નિદાન વિના મુલ્યે કરશે.

કેમ્પ તા.૨૧/૦૯ ને રવિવારના રોજ કોટક સ્કૂલ, મોટી ટાંકી પાસે, સવારે ૮/૩૦ કલાકે યોજાશે. સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાએ જણાવ્યું હતું કે, જરૂરીયાત મંદ દર્દીઓને વિનામૂલ્યે સારવાર તેમજ દવા, લેબોરેટરી ટેસ્ટીંગ, કાર્ડીઓગ્રામ, એક્સ-રે, સોનોગ્રાફી, આ બધી સવલત ઉપલબ્ધ કરાશે અને સુવિધા પણ વિનામૂલ્યે અપાશે. કેમ્પમાં જનરલ ફિઝીશ્યન, ફેમેલી ફિઝીશ્યન, પ્લાસ્ટિક સર્જન, ઓર્થોપેડિક, આયુર્વેદિક, ન્યૂરો સર્જન, હાર્ટ સ્પેશ્યાલિસ્ટ, કેન્સર નિષ્ણાંત, માનસિક રોગ નિષ્ણાંત, સ્ત્રી રોગ નિષ્ણાંત, બાળરોગ, હોમિયોપેથિક, દાંતનાં રોગ, સ્કીન સ્પેશિયાલિસ્ટ, પેટ-આંતરડાના નિષ્ણાંત ડોક્ટરો પોતાની સેવા આપશે. કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ સવારે ૮/૩૦ કલાકે સીધા સ્થળ પર પહોંચવું.

આ કેમ્પમાં આંખના દર્દીઓને વિનામૂલ્યે ચશ્મા આંખના ઓપરેશન સાથે નેત્રમણી પણ રણછોડદાસજીબાપુ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી વિનામૂલ્યે કરી આપવામાં આવશે.

આ કેમ્પમાં પ્રમુખ સ્થાન પર વજુભાઈ વાળા (ભુતપૂર્વ રાજ્યપાલ - કર્ણાટક), ઉદઘાટક તરીકે રમેશભાઈ ટીલાળા (ધારાસભ્ય), ઉદઘાટક સમારોહના મહાનુભાવો તરીકે ડો.દર્શિતાબેન શાહ (ધારાસભ્ય રાજકોટ) સહિતના કેમ્પમાં ઉપસ્થિત રહેશે.

નિદાન કેમ્પ માટે અમોને સરગમ પરિવારના ચેરમેન વજુભાઈ વાળાનું માર્ગદર્શન મળી રહેલ છે. તેમજ કેમ્પની વ્યવસ્થા સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના માર્ગદર્શન હેઠળ સરગમ સેવા કેન્દ્રના ચેરમેન અરવિંદભાઈ પટેલ જહેમત ઉઠાવી રહ્યા છે.

## વડાપ્રધાનના જન્મદિવસે મહામાનવની જીવન ઝરમર

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો યુવા કાળથી રાજકોટ સાથે આત્મીય સંબંધ









**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૫માં જન્મદિવસની ઉજવણી ને લઈ દેશભરમાં ભારતના સપૂતના જન્મોત્સવ માટે ભારે હર્ષ છવાયો છે

વડાપ્રધાન આજે વિશ્વ ફલક પર સૌથી વધુ પ્રભાવી રાજપુરુષ તરીકે છવાયા છે, ત્યારે ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્રભાઈ મોદી સંઘ પરિવારના પાયાના શિલ્પી છે, અને ગુજરાતમાં પ્રચારક તરીકે સેવા કાળ દરમિયાન નરેન્દ્રભાઈ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પરિવારના ખૂબ મનવંતા સભ્ય તરીકે સૌને વ્હાલારહ્યા હતા સામાન્ય કાર્યકરથી નેતા અને સંઘના વરિષ્ઠ પદાધિકારી અને નેતા ગણ માટે નરેન્દ્રભાઈ તો પોતીકા હતા અહીં નરેન્દ્રભાઈ મોદીની સંઘ સેવા ની તવારીખ ઉજાગર કરતી તસવીરોમાં આજના વૈશ્વિક નેતા નરેન્દ્રભાઈ મોદી સંઘના શિસ્ત પાલક સ્વયંસેવક તરીકે ખૂબ લોકપ્રિય હતા

નરેન્દ્ર ભાઈ મોદીની સંઘ સાથે ની સ્મરણી ની તસવીરોમાં રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ ના પૂર્ણ ગણવેશમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી નો અંદાજ અનોખો હતો, નરેન્દ્ર ભાઈ મોદીમોદી પ્રવીણ કાકા મણિયાર અને કેશુભાઈ પટેલ સંઘની પ્રાર્થના માં સાથે રહેતા હતા નરેન્દ્રભાઈ મોદી રાજકીય ગુરુ લક્ષ્મણ રાવ માધવરાવ ઇનામદાર વકીલ સાહેબ સાથે ખૂબઘરોબો ધરાવતા હતા ડાંગમાં શબરી કુંભ વખતે નરેન્દ્રભાઈ મોદી મધુભાઈ કુલકર્ણી પ્રવીણ કાકા મણિયાર અને સાધુ સંતોની તસ્વીર ભારે લોકપ્રિય થઈ હતી ગુજરાતમાં સંઘ પરિવારના વિકાસના શિલ્પી ગૌતમભાઈ યશવંતભાઈ ભટ્ટ બાબુભાઈ ઓઝા અને લક્ષ્મણ રાવ માધવરાવ વકીલ સાહેબ અમૃતભાઈ કડીવાળા પ્રવીણ કાકા મણિયાર અને નરેન્દ્રભાઈ મોદીની તસવીરો આજે પણ લોકોના માનસમાં છવાયેલી છે હળવદ શિશુ મંદિરના ઉદઘાટનમાં જ્યારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ફકીરભાઈ વાઘેલા અને પ્રવીણ કાકા સાથે જોવા મળ્યા ત્યારે જૂની યાદો તાજી થઈ ગઈ હતી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના રાજકીય ગુરુ વકીલ સાહેબ લક્ષ્મણ રાવ ઈનામદાર ને જ્યારે શ્રદ્ધાંજલિ આપી હતી ત્યારે તે ભાવ થઈ ગયા હતા સૌરાષ્ટ્રના ભાજપના પીઢ આગેવાન ચીમનભાઈ શુક્લ ને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભાવભરી રીતે શ્રદ્ધાંજલિ આપી ત્યારે સંઘ પરિવારની યાદો તાજી થઈ ગઈ હતી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી કાકા શુક્લ સાથે એક વખત રાજકોટના સર્કિટ હાઉસમાં ગહન ચર્ચા માટે બેઠા હતા ત્યારે નરેન્દ્રભાઈ મોદીએ ભાવુક થઈને યાદો તાજી કરી હતી નરેન્દ્રભાઈ મોદીને રાજકોટ સાથે અતૂટ નાતો હતો અને આજે પણ છે.

# મહારાષ્ટ્રના રાજ્યપાલ તરીકે પદભાર સંભાળતા આચાર્ય દેવવ્રત

### સંસ્કૃત ભાષામાં લીધા શપથ



**અબતક, રાજકોટ**

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ગઈકાલે સોમવારે મહારાષ્ટ્રના રાજ્યપાલ તરીકે શપથ ગ્રહણ કર્યા છે. મુંબઈમાં રાજભવનના દરબાર હોલમાં આયોજિત શપથ ગ્રહણ સમારોહમાં મુંબઈ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ ચંદ્રશેખરે આચાર્ય દેવવ્રતજીને રાજ્યપાલ પદના શપથ લેવડાવ્યા હતા. રાજ્યપાલે સંસ્કૃત ભાષામાં શપથ ગ્રહણ કરતા ઉપસ્થિત સૌ કોઈમાં સુખદ આશ્ચર્ય ફેલાયું હતું.શપથ ગ્રહણ બાદ મુખ્ય ન્યાયાધીશ, મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને ઉપમુખ્યમંત્રી એકનાથ શિંદેએ રાજ્યપાલને પુષ્પગુચ્છ આપીને અભિનંદન પાઠવ્યા. આ પ્રસંગે રાજ્યપાલને ભારતીય નૌસેના તરફથી વિશેષ સન્માન આપવામાં આવ્યું.

શપથ ગ્રહણ સમારોહની શરુઆતમાં રાષ્ટ્રગાન અને રાજ્યગાન સંપન્ન થયા બાદ મહારાષ્ટ્રના મુખ્ય સચિવ રાજેશ કુમાર દ્વારા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા આચાર્ય દેવવ્રતજીને રાજ્યપાલ તરીકે નિયુક્તી અંગે બહાર પડાયેલી અધિસૂચનાનું પઠન કરવામાં આવ્યું. બાદમાં રાજ્યપાલશ્રીએ સંસ્કૃત ભાષામાં શપથ ગ્રહણ કરી પદભાર સંભાળ્યો હતો. ત્યારબાદ ફરીથી રાષ્ટ્રગાન અને રાજ્યગાન સાથે શપથવિધિ પૂર્ણ થઈ હતી.

મહારાષ્ટ્રના પૂર્વ રાજ્યપાલ સી. પી. રાધાકૃષ્ણન ભારતના ઉપરાષ્ટ્રપતિ પદ પર ચૂંટાયા હોવાના કારણે આ પદ ખાલી પડ્યું હતુ. જે અનુસંધાને રાષ્ટ્રપતિ દ્વારા ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીને મહારાષ્ટ્રના રાજ્યપાલ પદનો વધારાનો કાર્યભાર સોંપવામાં આવ્યો છે. આ શપથ ગ્રહણ સમારોહમાં લેડી ગવર્નર શ્રીમતી દર્શના દેવી સહિત પરિવારના સભ્યો, વિધાન પરિષદના અધ્યક્ષ પ્રો. રામ શિંદે, વિધાનસભાના અધ્યક્ષ રાહુલ નાર્વેકર, વિધાન પરિષદના ઉપાધ્યક્ષ ડો. નીલમ ગોરે, કૌશલ વિકાસ મંત્રી મંગલપ્રભાત લોઢા, રમતગમત મંત્રી માણિકરાવ કોકાટે, મુખ્યસચિવ રાજેશ કુમાર, પોલીસ મહાસંચાલક રશ્મિ શુક્લા, અધિક મુખ્ય સચિવ મનીષા મ્હૈસકર, રાજ્યપાલના સચિવ ડો. પ્રશાંત નારનવરે, ઉપસચિવ એસ. રામમૂર્તિ તથા અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા.

## દ્વારકેશ એલ.એલ.પી. હોસ્પિટલ સહયોગથી

# બોલબાલા ટ્રસ્ટ દ્વારા રવિવારે નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ

### ઓર્થોપેડીક, એમ.ડી. પિડિયાટ્રીક, એમ.એસ. ગાયનેકોલોજીસ્ટ, ન્યુરો સ્પાઈન, બી.ડી.એમ. જનરલ સર્જન ડોક્ટરો સેવાઓ આપશે

**અબતક, રાજકોટ**

બોલબાલા ટ્રસ્ટ અને દ્વારકેશ હોસ્પિટલ એલ.એલ.પી. સંચાલીત મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ સંયુકત ઉપક્રમે તા-૨૧-૯ ને રવિવારના રોજ નિઃશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરેલ છે.

જેમાં ડો. સિધ્ધાર્થ રાઠોડ જનરલ નિષ્ણાંત, ડો. ગૌતમ બારૈયા ઓર્થોપેડીક નિષ્ણાંત, પાર્થ માલી એમ.ડી. પિડિયાટ્રીક, ડો. ભાર્ગવ પટેલ એમ.એસ. ગાયનેકોલોજીસ્ટ, ડો. ચિરાગ સોલંકી ન્યુરો સ્પાઈન, પ્રિયેશ પ્રફુલભાઈ નડીયાપરા, બી.ડી. એમ. ઉર્વશ પરમાર જનરલ સર્જન સહીતના ડો. સેવા આપશે.

૨૧-૯ ના રવિવારના રોજ સવારે ૯ થી ૧૧ સુધી સ્થળ પ્લસ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ માં દુર્ગા કોમ્પલેક્સ સાધુ વાસવાણી કુંજ રોડ રેલનગર રાજકોટ ખાતે કેમ્પ યોજાશે. દર્દીઓએ જુની ફાઈલ સાથે લાવવી તેમજ દર્દીઓને દવા ફ્રિમાં આપશે તેમજ એકસેમાં ૧૦ ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવશે તેવું યાદીમાં જણાવ્યું હતું.

(ચોથા પાનાનું ચાલુ)

**ક્રાઈસ્ટ કોલેજ...**

પાછળ સપોનસર્સ નો પણ વિશેષ ફાળો છે. ટીડ-બીટ - હેલ્થ ગમીસ, યુનિકનેક્ટ ઓવર્સીસ કન્સલ્ટન્સી, રાજકોટ તેમજ ઓરનેટ ડીજાઈન આ કાર્યક્રમ ના સ્પોન્સર્સ હતા. ૮૯.૬એફએમ રેડિયો રાજકોટ, અબતક મીડિયા હાઉસ તેમજ રાજકોટ મીડિયા આ કાર્યક્રમ ના મીડિયા પાર્ટનર હતા અને સૌરાષ્ટ્ર યુનીવર્સિટી આ કાર્યક્રમ માં નોલેજ પાર્ટનર તરીકે સહયોગી બની હતી.

આ કાર્યક્રમમાં એક જ દિવસ માં ૧૬ સાંસ્કૃતિક સ્પર્ધાઓનું આયોજન છે જેમાં દેશભરની અનેક સંસ્થાઓમાંથી કૂલ ૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો છે.

આ કાર્યક્રમમાં સ્પોટ ફોટોગ્રાફી, કાર્ટૂનિન્ગ, કોર્પોરેટ ચાણક્ય, પોસ્ટર મેકિંગ, કોલાજ મેકિંગ, રંગોળી, ટી-શર્ટ પેઈન્ટિંગ, બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ,રીલ મેકિંગ , હળવું સંગીત, લોક નૃત્ય, વકતૃત્વ , ડિબેટ , એથનિક રેમ્પ વોક , સોલો ડાંસ અને એન્ટરટેનમેન્ટ જોન કે જેમાં ટ્રેજર હન્ટ પણ શામેલ છે.

સમગ્ર ઈવેન્ટ ના કન્વીનર આસિસ્ટન્ટ પ્રોફેસર ખુશ્બુ ઠક્કર છે તેમજ સહ-કન્વીનર આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. વૈભવી મેહતા છે. પ્રિન્સિપાલ ડો. કે.જે. થનકચન ના નેતૃત્વ માં આ આખો કાર્યક્રમ સુંદર આયોજન સાથે સૌની પ્રસંસા પાત્ર બન્યો છે.

**ધર્મેન્દ્રસિંહજી આર્ટસ કોલેજ...**

જીએચડીવિશે માહિતગાર કર્યા હતા. આ ચર્ચાનું આયોજન ઈતિહાસ વિભાગના અધ્યાપક ડો.ધર્મેશ આર પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું અને આ તકે ઈતિહાસ વિભાગના અધ્યક્ષ પ્રો. અશ્વિન આર. પુજાણી અને ડો. શશીકાંત ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા.

**વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમારજી...**

વૈષ્ણવાચાર્યની પ્રેરણાદાયી વાણી, ગહન આધ્યાત્મિક માર્ગદર્શન તથા ધ્યાનથી સૌ ભાવવિભોર બની ગયા. સમગ્ર વાતાવરણમાં શાંતિ, આનંદ અને દિવ્ય ઊર્જાનો પ્રવાહ અનુભવો.

આ પવિત્ર પ્રસંગે વૈષ્ણવાચાર્ય દ્વારા એક ઐતિહાસિક જાહેરાત કરવામાં આવી છે. નૈરોબી (કેન્યા)માં આફ્રિકાનું પ્રથમ હિન્દુ સ્કૂલ શરૂ કરવામાં આવશે.

હિન્દુ સ્કૂલ - શિક્ષણ અને સંસ્કારનું અનોખું સંયોજન વૈષ્ણવાચાર્યએ સમજાવ્યું કે આ હિન્દુ સ્કૂલમાં ગ્રેડ-૧ થી ૧૨ સુધીનું આધુનિક શૈક્ષણિક અભ્યાસક્રમ રહેશે સાથે જ દરરોજ એક વધારાની પીરિયડમાં બાળકોને ભગવદ ગીતા, શ્રીમદ ભાગવત, રામાયણ, પંચતંત્રની વાર્તાઓ, આચાર્યોના જીવનચરિત્ર તથા ભારતીય સંસ્કૃતિના સંસ્કારો ભણાવવામાં આવશે. જેનો મુખ્ય હેતુ બાળકોને સારા મનુષ્ય બનાવવાના, વ્યસનમુક્ત જીવન માટે પ્રેરિત કરવાનો, સંસ્કારી અને ધાર્મિક મૂલ્યો સાથે જીવન જીવવા પ્રેરવાનો છે.

ઉપસ્થિત વૈષ્ણવ સમાજે આ જાહેરાતને આનંદભેર સ્વીકારી, અનેક શ્રધ્ધાળુઓએ આ પવિત્ર કાર્ય માટે સેવા અને સહકાર આપવાનો સંકલ્પ કર્યો. વીવાયઓ નૈરોબી દ્વારા ટૂંક સમયમાં વીવાયઓ શિક્ષણ વર્ગો શરૂ થશે. દર મહિને ભોજન સત્સંગ યોજાશે.

**આર્ટ ગેલેરી ખાતે...**

સાધારણ સભા, સાથોસાથ વય મર્યાદાને કારણે નિવૃત થનાર આઠ અધ્યાપકોના અભિવાદન સમારોહને સફળ બનાવવા માટે અધ્યાપકોની સહકારી મંડળીના પ્રમુખ પ્રો.જયદીપસિંહ ડોડિયા, ઉપપ્રમુખ પ્રો.જે.એ. ભાલોડિયા, મંત્રી પ્રો. વી.જે. કનેરીયા, સહમંત્રી પ્રો.યોગેશ જોગસણ, ખજાનચી ડો.રંજનબેન ખૂંટ, કારોબારી સભ્યો- પ્રો.સંજય ભાયાણી, પ્રો.આર.બી. ઝાલા, પ્રો.અતુલભાઈ ગોસાઈ, પ્રો.નિકેશ શાહ, ડો. રેખાબા જાડેજા, પ્રો. મનીષ શાહ, ડો.અશ્વિનભાઈ સોલંકી અને ડો.ભરતભાઈ ખેર જહેમત ઉઠાવી રહ્યા છે. કાર્યક્રમના ઉદઘોષક તરીકે મનોવિજ્ઞાન ભવનના વડા પ્રો.યોગેશ જોગસણ ફરજ બજાવશે.

**નિધિ સ્કુલ...**

બનેલ હતા, તેમજ સ્કૂલમાં હેડ બોય નું સિલેક્શન ચૂંટણી દ્વારા વિદ્યાર્થીઓ ભાઈઓએ પોતાનો મત આપીને કરેલ હતી, તેમજ આવી ચૂંટણી પ્રક્રિયા વિદ્યાર્થીઓ શીખે અને આગામી સમયમાં જ્યારે તેમની ઉંમર ૧૮ વર્ષ પૂર્ણ થાય ત્યારે પોતાના મતધિકાર દ્વારા યોગ્ય પ્રતિનિધિ ચૂંટે તેની સમજ શિક્ષક ગણ દ્વારા આપવામાં આવેલ હતી.

**ગ્રેસ કોલેજ...**

માધ્યમિક શાળામાં કાનુની સેવા સહાય અંતર્ગત ગામના લોકોને મફત કાનુની સેવા આપવામાં આવી જેમાં ગામના અંદાજે ૬૨ લોકોએ મફત કાનુની સેવાનો લાભ લીધો હતો. સાથો સાથ શાળાના વિદ્યાર્થીઓને કાયદાની જાગૃતિ માટે કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા બંધારણ સાઈબર ક્રાઈમ, પર્યાવરણ જેવા હૃદયસ્પર્શી વિષયો ઉપર સુંદર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ અભિયાનમાં ગઢકા સરપંચ, ગઢકા પ્રાથમિક શાળા અને ગઢકા માધ્યમિક શાળાના પ્રિન્સીપાલ ના સહયોગ મળ્યો હતો. સમગ્ર આયોજન ડો. ચિરાગ ચૌહાણ તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતુ જેમાં કોલેજના ૪૨ વિદ્યાર્થીઓ જોડાયા હતા.

**સાંસદ રામભાઈ મોકરીયા...**

ધન્યતા અનુભવી હતી. આ તમામ સભ્યોએ એકસાથે મળીને ભગવાન વેંકટેશ્વર શ્રીનિવાસ પાસે દેશની સુખ, સમૃદ્ધિ અને વિકાસ માટે પ્રાર્થના કરી. તેમણે ભારત દેશ મહાસત્તા બને અને પ્રગતિના પંથે આગળ વધે તેવી મનોકામના વ્યક્ત કરી હતી. આ પ્રસંગે તેમણે સમગ્ર દેશવાસીઓ માટે શાંતિ અને કલ્યાણની ભાવના સાથે પૂજા-અર્ચના કરી, જે એકતા અને રાષ્ટ્રીય ભાવનાનું પ્રતીક છે. વધુમાં, આ પ્રતિનિધિમંડળે ભારતના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગામી જન્મદિવસ નિમિત્તે વિશેષ પ્રાર્થના કરી હતી. તેમણે તિરૂપતિ બાલાજીને વિનંતી કરી કે તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને દીર્ઘાયુષ્ય, ઉત્તમ સ્વાસ્થ્ય અને દેશની સેવા કરવા માટે વધુ શક્તિ પ્રદાન કરે. આ પ્રાર્થના દ્વારા, તેમણે દેશના નેતૃત્વ પ્રત્યે સન્માન અને શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

પાના નં.૧૧નું ચાલું

**કાલથી ''સ્વચ્છોત્સવ''નો શુભારંભ**

પેઢડીયા, સાંસદ પરસોતમભાઈ રૂપાલા, સાંસદ રામભાઈ મોકરીયા,શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવે, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ડો.દર્શિતા શાહ, રમેશભાઈ ટીલાળા, ગુજરાત પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરા, ગુજરાત પ્રદેશ ભાજપના મંત્રી બિનાબેન આચાર્ય, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શહેર ભાજપ મહામંત્રી અશ્વિનભાઈ મોલિયા, વિરેન્દ્રસિંહ ઝાલા, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, શાસકપક્ષ દંડક મનીષભાઈ રાડીયા, શહેરના હોદેદારો, મહાનુભાવો, રાજકોટ મહાનગરપાલિકાના કોર્પોરેટરો, રાજકોટ મહાનગરપાલિકાના અધિકારી-કર્મચારીઓ તેમજ સંગીતપ્રિય શહેરીજનો વગેરે ઉપસ્થિત રહેશે.

**મહાત્મા ગાંધી મ્યુઝિયમ**

આ રંગોળી ઉત્સવ માટે ચિત્રનગરીના કમિટી મેમ્બર જીતુભાઈ ગોટેચા, રશ્મિ ગોટેચા, સુરેશભાઈ રાવલ,જયશ્રીબેન રાવલ,રશેષભાઈ વ્યાસ, મુકેશભાઈ વ્યાસ હેમાબેન વ્યાસ, સીમાબેન અગ્રવાલ,શિવમ અગ્રવાલ,દિગીશભાઈ વડોદરિયા, પરેશભાઈ ધોરાજીયા,હરદેવસિંહ વાઘેલા તથા મૌલિકભાઈ ગોટેચા જહેમત ઉઠાવી રહ્યા છે.

(૧૧માં પાનાનું ચાલુ)

**અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશ**

થનારી છે કેમ કે તે અગાઉ શ્રીલંકા સામેની મેચ ગુમાવી ચૂક્યું છે અને હવે તેની પાસે મંગળવારે અંતિમ તક રહેલી છે. હોંગકોંગ સામે સાત વિકેટના આસાન વિજય બાદ શનિવારે શ્રીલંકા સામે તેનો છ વિકેટથી પરાજય થયો હતો. લિટ્ટન દાસની ટીમે ટુર્નામેન્ટમાં વિજયી પ્રારંભ તો કર્યો હતો પરંતુ શ્રીલંકા સામેની મેચમાં કંગાળ દેખાવને કારણે તેઓ હાલમાં પોઈન્ટ ટેબલમાં ત્રીજા ક્રમે આવી ગયા છે અને તેમનો નેટ રનરેટ પણ માઈનસમાં છે.અફઘાનિસ્તાન હાલમાં ૪.૭૦૦ના રેટ સાથે મોખરે છે તો શ્રીલંકા ૨.૫૯૫નો રેટ ધરાવે છે અને બાંગ્લાદેશ -૦.૬૫૦ના રેટ સાથે ચાર ટીમના ગ્રૂપમાં હોંગકોંગ કરતા ઉપર છે જે પર્યાપ્ત નથી. હવે મંગળવારે તેને હારવું પોસાય તેમ નથી કેમ કે આમ થશે તો સુપર-૪ માટે તે ક્વોલિફાઈ થઈ શકશે નહીં. બાંગ્લાદેશની આ સ્થિતિ માટે તેની કંગાળ બેટિંગ જવાબદાર છે.

**ગાંગુલી**

આવી રોમાંચક મેચોને તેઓ કેવી રીતે અધવચ્ચે છોડી શકે છે. એક ચાહકે એક્સ પર લખ્યું, દાદા, તમે ભારત-પાક મેચ અધવચ્ચે છોડી દો? આ તો અમારા માટે નવું આશ્ચર્ય છે! અન્ય એક ચાહકે લખ્યું, ગાંગુલીની વાતમાં દમ છે. ભારત હવે પાકિસ્તાન પર હાવી રહે છે, તો રોમાંચ થોડો ઓછો થઈ જાય છે.

**ઉથપ્પા-યુવરાજ સિંહને ઈડીનું સમન્સ**

પૂછપરછ દરમિયાન ઈડી એ સમજવા માંગે છે કે આ એપમાં તેમની શું ભૂમિકા કે સંબંધ રહ્યો છે. ઈડી તપાસ કરી રહી છે કે શું ઉથપ્પાએ આ સટ્ટાબાજી એપના પ્રમોશનમાં તેમની તસવીરો ઉપયોગ કર્યો હતો અને બદલામાં કોઈ પેમેન્ટ લીધું હતું કે નહીં. આ પૂછપરછ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ હાથ ધરવામાં આવી રહી છે અને ઉથપ્પાનું નિવેદન પણ આ જ કાયદા હેઠળ નોંધવામાં આવશે. ઈડી આ ગેરકાયદેસર નેટવર્કમાં તેમની કોઈ નાણાકીય કે બિન-નાણાકીય ભાગીદારી છે કે કેમ તે શોધવાનો પ્રયાસ કરી રહી છે.આ કેસમાં તૃણમૂલ કોંગ્રેસના ભૂતપૂર્વ સાંસદ અને અભિનેત્રી મીમી ચક્રવર્તીનું નિવેદન પણ નોંધવામાં આવ્યું હતું. મંગળવારે બંગાળી અભિનેતા અંકુશ હાજરા આ કેસમાં ઈડી સમક્ષ હાજર થયો હતો અને તેનું નિવેદન નોંધ્યું હતું. અભિનેત્રી ઉર્વશી રૌતેલા જે વન એક્સ બેટના ભારત બ્રાન્ડ એમ્બેસેડર છે, તે હજુ સુધી તેમની નિર્ધારિત તારીખે હાજર થઈ નથી.

(છેલ્લા પાનાનું ચાલુ)

**સોની બજાર...**

ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ અંગે ગુનો નોંધી બંગાળી કારીગરના સગડ મેળવવા તપાસ હાથ ધરી છે.

ચોરીના બનાવમાં પ્રહલાદ પ્લોટ શેરી નં. ૨૫ દિગ્વીજય મેઈન રોડ પર રહેતા ૬૩ વર્ષીય સોની વેપારી તરૂણભાઈ કનૈયાલાલ પાટડીયા દ્વારા એ ડિવિઝન પોલીસ મથકમાં નોંધવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે બંગાળી કારીગર સફિકુલ શેખનું નામ આપ્યું છે.

વેપારીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓને સોની બજાર ગોલ્ડન માર્કેટ પાસે શ્રી હરી ઓર્નામેન્ટ નામની સોનાના જવેલર્સ નામની દુકાન છે. જેમાં સોનાના ઘરેણાનો વેપાર કરે છે અને સોનીબજારમાં આર.એચ.જવેલર્સની પાછળ ગોલ્ડન માર્કેટવાળી શેરી પહેલા માળે તેમના માલીકીની જગ્યા આવેલી છે ત્યા સોનાના દાગીના બનાવવાનુ કામ કારીગરો કરે છે.

ગઈ તા.૨૭/૦૫/૨૦૨૫ ના રોજ સવારના જાહિદ મલીક ઉર્ફે રાજ નામનો કારીગર જે આઠ- નવ મહીનાથી કામ કરે છે અને તેનો જાણીતો સફિકુલ શેખ (રહે. પશ્ચીમ બંગાળ) ને કામે રહેવુ હોય જેથી તેનું આધાર કાર્ડ માગેલ હતુ અને ત્યારે આ સફિકુલ શેખે કાલે પોતે પોતાનુ આધાર કાર્ડ આપવાનુ કહ્યું હતુ. ત્યારબાદ આ સફિકુલ શેખ વેપારીના જુના કારીગર રાજ સાથે કામ કરવા લાગી ગયેલ હતો અને બીજા દિવસે સવારે દશેક વાગ્યે વેપારીને જુના કારીગર રાજનો ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે, રાત્રીના આશરે બે વાગ્યા સુધી અમે કામ કરતા હતા. બાદમાં દુકાન બંધ કરી દુકાનને તાળુ મારી અમો બધા રામનાથપરા શેરી નં-૪ માં રહેતા હોય ત્યા જતા રહ્યા હતા અને તા-૨૭/૦૫/૨૦૨૫૨૦૨૫ના રોજ સવારના મારી સાથે કામ કરવા આવેલ કારીગર સફીકુલ શેખ અમારા મકાનેથી રાત્રીના સમયે કોઈને કહ્યા વગર ચાવી લઈ અને આપણા કામ કરવાના સ્થળે ગયો હતો અને તમે અમને કામ કરવા માટે આપેલ સોનુ ૧૩૪૯.૩૩૦ ગ્રામ ૧૮ કેરેટનું સોનુ જે સોનીબજારમાં આર.એચ.જવેલર્સની પાછળ ગોલ્ડન માર્કેટ વાળી શેરી પહેલા માળે આપણા કામ કરવાના સ્થળે ટેબલના ખાનામાં રાખેલ હતુ જે અહિ આવી જોતા જોવા મળ્યું નથી. તે સોનુ આ સફિકુલ શેખ ચોરી કરી લઈને જતો રહ્યો છે જેથી તમો અહીં આવો તેમ વાત કરી હતી.

કારીગરના ફોન બાદ વેપારી તથા તેનો પુત્ર બધા અહીં દુકાને પહોંચ્યા હતાં. અહીં આવી જોતા તો દુકાનનો લોક ખુલ્લો હતો. તેમજ દુકાનમાં રહેલ અલગ-અલગ ટેબલના ખાના ખુલ્લા હતા. તેમજ ટેબલના લોક ખુલ્લા હતા. જેથી વેપારી તથા તેના પુત્ર અને દુકાનમા કામ કરતા કારીગર બધાએ તપાસ કરતા કારીગર સફિકુલ શેખના કોઈ સગડ મળ્યા ન હતાં. જેથી વેપારીએ ફરીયાદ કરવાનુ નકક્કી કરતા આ જાહિદ મલીક ઉર્ફે રાજે કહ્યું હતું કે, આ સફીકુલ અમારા વતનનો હોય જેથી તેને અમારા સગા સબંધી દ્વારા શોધી થોડા સમયમા તમારૂ સોનું પરત અપાવી દઈશું તેમ વાત કરતા જે તે સમયે ફરિયાદ કરી ન હતી. બાદમાં અવાર નવાર જાહિદ મલીક ઉર્ફે રાજને પુછતા થોડા દીવસમા આ સફીકુલનો સંપર્ક થઇ જશે તેમ વાત કરતો હતો અને ઘણો સમય થવા છતા આ સફિકુલ શેખ પશ્ચીમ બંગાળવાળાનો કોઇ સંપર્ક થયો ન હોય અને જાહિદ મલીક ઉર્ફે રાજે તપાસ કરતા આ સફીકુલ મળતો ન હોય જેથી અંતે એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં આ ફરિયાદ નોંધાવી છે.

વેપારીએ જણાવ્યું હતું કે, બંગાળી કારીગર સફિકુલ શેખ કારીગરના રૂમેથી કોઈને કહ્યા વગર ચાવી લઈ અને દુકાને આવી ટેબલના ખાના રાખેલ સોનુ વજન ૧૩૪૯-૩૩૦ ગ્રામ ૧૮ કેરેટ વાળુ જેની કી.રૂ. ૧,૦૧,૦૯,૮૫૫ જેટલી થાય તે સોનુ ચોરી કરી લઈ ગયો હતો. બનાવને લઈ એ ડિવિઝનના પીઆઇ બી.વી.બોરીસાગરની રાહબરીમાં પીએસઆઈ બી.આર.સાવલીયા તથા ટીમે તપાસ હાથ ધરી છે.

**ચારેક માસ પૂવ...**

મીક્ષ દાગીના ઘાટકામ કામ માટે આપ્યાં હતા. જેમાંથી અબુઝાફરે ૫૦૦ ગ્રામ સોનુ પરત કરી ૮૦૦ ગ્રામ પરત ન આપી છેતરપીંડી આચરી હતી.

**મોદીના જન્મદિન...**

પણ ઉપલબ્ધ કરવામાં આવશે.

પૂર્વ પ્રસૂતિ અને પ્રસૂતા માતા સંબધિત સેવાઓ, રસીકરણ અને બાળ સ્વાસ્થ્ય સંબધિત સેવાઓ, કિશોરી સ્વાસ્થ્ય અંતર્ગત એનીમિયા અને માસિક સ્વચ્છતા સંબધિત સેવાઓ, ડાયાબિટીસ, બી.પી, જેવા બિન ચેપી રોગો , ઓરલ, સર્વાઇકલ અને બ્રેસ્ટ કેન્સરનું સ્ક્રીનિંગ અને સારવાર સંબધિત સેવાઓ, સિકલ સેલ રોગ માટેનું સ્ક્રીનિંગ અને સારવાર, ટીબી, માનસિક સ્વાસ્થય, આંખ, ઈએનટી સેવાઓ અને ડેન્ટલ સંબધિત સેવાઓ, મેદસ્વિતા જાગૃતિ, દેહ/અંગદાન જાગૃતિ, આયુષ સેવાઓને સાંકળીને જેરિયાટ્રિક કેર, આયુષ્યમાન ભારત અને વય વંદન કાર્ડ સંબધિત સેવાઓ, રક્તદાન શિબિરો અને જાગૃતિ વિગેરે જેવી સેવાઓ આપવામાં આવશે.

વડાપ્રધાનના જન્મ દિવસ નિમિત્તે રાજ્યમાં અંદાજે કુલ ૧,૪૧,૦૩૭ જેટલા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં પેટા આરોગ્ય કેન્દ્ર-આયુષ્માન આરોગ્ય મંદિર દ્વારા ૧,૦૦,૮૫૪, પ્રાથામિક આરોગ્ય કેન્દ્ર દ્વારા ૨૦,૦૦૭, શહેરી પ્રાથામિક આરોગ્ય કેન્દ્ર દ્વારા ૫,૫૯૦, શહેરી આયુષ્માન આરોગ્ય મંદિર દ્વારા ૯,૯૭૧ અને સામુહિક આરોગ્ય કેન્દ્ર દ્વારા ૪,૬૧૫ જેટલા કેમ્પનો સમાવેશ થાય છે.

આમ રાજ્યમાં ૧૦,૮૪૯ સ્પેશ્યાલિસ્ટ કેમ્પ અને ૧,૩૦,૧૮૮ સ્ક્રીનીંગ કેમ્પનું આયોજન કરીને નાગરિકોને નિઃશુલ્ક આરોગ્ય સેવાઓનો લાભ આપવામાં આવશે.

આ પખવાડીયા દરમ્યાન તમામ સરકારી આરોગ્ય સંસ્થાઓ ખાતે થનાર તમામ મેડિકલ કેમ્પમાં આરોગ્ય વિષયક સેવાઓ જેવી કે મેડિકલ ચેક-અપ, સ્ક્રીનિંગ, નિદાન, લેબોરેટરી ટેસ્ટ, ડાયગ્નોસ્ટિક ટેસ્ટ, રેડિયોલોજીકલ ટેસ્ટ જેવા કે એક્સ-રે, સોનોગ્રાફી, એમઆરઆઈ સી.ટી. સ્કેન વગેરે નિઃશુલ્ક કરવામાં આવશે. વધુમાં ૧૫ દિવસના સમયગાળા દરમિયાન તબીબો દ્વારા કેમ્પમાં પ્રિસ્ક્રાઇબ કરેલા ટેસ્ટને પછીથી પણ નિયતસમયમર્યાદામાં વિનામૂલ્યે કરી આપવામાં આવશે.

આ ઉપરાંત અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ સહિત રાજ્યમાં ૬૦૦ જેટલી જગ્યાએ મેગા બ્લડ ડોનેશન ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે.

આરોગ્ય સેવાના આ પખવાડિયામાં રાજ્યની પ્રત્યેક મહિલાઓ તેમના પરિવારજનો સહિત તમામ નાગરિકોને બહોળી માત્રામાં કેમ્પનો લાભ લેવા માટે આરોગ્ય મંત્રીએ અનુરોધ કર્યો છે.

**મેદસ્વિતા મુક્તિ અભિયાન...**

નાગરિકોને મેદસ્વિતાથી મુક્તિ આપવાની દિશામાં યોગ બોર્ડ દ્વારા પ્રયત્નો કરવામાં આવશે. યોગ આપણી સંસ્કૃતિ છે. યોગના માધ્યમથી સ્વાસ્થ્ય વર્ધનની સાથો-સાથ વજન પણ ઓછું થાય છે. 'મેદસ્વિતા મુક્તિ અભિયાન' અંતર્ગત યોગશાસ્ત્ર અને આહારશાસ્ત્ર પર અમે વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીશું. આ અભિયાન અંતર્ગત રાજ્યમાં ૭૫ સ્થળોએ યોગ બોર્ડ અને આરોગ્ય વિભાગની મેડીકલ ટીમ પરિણામલક્ષી કાર્યક્રમો યોજીને નાગરિકોનો બ્લડ ટેસ્ટ, બોડી માસ ઈન્ડેક્સ તૈયાર કરીને સ્થળ પર જ ડાયટપ્લાન આપશે.

વધુમાં શીશપાલ રાજપૂતે કહ્યું કે, 'મેદસ્વિતા મુક્તિ અભિયાન' અંતર્ગત ભારતમાં ગુજરાત પ્રથમ રાજ્ય હશે, જ્યાં ૧૦ લાખ લોકોનું વજન ઓછું થયું હશે. ગુજરાત યોગ બોર્ડ ફક્ત યોગ દિવસ એટલે કે, ૨૧ જૂને જ કાર્ય નથી કરતું, પરંતુ સમગ્ર વર્ષ દરમિયાન કાર્યરત રહીને નાગરિકોનાં સ્વાસ્થ્યની ચિંતા કરે છે. યોગ બોર્ડ દ્વારા સમગ્ર ગુજરાતમાં આયોજિત ૫૦૦૦થી વધુ નિઃશુલ્ક યોગ વર્ગોમાં અંદાજિત ૫ લાખથી વધુ નાગરિકો જોડાયા છે. આ યોગ કેમ્પમાં જોડાઈને રાજ્યના નાગરીકોએ ૫ કિ.લો, ૧૦ કિ.લોથી લઈને ૨૦ કિ.લો જેટલું વજન ઘટાડ્યું છે.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ચેરમેન શીશપાલે વધુમાં ઉમેર્યું કે, ગુજરાત રાજ્ય યોગ બોર્ડની ટીમ મહાનગરોમાં, જિલ્લાઓમાં, તાલુકા કક્ષાએ રાજ્યમાં કાર્યરત છે. ગુજરાતનાં નાગરિકો યોગી બનીને નિરોગી બને તે દિશામાં યોગ બોર્ડ આગામી સમયમાં ગામે - ગામ સુધી પોતાના યોગ કેન્દ્રોનું આયોજન કરશે. મેદસ્વિતા એ આજે સમાજ માટે ચિંતાનો વિષય બન્યો છે. મેદસ્વિતાએ બીમારીઓનો ખજાનો છે. 'મેદસ્વિતા મુક્તિ અભિયાન' નાગરિકોના તન અને મનનો ભાર ઘટાડવામાં એક અસરકારક પગલું પૂરવાર થશે.

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ આ અભિયાનમાં જોડાઈને 'સ્વસ્થ ગુજરાત, સુખી ગુજરાત' બનાવવાની નેમ લીધી છે. આમ રાજ્યના નાગરિકોને 'મેદસ્વિતા મુક્તિ અભિયાન'માં જોડાઈને યોગી અને નિરોગી બનવા તેમણે અનુરોધ કર્યો હતો.

**જસદણના લીલાપુર ગામ...**

ઓડેદરાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એચ સી ગોહિલ અને આર વી ભીમાણીની રાહબરી હેઠળ એલસીબીની ટીમ જસદણ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. દરમિયાન લીલાપુર ગામ નજીક આવેલ લીલાપુર હાયર સેકન્ડરી સ્કૂલની સામે જસદણ-વિછીયા હાઈવે રોડ ઉપરથી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ભરી જુનાગઢ તરફ જઈ રહેલા ટ્રકને ઝડપી લેવામાં આવ્યો હતો. એલસીબી ટીમએ ટ્રકની ઝડતી કરતા તેમાંથી રૂ.૫૯,૩૬,૪૦૦ ની કિંમતનો ૧૨૬૪૮ બોટલ શરાબ મળી આવ્યો હતો. જેથી એલસીબીની ટીમે દારૂ, ટ્રક, રોકડ અને મોબાઈલ મળી કુલ રૂ.૬૫,૩૦,૧૦૦ ના મુદ્દામાલ સાથે રાજસ્થાની ડ્રાઈવર ધર્મેન્દ્ર કૈલાશજી મેઘવંશી (રહે અજમેર, રાજસ્થાન) અને ક્લીનર ગોવર્ધનસિંગ કાલુસિંગ રાવત (રહે અજમેર, રાજસ્થાન)ની ધરપકડ કરવામાં આવી હતી.

રૂરલ એલસીબી ટીમની પ્રાથમિક પૂછપરછમાં રાજસ્થાની ડ્રાઈવર-ક્લીનર કેફિયત આપી હતી કે, દારૂનો જથ્થો મૂળ રાજસ્થાનના જયપુરના વતની શિવ પ્રતાપ સિંઘે હરિયાણા ખાતેથી મોકલ્યો હતો અને ટ્રક જુનાગઢના મેંદરડા ખાતે પહોંચાડવાનો હતો. સપ્લાયર સતત ફોન પર દોરી સંચાર પૂરો પાડી રહ્યો હતો તેવું પણ પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું. જેથી રૂરલ એલસીબી ટીમે સપ્લાયર શિવ પ્રતાપસિંહ, જૂનાગઢનો બુટલેગર અને ટ્રક માલિક એમ મળી કુલ ત્રણ શખ્સોની શોધખોળ શરૂ કરી હતી.

દારૂના દરોડામાં એલસીબી પીઆઇ વી વી ઓડેદરા, પીએસઆઈ એચ સી ગોહિલ, આર વી ભીમાણી, એએસઆઈ બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, ઈન્દ્રસિંહ જાડેજા, જયવીરસિંહ રાણા, અનિલભાઈ ગુજરાતી, હેડ કોન્સ્ટેબલ ભગીરથસિંહ જાડેજા, ધર્મેશભાઈ બાવળીયા, વાઘાભાઈ આલ, પ્રણયભાઈ સાવરીયા, મનોજભાઈ બાયલ, કોન્સ્ટેબલ ભાવેશભાઈ મકવાણા, મહિપાલસિંહ ચુડાસમા, મેહુલભાઈ સોનરાજ સહિતના રોકાયા હતા.

**લીંબડી...**

શોધખોળ હાથ ધરવામાં આવી છે. સૌરાષ્ટ્રના પ્રવેશદ્વાર સમા ઝાલાવાડ પંથકના બુટલેગરો દ્વારા મોટાપાયે વિદેશી દારૂની ફેરા ફેરી કરતા હોવાની સ્ટેટ મોનિટરિંગ સેલ ના વડા નીલિત રાયેના ધ્યાને આવતા આ દૂષણ ને ડામી દેવા આપેલી સૂચનાને પગલે એસપી મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એસવી ગરચર સહિતના સ્ટાફ દ્વારા લીબડી નજીક પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ત્યારે જાખણ ગામ નજીક પંજાબી પાવન ધાબા નામની હોટલે પાર્ક કરેલા ટ્રકમાં વિદેશી દારૂનો જથ્થો હોવાની સ્ટાફને મળેલી બાતમીના આધારે સાથે ધરોડો પાડ્યો હતો દરોડા દરમિયાન વાહનમાં મટીરીયલ બેગ નીચે છુપાવેલો રૂપિયા ૫૫. ૪૭ લાખની કિંમત ૨૮૭૪૪ બોટલ વિદેશી દારૂ સાથે રાજસ્થાનના બિયાવર નો ટ્રક ચાલક હરદયાલ સિંહ નારાયણ સિંહ રાવત ઉપેન્દ્રસિંહ રાવત સહિત શખ્સની ધરપકડ કરી દારૂ વાહન ત્રણ મોબાઈલ રોકડ અને મટીરીયલ બેગ મળી રૂપિયા ૮૪ . ૬૯ લાખનો મુદ્દામાંલ કબજે કર્યો છે ઝડપાયેલા શખ્સની પ્રાથમિક પૂછપરછ માં આ દારૂનો જથ્થો ચોટીલા પહોંચાડવાનો હતો અને ચંદીગઢ થી મોકલ્યો હતો અને રાજસ્થાનના અજમેર ના કરતારસિંહ નામના બુટલેગરનો આ દારૂનો જથ્થો હોવાનું કબુલાત આપતા પોલીસે ચારે શખ્સ સામે ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરવામાં આવી છે.

**પોલીસ સ્ટેશનોને રેન્કિંગ...**

વૃક્ષારોપણ કાર્યક્રમો, સીસીટીવી કેમેરા અને ફાયર સેફ્ટી જેવી પાયાની સુવિધાઓને પણ ગુણ આપવામાં આવશે. એટલું જ નહીં, સંબંધિત પોલીસ સ્ટેશનના પીએસઓ અને એસએચઓ દ્વારા સરકારી નંબરનો ઉપયોગ પણ આ મૂલ્યાંકનમાં સામેલ કરવામાં આવ્યો છે.

આ નવી પદ્ધતિ મુજબ, દરેક શહેર અને જિલ્લાના પ્રથમ ત્રણ ક્રમ મેળવનાર પોલીસ સ્ટેશનને રાજ્યના પોલીસ વડા તરફથી પ્રશંસાપત્ર એનાયત કરવામાં આવશે. આનાથી પોલીસ સ્ટેશનો વચ્ચે નાગરિકોને વધુ સારી સેવાઓ પૂરી પાડવા માટે સકારાત્મક સ્પર્ધાનું વાતાવરણ ઊભું થશે.તાજેતરમાં આ નવી પદ્ધતીના આધારે ગુજરાત રાજ્યના તમામ જિલ્લાઓમાં પોલીસ સ્ટેશનોની રેન્કિંગની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. પ્રથમ સ્થાન મેળવનાર પોલીસ સ્ટેશનોના થાણા ઈન્ચાર્જને રાજ્ય પોલીસ વડા દ્વારા પ્રશંસાપત્ર પાઠવવામાં આવ્યા છે.

# દુઃખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટ :** મૂળ ઘેડ કોઈલાણા, હાલ રાજકોટ નિવાસી ઔદીચ્ય ઝાલાવાડી બ્રાહ્મણ જગદીશભાઈ દલસુખભાઈ જોશી (ઉં. વ. ૭૦) તે અશોકભાઈના મોટાભાઈ તેમજ ભાર્ગવભાઈ જોશી (પત્રકાર)ના પિતાનું તા. ૧૪ના રોજ અવસાન થયું છે. સદગતનું ઉઠમણું તા. ૧૯ને શુક્રવારના રોજ, સાંજે ૪ થી ૬, અમરનાથ મહાદેવ મંદિર, અંકુર સ્કૂલ પાછળ, ગુરુપ્રસાદ ચોક, રાજકોટ ખાતે રાખેલ છે.

**પડધરીઃ** વાણંદ મુળ સાલપીપળીયા હાલ પડધરી સ્વ. કાન્તાબેન બટુકભાઈ ગોહેલ (ઉ.વ.૭૫) તે બીપીનભાઈ, રસીકભાઈના માતા, ગોવિંદભાઈ, દિનેશભાઈ, જેન્તીભાઈ, નીતીનભાઈ મવડીવાળાના કાકીમાં, ઓટાળાવાળા લખતરિયા સ્વ.પોપટભાઈ, સ્વ. ડાયાભાઈભાઈ, નરભેરામ, ગણેશભાઈના બહેનનું તા. ૧૫ ને સોમવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૮ ને ગુરુવારના રોજ સાંજે ૪ થી ૬ દરમિયાન પ્રગટેશ્વર મહાદેવ મંદિર પડધરી ખાતે બન્ને પક્ષનું સાથે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# નયારા એનર્જી ભારતીય પેટ્રોલ કંપનીઓને ડિસ્કાઉન્ટથી માલ આપશે

## યુરોપીયન સંઘના પ્રતિબંધોને કારણે નિકાસ ન થઈ શકતા પેટ્રોલ અને ડીઝલને સ્થાનિક બજારમાં વેચવાની તૈયારીઃ સરકારી પેટ્રોલ કંપનીઓને ૧થી ૨ ડોલરનું ડિસ્કાઉન્ટ મળે તેવી શકયતા

**અબતક, નવી દિલ્હી**

રશિયન માલિકીની નયારા એનર્જીને યુરોપીયન સંઘના પ્રતિબંધોને કારણે નિકાસ ન થઈ શકતા પેટ્રોલ અને ડીઝલને ભારતની સરકારી ઓઈલ માર્કેટિંગ કંપનીઓને વેચવા માટે ૧થી ૨ ડોલર પ્રતિ બેરલનું ડિસ્કાઉન્ટ આપવું પડી શકે છે, એવું આ મામલે જાણકાર સૂત્રોએ જણાવ્યું.

રોસન્ફટ-સમર્થિત નયારા એનર્જી, જે ગુજરાતમાં ૨૦ મિલિયન ટનની રિફાઈનરી ચલાવે છે, તેણે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન, ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન સાથે તેના રિફાઈન્ડ ઈંધણના વેચાણ માટે ચર્ચા કરી છે. આ સરકારી પેટ્રોલ કંપનીઓએ ઈંધણ ખરીદવા માટે ડિસ્કાઉન્ટની માગણી કરી છે.

એક ઉદ્યોગ નિષ્ણાતે જણાવ્યું, ''સામાન્ય રીતે, ઓઈલ કંપનીઓ વચ્ચેનું વેચાણ ક્રૂડ ઓઈલની કિંમતના આધારે નિશ્ચિત ફોર્મ્યુલા પર થાય છે. પરંતુ નયારા એનર્જી રશિયન ક્રૂડનો ઉપયોગ ડિસ્કાઉન્ટ દરે કરે છે, તેથી સરકારી પેટ્રોલ કંપનીઓ દ્વારા ડિસ્કાઉન્ટની માગણી કરવી સ્વાભાવિક છે.'' રશિયન ઉરલ્સ ક્રૂડ પર હાલમાં ૨-૩ ડોલર પ્રતિ બેરલનું ડિસ્કાઉન્ટ છે.

જોકે, યુરોપીયન સંઘે ૧૮ જુલાઈએ રશિયા પર પ્રતિબંધો લાદ્યા બાદ નયારા એનર્જી તેના રિફાઈન્ડ ઈંધણની નિકાસ કરી શકતી નથી, જેના કારણે તેની રિફાઈનરી હાલમાં ૬૦% ક્ષમતા પર ચાલે છે, જે જુલાઈમાં ૧૦૦%થી વધુ હતી. આ પ્રતિબંધોને કારણે કંપની યુરોપીયન દેશોમાં પેટ્રોલ અને ડીઝલ જેવા ઈંધણની નિકાસ કરી શકતી નથી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, નયારા એનર્જી એશિયન બજારો, લેટિન અમેરિકા અને મધ્ય પૂર્વમાં ઈંધણની નિકાસની શકયતાઓ શોધી રહી છે. યુરોપીયન પ્રતિબંધોમાં રશિયન ક્રૂડમાંથી રિફાઈન્ડ ઈંધણની આયાત પર પ્રતિબંધ, રશિયન તેલની કિંમતની મર્યાદા ૬૦ ડોલરથી ઘટાડીને ૪૭.૬૦ ડોલર પ્રતિ બેરલ કરવી અને તેના પરિવહનમાં સામેલ શેડો ફ્લીટને નિશાન બનાવવાનો સમાવેશ થાય છે.નયારા એનર્જી રશિયન માલિકીને કારણે આ પ્રતિબંધોના ચક્કરમાં ફસાઈ છે, જેમાં રશિયાની રાષ્ટ્રીય ઉર્જા કંપની રોસન્ફટનો ૪૯.૧૩% હિસ્સો છે. સિંગાપોરના ટ્રાફિગુરા ગ્રૂપ અને રશિયાના યુસીપી કન્સોર્ટિયમ પાસે ૨૪.૫% હિસ્સો છે, જ્યારે બાકીનો હિસ્સો રિટેલ શેરહોલ્ડર્સ પાસે છે.

### નયારા એનર્જી દેશની બીજી સૌથી મોટી રિફાઈનરી

નયારા એનર્જી ગુજરાતના વાડીનારમાં ભારતની બીજી સૌથી મોટી એકીકૃત રિફાઈનરી ચલાવે છે, જે દેશના કુલ રિફાઈનિંગ આઉટપુટના લગભગ ૮% હિસ્સો આપે છે. કંપની તેના ૭૦% રિફાઈન્ડ ઈંધણને ભારતમાં ૬,૬૦૦થી વધુ રિટેલ આઉટલેટ્સ દ્વારા વેચે છે અને બાકીનું નિકાસ કરે છે.કંપની હાલમાં પેટ્રોકેમિકલ અને વૈકલ્પિક ઉર્જા ક્ષેત્રોમાં પોતાની હાજરી વધારવા માટે રિફાઈનરીની ક્ષમતા વિસ્તારી રહી છે.

## નયારા એનર્જી માટે વેપાર ચૂકવણીની વ્યવસ્થા ગોઠવવા યુકો બેંકને મળી લીલીઝંડી

ભારતીય બેંક યુકો બેંકને સરકાર તરફથી નયારા એનર્જી લિમિટેડ માટે વેપાર ચૂકવણીની સુવિધા આપવાની મંજૂરી મળી છે. આ માહિતી સૂત્રો દ્વારા સામે આવી છે. યુરોપિયન યુનિયન દ્વારા નયારા એનર્જી પર પ્રતિબંધ મૂકાયા બાદ મોટી નાણાકીય સંસ્થાઓએ તેની સાથે વ્યવહાર બંધ કરી દીધો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, રાજ્યની મધ્યમ કદની આ બેંકના વરિષ્ઠ અધિકારીઓએ તાજેતરમાં નાણા મંત્રાલયના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં નયારા એનર્જી માટે ચૂકવણીની પ્રક્રિયા હાથ ધરવાની જવાબદારી યુકો બેંકને સોંપવામાં આવી હતી. નયારા એનર્જીમાં રશિયન તેલ કંપની રોસનેફ્ટ પીજેએસસીનો ૪૯% હિસ્સો છે. ચૂકવણીની ચલણની પસંદગી સહિતની ઓપરેશનલ વિગતો હજુ નક્કી થવાની બાકી છે. નયારા, યુકો બેંક અને નાણા મંત્રાલયે આ અંગે ટિપ્પણી માટેના ઈમેલનો તાત્કાલિક જવાબ આપ્યો નથી. ગયા મહિને નયારાએ સરકારી અધિકારીઓનો સંપર્ક કરીને એવી ઘરેલુ બેંક સાથે સંબંધ સ્થાપવા માટે મદદ માંગી હતી, જેની વિદેશી હાજરી મર્યાદિત હોય, જેથી ક્રૂડ ઓઈલની આયાત અને રિફાઈન્ડ ઈંધણની નિકાસ માટે ચૂકવણીની પ્રક્રિયા સરળ બને. યુકો બેંક, જેણે ભૂતકાળમાં ઈરાન સાથેના તેલ વેપારમાં સુવિધા આપી હતી, તેનું નામ ત્યારે સંભવિત ઉમેદવાર તરીકે ચર્ચાયું હતું. નયારાએ અલગથી સ્થાનિક ઉત્પાદનોના પરિવહન માટે જહાજોની વ્યવસ્થા માટે પણ સરકારી મદદ માંગી છે, કારણ કે સ્થાનિક જહાજ માલિકોએ કંપની સાથે કામ કરવાનું બંધ કરી દીધું છે. જુલાઈમાં યુરોપિયન યુનિયન દ્વારા નયારા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. પ્રતિબંધ બાદ, નયારાએ ઈંધણના શિપમેન્ટ લોડ થાય તે પહેલાં એડવાન્સ ચૂકવણી અથવા લેટર ઓફ ક્રેડિટની માંગ કરી છે અને તેના પ્લાન્ટની ઉત્પાદન ક્ષમતા ઘટાડી છે. જહાજો તેના ટર્મિનલથી દૂર થઈ ગયા છે.

## કટોકટી સમયે ઈંધણ અછત ઉભી ન થાય તે માટે મેઘા એન્જી. સાથે પેટ્રોલિયમ રિઝર્વનો

### કંપની કર્ણાટકમાં પેટ્રોલિયમ રિઝર્વની વ્યવસ્થા ઉભી કરશે, જ્યાં ૮થી ૯ દિવસ ચાલે તેટલો ઈંધણનો જથ્થો સંગ્રહીત થશે

મેઘા એન્જિનિયરિંગ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર્સ લિમિટેડએ ભારતના પ્રથમ ખાનગી ક્ષેત્રના સ્ટ્રેટેજિક પેટ્રોલિયમ રિઝર્વના નિર્માણ અને સંચાલન માટેનો મહત્ત્વપૂર્ણ કરાર હાંસલ કર્યો છે, આ રૂ. ૫,૭૦૦ કરોડના પ્રોજેક્ટમાં હાલના ભાવે અંદાજે ૧.૨૫ બિલિયન ડોલર એટલે કે રૂ. ૧૧,૦૨૦ કરોડની ક્રૂડ ઓઈલ ભરવાની કિંમતનો સમાવેશ થાય છે, જે દેશની ઊર્જા સુરક્ષા મજબૂત કરવા માટેનું અત્યાર સુધીનું સૌથી મોટું ખાનગી પહેલ છે. મેઘા એન્જિનિયરિંગને કર્ણાટકના પદુર ખાતે ૨.૫ મિલિયન મેટ્રિક ટનના એસપીઆર નું નિર્માણ કરવા માટે પાંચ વર્ષ અને તેનું સંચાલન કરવા માટે ૬૦ વર્ષનો સમય આપવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ ભારતના હાલના ૫.૩૩ એમએમટી ના સ્ટ્રેટેજિક સ્ટોકપાઈલને નોંધપાત્ર રીતે વધારશે, જે હાલમાં સંપૂર્ણ ભરેલું હોય તો માત્ર ૮-૯ દિવસની ક્રૂડ ઓઈલની માંગને પૂરી કરી શકે છે.

ભારતના હાલના સ્ટ્રેટેજિક રિઝર્વનો એક ભાગ પદુરમાં પહેલેથી જ આવેલો છે. ઈન્ડિયન સ્ટ્રેટેજિક પેટ્રોલિયમ રિઝર્વ્સ લિમિટેડ, જે રાજ્યની માલિકીની સંસ્થા છે અને હાલના એસપીઆર નું સંચાલન કરે છે, તેણે આ બિડનું આયોજન કર્યું હતું. બિડનો આધાર માત્ર વાયેબિલિટી ગેપ ફંડિંગની રકમ પર હતો, જે પ્રોજેક્ટની કુલ કિંમત રૂ. ૫,૭૦૦ કરોડના ૬૦% સુધી મર્યાદિત હતું, એટલે કે રૂ. ૩,૪૨૦ કરોડ. ભારતની હાલની એસપીઆર ક્ષમતા ૩૯ મિલિયન બેરલ છે, જે આઈએસપીઆરએલ દ્વારા સંચાલિત થાય છે અને વિશાખાપટ્ટનમ, મેંગલુરુ અને પદુર ખાતે ભૂગર્ભ ગુફાઓમાં આવેલી છે. આ અમેરિકાના ૭૨૭ મિલિયન બેરલ અને ચીનના અંદાજે ૧,૨૦૦ મિલિયન બેરલની એસપીઆર ક્ષમતાની સરખામણીમાં ઘણી ઓછી છે.

## ટ્રેડ વોર વચ્ચારે મુંદ્રા પોર્ટે બ્લેકલીસ્ટ જહાજ ઉપર પ્રતિબંધ મુકતા રશિયન ક્રૂડનું જહાજ વાડીનાર તરફ વળ્યું

અદાણી ગ્રૂપે તેના મુંદ્રા બંદર પર બ્લેકલિસ્ટેડ જહાજોના પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યા બાદ, રશિયન તેલ વહન કરતું સેન્ક્શન્ડ જહાજ નોબલ વોકર ભારતના વડીનાર બંદર તરફ વળ્યું છે. નોબલ વોકર, જે ભારતીય રિફાઈનરી એચપીસીએલ મિત્તલ એનર્જી લિમિટેડ માટે લગભગ ૧૦ લાખ બેરલ રશિયન ક્રૂડ ઓઈલ વહન કરી રહ્યું છે, તે શુક્રવાર સુધી મુંદ્રા બંદર તરફ જઈ રહ્યું હતું, એવું શિપિંગ રિપોર્ટ્સ અને એલએસઈજી તથા ક્પ્લેરના ડેટા અનુસાર જાણવા મળ્યું. આ જહાજને યુરોપિયન યુનિયન અને બ્રિટન દ્વારા રશિયન તેલનું પરિવહન કરવા બદલ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ગયા સપ્તાહે, અદાણીએ તેના પશ્ચિમ ભારતના મુંદ્રા સહિત ૧૪ બંદરો પર યુરોપિયન યુનિયન, બ્રિટન અને યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા પ્રતિબંધિત જહાજોના પ્રવેશ પર રોક લગાવવાનો આદેશ જારી કર્યો હતો. ભારતીય રિફાઈનરીઓ એચએમઈએલ અને ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન આ બંદરનો ઉપયોગ રશિયા સહિતના તેલ આયાત માટે કરે છે. ૨૦૨૨માં યુક્રેન પર રશિયાના આક્રમણ બાદ પશ્ચિમી દેશો દ્વારા મોસ્કો પર લાદવામાં આવેલા પ્રતિબંધોને કારણે ભારત સમુદ્રી માર્ગે રશિયન તેલનું સૌથી મોટું ખરીદદાર બન્યું છે. જોકે, ભારતે રશિયન સપ્લાય સાથે સંકળાયેલા જહાજો અને વ્યવહારોની દેખરેખને વધુ કડક કરી છે.

રશિયન તેલ મોટાભાગે તથાકથિત ''શેડો ફ્લીટ'' દ્વારા પરિવહન થાય છે, જેના પર યુનાઈટેડ સ્ટેટ્સ, યુરોપિયન યુનિયન અને બ્રિટને જહાજો, વેપારીઓ અને કંપનીઓને નિશાન બનાવીને રશિયાની તેલની આવક, જે તેની આર્થિક જીવનરેખા છે, તેને ઘટાડવા માટે અનેક પ્રતિબંધો લાદ્યા છે. અન્ય એક પ્રતિબંધિત ટેન્કર, સ્પાર્ટન, જે ૧૦ લાખ બેરલ રશિયન ક્રૂડ ઓઈલ વહન કરે છે, તે સોમવારે મુંદ્રા બંદર નજીક લંગરેલું હતું. આ જહાજે સોમવારે બંદર પર પોતાનું ક્રૂડ ઓઈલ ઉતારવાનું હતું.

# છેલ્લા ૫ મહિનામાં ગુજરાતમાં ગ્રીન એનર્જીની ક્ષમતામાં ૬૬૩૨ મેગાવોટનો વધારો

## ગુજરાત ગ્રીન એનર્જીમાં દેશનું અગ્રણી રાજ્ય બન્યું : હાલ રાજ્યની ગ્રીન પાવર ક્ષમતા ૩૯,૨૭૫.૭ મેગાવોટ સુધી પહોંચી

**અબતક, ગાંધીનગર**

ગુજરાતે ગ્રીન એનર્જી ક્ષેત્રે દેશમાં મોખરાનું સ્થાન હાંસલ કર્યું છે, જેમાં છેલ્લાં પાંચ મહિનામાં ઝડપથી ક્ષમતા વધારો થયો છે. એપ્રિલથી ઓગસ્ટ ૨૦૨૫ દરમિયાન રાજ્યમાં ૬,૬૩૨ મેગાવોટ ગ્રીન પાવર ક્ષમતા વધારવામાં આવી છે. જે ગત નાણાકીય વર્ષની કુલ ક્ષમતા ઉમેરણની નજીક છે.

કેન્દ્રીય નવીનીકરણીય ઉર્જા મંત્રાલયના ડેટા અનુસાર, ૩૧ માર્ચ, ૨૦૨૪ના રોજ ગુજરાતની સ્થાપિત ગ્રીન એનર્જીની ક્ષમતા ૨૫,૪૭૧.૭ મેગાવોટ હતી. જે ૩૧ માર્ચ, ૨૦૨૫ સુધીમાં ૩૩,૩૯૩ મેગાવોટ થઈ, એટલે કે ૧૨ મહિનામાં ૭,૯૨૧ મેગાવોટનો ચોખ્ખો ઉમેરો થયો. જોકે, ૩૧ ઓગસ્ટ, ૨૦૨૫ સુધીમાં આ આંકડો ૩૯,૨૭૫.૭ મેગાવોટ સુધી પહોંચી ગયો, જે નાણાકીય વર્ષ ૨૦૨૫ના કુલ ક્ષમતા ઉમેરણના લગભગ ૮૩%નો હિસ્સો માત્ર પાંચ મહિનામાં થયો.

સોલાર એનર્જી કન્સલ્ટન્ટ જયદીપ માલવીયાએ જણાવ્યું, ''સરકારની આક્રમક નીતિઓ અને અનુકૂળ વાતાવરણે ગ્રીન એનર્જીની સ્થાપનોમાં વૃદ્ધિને વેગ આપ્યો છે. ગુજરાતે રૂફટોપ સોલાર સ્થાપનોમાં પણ અન્ય રાજ્યો માટે એક ઉદાહરણ સ્થાપિત કર્યું છે.'' તેમણે ઉમેર્યું, ''ગુજરાતે બતાવ્યું છે કે ગ્રીન એનર્જીઆર્થિક રીતે પોસાય છે અને મોટા પાયે સરળતાથી લાગુ કરી શકાય છે. આ ગ્રીન એનર્જીની સ્વીકૃતિને પણ દર્શાવે છે, અને જો સરકાર લક્ષ્યાંક બમણો કરે તો પણ તે હાંસલ કરી શકાય છે.''

અધિકારીઓ અને નિષ્ણાતો આ ગતિનું કારણ મોટા પાયે સોલાર પાર્ક, સોલાર અને પવન ઉર્જાના હાઈબ્રિડ પ્રોજેક્ટ્સ અને નવા વિન્ડ ફાર્મ્સની શરૂઆતને આભારી છે. માલવીયાએ જણાવ્યું, ''આંતરરાજ્ય ટ્રાન્સમિશન ઈન્ફ્રાસ્ટ્રક્ચરની શરૂઆત અને રાજ્યની સક્રિય સુવિધાઓએ ડેવલપર્સ માટે સમયરેખાને ઝડપી બનાવી છે. પાવર ઈવેક્યુએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું યોગ્ય સંચાલન પણ વધુ ખેલાડીઓને ગ્રીન એનર્જી અપનાવવા માટે પ્રોત્સાહિત કરે છે.''

કુલ સ્થાપિત ક્ષમતામાં ૨૨,૮૦૬ મેગાવોટ સોલાર પાવર, ૧,૯૯૦ મેગાવોટ મોટા હાઈડ્રો પાવર, ૧૨૯.૮ મેગાવોટ બાયોપાવર, ૧૪,૨૩૫ મેગાવોટ વિન્ડ પાવર અને ૧૧૩ મેગાવોટ નાના હાઈડ્રો પાવરનો સમાવેશ થાય છે. ખર્ચમાં ઘટાડો થતાં ઉદ્યોગો માટે ગ્રીન એનર્જીની અપનાવવાની ક્ષમતા વધી છે. ઈન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ, ગુજરાત ચેપ્ટરના અધ્યક્ષ પાથિક પટવારીએ જણાવ્યું, ''ગ્રીન કવરની ખરીદીને પ્રોત્સાહન આપવા નીતિમાં ફેરફાર થયો છે. સ્વદેશી ઉત્પાદન અને બહુવિધ ખેલાડીઓના પ્રવેશથી સોલાર પ્રોજેક્ટ્સનો ખર્ચ ઘટ્યો છે.'' પટવારીએ ઉમેર્યું, ''આજે ગુણવત્તાયુક્ત ઉત્પાદનો સ્થાનિક રીતે ઉત્પાદિત થાય છે અને સ્પર્ધાત્મક ખર્ચે ઉપલબ્ધ છે. આ ઉપરાંત, કોર્પોરેટ્સ ઈએસજી લક્ષ્યો પ્રત્યે પ્રતિબદ્ધ છે અને કાર્બન ન્યૂટ્રલ બનવાનું લક્ષ્ય રાખે છે. ઘણી કંપનીઓ ગ્રીન એનર્જીમાં રોકાણ કરવા માટે પણ બાધ્ય છે. રેવન્યુ સુધારાઓએ સોલાર પાર્ક સ્થાપવા માટેની પાલનપ્રક્રિયાઓને સરળ બનાવી છે, જેનાથી નવા પ્રોજેક્ટ્સને પણ પ્રોત્સાહન મળ્યું છે.''

# ડીજેના ઘોંઘાટને નાથવા પોલીસ પગલાં ન લે તે દુર્ભાગ્યપૂર્ણઃ હાઈકોર્ટ

## ધ્વનિ પ્રદૂષણને કંટ્રોલ કરવા સુપ્રીમ અને હાઈકોર્ટના ચુકાદાઓને ધ્યાનમાં રાખી માર્ગદર્શિકા જાહેર

**અબતક રાજકોટ**

ધ્વનિ પ્રદૂષણને નાથવા અંગે સુપ્રીમકોર્ટે દ્વારા ૨૦૦૫માં મહત્ત્વનો ચુકાદો આપ્યો હતું. આ અંગે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનું જાહેરનામું, નોઇસ પોલ્યુશન કંટ્રોલ રેગ્યુલેશન સહિતની જોગવાઈઓ હોવા છતાં ધ્વનિ પ્રદૂષણનું ભયાનક બેકાબૂ ચાલુ રહેતા હાઈકોર્ટમાં થયેલી કન્ટેમ્ટ પિટિશનની સુનાવણી સોમવારે હાથ ધરાઈ હતી. જસ્ટિસ એ.એસ સુપહીયા અને જસ્ટિસ એલ. એસ. પીરઝદાની ખંડપીઠે ધ્વનિ પ્રદૂષણના ન્યુસન્સ અને તેને મર્યાદિત રાખવામાં સત્તાધીશોની નિષ્ફળતાને લઈને નારાજગી વ્યક્ત કરી હતી. ખાસ કરીને હાઈકોર્ટે સુપ્રીમકોર્ટના ચુકાદા અને સત્તાધીશો દ્વારા જાહેર માર્ગદર્શિકાઓનું કડકાઈથી પાલન કરાવવા સરકારને નિર્દેશ કર્યો હતો.કેસની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે ગંભીર ટકોર કરી હતી કે, ૨૦-૨૦ ફૂટ ઊંચા ડીજે અને વધુ પડતા અવાજ(ઘોંઘાટ) હોય અને છતાં પોલીસ-દ્વારા પગલાં ન લેવાય તે દુર્ભાગ્યપૂર્ણ કહી શકાય. ડીજેનું ભયંકર ન્યુસન્સ તમારું માથું ફાડી નાખે છે, જે અસહનીય હોય છે. રાજ્ય સરકાર અને જીપીસીબી તરફથી હાઈકોર્ટને જણાવાયું હતું કે, ગૃહવિભાગ અને જીપીસીબી સત્તાધીશો દ્વારા ધ્વનિ પ્રદૂષણને નાથવા સુપ્રીમકોર્ટ એને હાઈકોર્ટના સંબંધિત ચુકાદાઓને ધ્યાનમાં રાખી એસઓપી-ખાસ માર્ગદર્શિકા જાહેર કરી છે.

ગૃહવિભાગના પરિપત્ર મુજબ, રાત્રે ૧૦-૦૦ વાગ્યાથી સવારના ૬-૦૦ વાગ્યા સુધી ડીજે અને લાઉડ સ્પીકર પર પ્રતિબંધ ફરમાવાયેલો છે. ડીવાયએસપી કક્ષાના અધિકારી જ પબ્લિક એડ્રેસ સિસ્ટમ માટે મંજૂરી આપશે. આ સિવાય ૭૫ ડેસિબલથી વધુ અવાજ ન હોવો જોઈએ અને જે એરિયામાં જેટલો અવાજ હોય તેનાથી ૧૦ ડેસિબલ વધે નહીં તેવા નિયમો છે.

### રાત્રિના ૧૦થી સવારના ૬ કલાક સુધી ડીજે પર પ્રતિબંધ

સરકારપક્ષ તરફથી વધુમાં જણાવાયુ કે, રાતના ૧૦-૦૦ વાગ્યાથી સવારના ૬-૦૦ વાગ્યા સુધી લાઉડ સ્પીકરના ઉપયોગ અને ફટાકડા ફોડવા પર પણ પ્રતિબંધ છે. જાહેર સ્થળોએ નિયત માત્રા કરતાં જો ૧૦ ડેસિબલથી અવાજ વધતો હોય તો પોલીસ કલમ-૧૮૮ હેઠળ પગલાં ભરશે. આ ગુનામાં જેલ અને દંડની પણ જોગવાઈ છે. વળી, હોસ્પિટલ, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો વગેરેની આસપાસ ૧૦૦ મીટરના ઘેરાવામાં સાઉન્ડ સિસ્ટમનો ઉપયોગ પ્રતિબંધિત છે. લાઉડ સ્પીકર કે ડીજેના ઉપયોગના સાત-દિવસ પહેલાં પોલીસની મંજૂરી લેવી જરૂરી છે.

### પોલીસને કડક કાર્યવાહીનો આદેશ

હાઈકોર્ટે પોલીસ અને સંબંધિત સત્તાધીશોને ધ્વનિ પ્રદૂષણ મામલે કડક કાર્યવાહી કરવા પણ તાકીદ કરી હતી. ફરી એકવાર પુનરોચ્ચાર કર્યો હતો કે, ધ્વનિ પ્રદૂષણની સમસ્યા ગંભીર અને જનમાનસ પર અસર કરનારી છે.

એસઓપી મુજબ, સાઉન્ડ સિસ્ટમમાં સાઉન્ડ લિમિટર લગાવવું પણ ફરજિયાત છે.

જો નિયત માપદંડ કરતા વધુ પ્રમાણમાં અવાજ હોય તો પોલીસ કાર્યવાહી કરી શકે છે અને ઓડિયો સિસ્ટમ પણ જપ્ત કરી શકે છે.

# ટ્રેડ વોરની દિશા અને દશા નક્કી કરવા અમેરિકન ડેલીગેશન સાથે બેઠક

### અમેરિકન ડેલીગેશનની તેના ભારતીય સમકક્ષ સાથે બંધ બારણે બેઠક

### બન્ને તરફી નરમ વલણથી ટેરિફનો વિકલ્પ શોધાય તેના ઉપર સૌની મીટ

**અબતક, નવી દિલ્હી**

ભારત અને અમેરિકા વચ્ચે દ્વિપક્ષીય વેપાર કરાર પૂર્ણ કરવાના પ્રયાસો ફરી શરૂ થયા છે. યુએસ ચીફ ટ્રેડ નેગોશીયેટર બ્રેન્ડન લિંચ દ્વિપક્ષીય વેપાર વાટાઘાટો પર વાટાઘાટો કરવા માટે ભારતમાં છે અને મુખ્ય ભારતીય સમકક્ષ રાજેશ અગ્રવાલ સાથે તેમની બંધ બારણે વાટાઘાટો શરૂ થઈ ગઈ છે.

આજે, મંગળવાર, ૧૬ સપ્ટેમ્બરના રોજ, વેપાર વાટાઘાટો અંગે બંને વચ્ચે એક દિવસીય બેઠક થશે. લિંચના નેતૃત્વમાં યુએસ પ્રતિનિધિમંડળ સોમવારે રાત્રે ભારત પહોંચ્યું. લિંચ યુએસ સહાયક વેપાર પ્રતિનિધિ છે. ટ્રમ્પ વહીવટીતંત્રના મુખ્ય વાટાઘાટોકાર બ્રેન્ડન લિંચ મંગળવારે મુખ્ય ભારતીય વાટાઘાટોકાર રાજેશ અગ્રવાલ સાથે બંધ બારણે વાટાઘાટો કરી રહ્યા છે. આ વેપાર વાટાઘાટોનો વ્યાપક ધ્યાન માલ અને સેવાઓમાં દ્વિપક્ષીય વેપાર વધારવા, બજાર ઍક્સેસ વધારવા, ટેરિફ અને નોન-ટેરિફ અવરોધો ઘટાડવા અને સપ્લાય ચેઈન એકીકરણને વધુ ગાઢ બનાવવા માટે જરૂરી નવા પગલાં પર રહેશે.

સરકારી સૂત્રો કહે છે કે, આજની વાટાઘાટો આગામી અઠવાડિયામાં ભારત-અમેરિકા વાટાઘાટોના છઠ્ઠા રાઉન્ડ માટે જમીન તૈયાર કરવાની અપેક્ષા રાખે છે. નોંધનીય છે કે પ્રસ્તાવિત વેપાર કરાર પર બંને દેશો વચ્ચે અત્યાર સુધીમાં પાંચ રાઉન્ડની વાતચીત થઈ છે. છઠ્ઠા રાઉન્ડની વાતચીત ૨૫-૨૯ ઓગસ્ટ દરમિયાન યોજાવાની હતી પરંતુ અમેરિકા દ્વારા ભારતીય માલ પર ૫૦ ટકા ટેરિફ લાદવામાં આવતા તે મુલતવી રાખવામાં આવી હતી.

પરસ્પર લાભદાયી, બહુ-ક્ષેત્રીય દ્વિપક્ષીય વેપાર કરારના પ્રથમ તબક્કાની અંતિમ તારીખ ઓક્ટોબર/નવેમ્બર, ૨૦૨૫ (૨૦૨૫નો પાનખર) છે.

રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને વડા પ્રધાન મોદીએ દ્વિપક્ષીય વેપાર માટે એક નવું લક્ષ્ય નક્કી કર્યું છે - ''મિશન ૫૦૦'' - જેનો ઉદ્દેશ્ય ૨૦૩૦ સુધીમાં ભારત અને અમેરિકા વચ્ચેના દ્વિપક્ષીય વેપારને બમણાથી વધુ વધારીને ૫૦૦ બિલિયન ડોલર કરવાનો છે. હાલમાં બંને દેશો વચ્ચે કુલ વેપાર લગભગ ૧૯૦ બિલિયન ડોલર છે.

# દેહરાદૂનમાં વાદળ ફાટ્યું; પર્યટન સ્થળ સહસ્ત્રધારામાં તારાજીઃ ૧૦૦ લોકોનું રેસ્ક્યૂ

## શિમલામાં ભૂસ્ખલન, મંડીમાં બસો ડૂબીઃસવારથી દહેરાદૂનમાં ગાજવીજ અને વીજળી સાથે ભારે વરસાદ શરૂ થયો

**અબતક, ઉત્તરાંખડ**

ઉત્તરાખંડના દહેરાદૂનમાં સહસ્ત્રધારા કાર્લીગાડ વિસ્તારમાં સોમવારે મોડી રાત્રે વાદળ ફાટવાથી અમુક દુકાનો વહી ગઈ હતી. જોકે, આ ઘટનામાં કોઈ જાનહાનિ નથી થઈ. પરંતુ, બે લોકો ગુમ જણાવવામાં આવી રહ્યા છે. અહીં સતત રેસ્ક્યુ અને બચાવ કામગીરી શરૂ છે. તંત્ર મોડી રાતથી અહીં લોકોની મદદ માટે પહોંચી ગયું છે.

ઉત્તરાખંડને ફરી એકવાર કુદરતનો માર સહન કરવો પડી રહ્યો છે. સહસ્ત્રધારના કાર્લીગઢ વિસ્તારમાં ભારે વરસાદને કારણે રાત્રે ૧૧:૩૦ વાગ્યાની આસપાસ વાદળ ફાટવાથી લોકો ગભરાઈ ગયા હતા. વાદળ ફાટવાથી ૨-૩ મોટી હોટલોને નુકસાન થયું છે, જ્યારે બજારમાં બનેલી ૭-૮ દુકાનો ધરાશાયી થઈ ગઈ છે.

લગભગ ૧૦૦ જેટલા લોકો ઘટનાસ્થળે ફસાયા હતા જેમને ગ્રામજનોએ જાતે જ રેસ્ક્યુ કરીને બચાવી લીધા હતા. વાદળ ફાટવાની માહિતી મળતાની સાથે જ જિલ્લા વહીવટી તંત્રએ રાહત અને બચાવ કામગીરી શરૂ કરી દીધી હતી. વાદળ ફાટવાની જગ્યાની નજીક રહેતા લોકોને સુરક્ષિત જગ્યાએ ખસેડવામાં આવી રહ્યા છે. એસડીઆરએફ-એનડીઆરએફ જાહેર બાંધકામ વિભાગે રાત્રે જ કામ શરૂ કરી દીધું હતું. આ ઘટનામાં બે લોકો ગુમ થયા હોવાના અહેવાલ છે. દહેરાદૂનમાં આ દુર્ઘટના બાદ, જિલ્લા વહીવટીતંત્ર એલર્ટ મોડ પર છે. સિસ્ટમ સાથે જોડાયેલા વિભાગો પણ સક્રિય થઈ ગયા છે. સવારથી દહેરાદૂનમાં ગાજવીજ અને વીજળી સાથે ભારે વરસાદ શરૂ થયો છે. વરસાદને કારણે, આઈટી પાર્ક નજીક મોટા પ્રમાણમાં કાટમાળ ધસી ગયો હતો, જેના કારણે સોંગ નદીનું પાણીનું સ્તર ખૂબ વધી ગયું છે.

### યાત્રી સેવા દિવસ નિમિતે

## શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશન દ્વારા કાલે રકતદાન કેમ્પ

**અબતક, રાજકોટ**

જીવનદીપ બ્લડ બેંકના જરુરીયાત મંદ દર્દીઓને બ્લડ મળી રહે તેવા શુભ આશયથી શ્રીમદ્ રાજચંદ્ર સેવા ગ્રુપના સહયોગથી એરપોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડીયા દ્વારા તા. ૧૭-૯ બુધવારે સવારે ૮.૩૦ થી ૧૨.૩૦ કલાક સુધી રાજકોટ આંતરરાષ્ટ્રીય હવાઈ અડ્ડા હીરાસર ખાતે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. રકતદાતાઓને બહોળી સંખયામાં રકતદાન કરવા અનુરોધ કરાયો છે. આ કેમ્પમાં રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ ઓર્થોરીટી ઓફ ઈન્ડીયા, શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી, જીવનદીપ બ્લડ બેંકના એમ.ડી. પેથોલોજીસ્ટ ડોકટર્સની ટીમ માનવ સેવા આપશે. કોઈના જન્મદિવસ કે સ્મૃતિ રુપે રકતદાન કેમ્પનું આયોજન કરવા શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી મો. નં. ૯૪૨૮૨ ૦૦૬૬૦ નો સંપર્ક કરવા જણાવાયું છે.

### સ્વસ્થ નારી સશકત પરિવાર થીમ અંતર્ગત

# સરકારી આયુર્વેદ હોસ્પિટલ ખાતે કાલે આરોગ્ય અંગે માર્ગદર્શન સાથે પ્રદર્શન

**અબતક, રાજકોટ**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના નિયામક આયુષની કચેરી ગાંધીનગર દ્વારા પ્રેરીત પોષણ માહ ૨૦૨૫ અંતર્ગત સ્વસ્થ નારી સશકત પરિવાર થીમ અંતર્ગત વિવિધ રોગો માટે આયુર્વેદની પરંપરાત વર્ષો જુની દે જેમાં કેટલાક રોગોની સારવાર એલોપેથી થતી નથી અને આયુર્વેદ પદ્ધતિ ઋષિ મુનિ દ્વારા વિવિધ ગ્રંથોમાં જોવા મળે છે. જેમાં ગંભીરથી ગંભીર રોગો જળમુળમાંથી કાઠી નાખવાના આયુર્વેદ સારવાર શ્રેષ્ઠ છે. લોકો સ્વસ્થ રહે તે માટે અને રોગોના નિવારણ માટે આયુર્વેદ હોસ્પિટલ દ્વારા આયોજન કરેલ છે.

સરકારી આયુર્વેદ હોસ્પિટલ યુનિવર્સિટી ખાતે વિનામૂલ્યે નિદાન અને સારવારનું કાલે બુધવારના રોજ માર્ગ દર્શન અને પ્રદર્શનનું આયોજન કરેલ છે. આ આયોજનનો લાભ લેવા સરકારી આયુર્વેદના ડોકટરો દ્વારા લાભ લેવા યાદીમાં જણાવાયું છે. આ કાર્યક્રમનું આયોજન સરકારી આયુર્વેદ હોસ્પિટલ યુનિવર્સિટી રોડ અને કરણપરા આયુર્વેદ હોસ્પિટલ રાજકોટ દ્વારા કરવામાં આવ્યું છે.

### નાગરિક બેન્ક બચાવો સંઘે ગણાવ્યો 'સત્યનો વિજય'

# આરએનએસસીની ચૂંટણીમાં થયેલી ગેરરીતી મામલે આર્બીટ્રિટરની નિમણુંક

## ગુજરાત હાઈકોર્ટના સિનિયર ધારાશાસ્ત્રી હર્ષિત શિરીષચંદનની નિયુકિત : આર્બીટ્રિટર સમક્ષ વિવાદીત મેટર જતા નવા જુનીના એંધાણ

**અબતક, રાજકોટ**

ગત નવેમ્બર માસ દરમિયાન રાજકોટ નાગરિક સહકારી બેન્કમાં ૨૧ ડીરેક્ટરોની ચૂંટણી યોજાઈ હતી. સંસ્કાર પેનલના પ્રણેતા અને બેન્કના પૂર્વ ચેરમેન તેમજ ચાર્ટડ એકાઉન્ટ કલ્પકભાઈ મણીઆર સહિતના ૧૫ ઉમેદવારોએઆ ચૂંટણીમાં ઝુંકાવ્યું હતું.સંસ્કાર પેનલના ઉમેદવારી પત્રો રદ્દ કરવા, અન્ય ગેરરીતિઓ તેમજ કૌભાંડો નાગરિક બેંક દ્વારા આચરવામાં આવેલા હતા. ચૂંટણી અધિકારી તરીકે રાજકોટના કલેકટર ડ્યુઅલ મેમ્બરશીપના મુદ્દે કલ્પકભાઈ મણીઆર સહિતના ૪ ઉમેદવારોના ફોર્મ રદ્દ કરેલ હતા, જયારે હરીફ જૂથના ચૂંટાઈને આવેલા ૧૦ થી વધુ ડીરેક્ટરો ડ્યુઅલ મેમ્બરશીપ ધરાવતા હતા તેમ છતાં તેમના ફોર્મ રદ્દ થયા નહોતા. પક્ષપાત કરવામાં આવ્યો હતો.

બેન્કની આવી ગેરરીતિઓ સામે નારાજ થઈને કલ્પક મણીઆર સહિતના ૧૫ ઉમેદવારોએ સહકાર વિભાગના કેન્દ્રીય રજીસ્ટ્રાર તેમજ રાજ્યના રજીસ્ટ્રાર સમક્ષ ફરિયાદ નોંધાવેલ હતી. આ ફરિયાદના અનુસંધાને કોઈ સ્પષ્ટ નિર્ણય ના આવતા ફરિયાદીઓએ ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશિયલ સિવિલ એપ્લીકેશન જસ્ટીસ નિરલ આર. મહેતાની બેંચ સમક્ષ ન્યાય માટે દાદ માંગી હતી.

હાઈકોર્ટના નિર્દેશથી અંતે ગુજરાત સરકારના રજીસ્ટ્રાર ઓફ કો-ઓપરેટીવ સોસાયટીઝ એવા મીતેષ પંડ્યાએ આર્બીટ્રિટર તરીકે ગુજરાત હાઈકોર્ટના વરિષ્ઠ ધારાશાસ્ત્રી હર્ષિતશિરીષ ચંદન ટોળિયાની નિમણુંક કરી છે.

ગુજરાત હાઈકોર્ટમાં હાલ આ મેટર ડીસ્પોઝ થવા પામી છે.

હવે આર્બીટ્રિટર સમક્ષ શ્રી કલ્પકભાઈ મણીઆર સહિતના ૧૫ ઉમેદવારો દસ્તાવેજી આધાર પુરાવાઓ સાથે રજુઆતો કરીને ચોક્કસ ન્યાય મેળવી શકશે. છેક ગત નવેમ્બર માસમાં થઈ



ગયેલી ચૂંટણી પ્રક્રિયાની પૂર્ણતા બાદ નવા આવેલા ૨૧ ડીરેક્ટરો અત્યારે બેન્કનું શુકાન સંભાળી રહેલ છે

આમછતાં આ ચૂંટણી બાબતે આર્બીટ્રિટરની નિમણુંક થવી તે મણીઆર જૂથનો પ્રથમ તબક્કાનો વિજય છે, જે વિજયને નાગરિક બેંક બચાવો સંઘના ચંદુભા પરમાર, વિબોધ દોશી, વિશ્વેશ ધોળકિયા તેમજ ખેંગાર યોગીજીએ સત્યનો વિજય ગણાવ્યો હતો. હવે પછી આર્બીટ્રિટર સમક્ષની સુનાવણી દરમિયાન તેમજ તેમના અંતિમ હુકમથી રાજકોટ નાગરિક બેન્કના બોર્ડ ઓફ ડીરેક્ટર્સમાં પરિવર્તનો તેમજ દૂરગામી અસરો પડવાની સંભાવનાઓ છે એમ નાગરિક બેંક બચાવો સંઘે જણાવ્યું છે. આ કેસમાં કલ્પકભાઈ મણીઆર સહિતના ૧૫ અરજદારો વતી ગુજરાત હાઈકોર્ટના સીનીયર એડવોકેટ

શ્રી આનંદ બી. ગોગિયા રોકાયેલા હતા. બેંકમાં થયેલા કાલબાદેવી તેમજ જૂનાગઢ બ્રાન્ચના અસંખ્ય લોન કૌભાંડોમાં જવાબદારોને શિક્ષા મળે તે માટે સંઘર્ષ ચાલુ જ છે. કેન્દ્ર તેમજ રાજ્ય સરકારની સક્ષમ ઓથોરીટીઓ સમક્ષ થયેલા કૌભાંડોના દસ્તાવેજી આધાર પુરાવાઓ સાથે રજુઆતો કરી રહેલ છીએ. રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા સમક્ષ પણ રજુઆતો થઈ રહેલ છે. હાઈકોર્ટ સહિત કાનૂની રાહે પણ સંઘર્ષ કરી રહેલ છીએ.

# પોર્ટલ પર ઘસારો વધતા આજના દિવસ પૂરતી આઈટી રિટર્ન ભરવાની મુદત લંબાવાઈ

## આવકવેરા વિભાગે મુદત પૂરી થવાના ગણતરીના કલાકો પહેલાં, રિટર્ન ફાઈલ કરવાની તારીખ લંબાવવાનો નિર્ણય જાહેર કર્યો

**અબતક, રાજકોટ**

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે આવકવેરા રિટર્ન (આઈ.ટી.આર) ભરવાની અંતિમ તારીખ, જે ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સમાપ્ત થવાની હતી, તે હવે એક દિવસ લંબાવીને ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૫ કરવામાં આવી છે. આ નિર્ણય આવકવેરા વિભાગ દ્વારા ઈ-ફાઈલિંગ પોર્ટલ પર ભારે ઘસારા અને ટેકિનકલ ખામીઓની વ્યાપક ફરિયાદોને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે. મૂળ રૂપે, આઈ.ટી.આર ફાઈલ કરવાની અંતિમ તારીખ ૩૧ જુલાઈ, ૨૦૨૫ હતી, જે અગાઉ ૧૫ સપ્ટેમ્બર સુધી લંબાવવામાં આવી હતી. હવે ફરીથી માત્ર એક દિવસની મુદત વધારવાથી લાખો કરદાતાઓને થોડી રાહત મળી છે, જેઓ અંતિમ ઘડીએ રિટર્ન ફાઈલ કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

છેલ્લા કેટલાક દિવસોથી, આવકવેરા વિભાગના ઈ-ફાઈલિંગ પોર્ટલ incometax.gov.in પર ટેક્નિકલ સમસ્યાઓ જોવા મળી રહી હતી. ઘણા કરદાતાઓએ સોશિયલ મીડિયા પર આ પોર્ટલ ધીમું ચાલતું હોવાની, રિટર્ન અપલોડ ન થતું હોવાની અને અન્ય ગંભીર ભૂલોની ફરિયાદ કરી હતી. રિટર્ન ભરવાની અંતિમ તારીખ નજીક આવતા, પોર્ટલ પર ટ્રાફિક ખૂબ વધી ગયો હતો, જેના કારણે સિસ્ટમ પર વધુ ભાર આવ્યો અને સમસ્યાઓ વધુ વકરી. આવકવેરા વિભાગે આ ફરિયાદોની નોંધ લીધી હતી અને વપરાશકર્તાઓને બ્રાઉઝર કેશ સાફ કરવા અથવા અન્ય બ્રાઉઝરનો ઉપયોગ કરવાની સલાહ આપી હતી, પરંતુ તેમ છતાં ઘણી સમસ્યાઓ યથાવત રહી હતી.

આવકવેરા વિભાગે સોમવારે રાત્રે, એટલે કે મુદત પૂરી થવાના ગણતરીના કલાકો પહેલાં, આઈ.ટી.આર ફાઈલ કરવાની તારીખ લંબાવવાનો નિર્ણય જાહેર કર્યો. એક્સ (અગાઉ ટ્વિટર) પર એક પોસ્ટમાં વિભાગે જણાવ્યું કે, ''કરદાતાઓ ધ્યાન રાખો! ૨૦૨૫-૨૬ માટે આઈ.ટી.આર ફાઈલ કરવાની અંતિમ તારીખ, જે ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ હતી, તેને ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે.'' આ સાથે એ પણ જાહેરાત કરવામાં આવી કે પોર્ટલ પર જાળવણીનું કામ હાથ ધરવામાં આવશે. આ જાળવણીનું કામ ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ રાત્રે ૧૨:૦૦ થી ૦૨:૩૦ વાગ્યા સુધી રહેશે, જેથી પોર્ટલની કાર્યક્ષમતામાં સુધારો કરી શકાય. આ નિર્ણયથી કરદાતાઓ માટે આઈ.ટી.આર ફાઈલ કરવાની પ્રક્રિયામાં સરળતા આવશે તેવી અપેક્ષા છે.

# ૧ ઓક્ટો. થી, ઑનલાઈન રેલવે ટિકિટ બુક કરવા ૧૫ મિનિટ આધારકાર્ડ વેરિફિકેશન ફરજિયાત

## ફક્ત તત્કાલ ટિકિટ બુકિંગ માટે જ આધાર પ્રમાણીકરણ જરૂરી, પરંતુ નવા નિયમથી આ સુવિધા સામાન્ય રિઝર્વેશન માટે પણ લાગુ પડશે

**અબતક, રાજકોટ**

ભારતીય રેલવે મુસાફરોને વધુ સુવિધા અને ન્યાયી તક આપવા માટે એક મહત્ત્વનો નિર્ણય લીધો છે. ઑક્ટોબર ૧, ૨૦૨૫ થી, આઈઆરસીટીસી વેબસાઈટ અને ઍપ પરથી ઑનલાઈન રેલવે ટિકિટ બુક કરવા માટે એક નવો નિયમ લાગુ થશે. આ નિયમ હેઠળ, કોઈપણ ટ્રેન માટે બુકિંગ શરૂ થયાના પ્રથમ ૧૫ મિનિટ દરમિયાન, ફક્ત એવા મુસાફરો જ ટિકિટ બુક કરી શકશે જેમના આઈઆરસીટીસી એકાઉન્ટ આધારકાર્ડ સાથે પ્રમાણિત થયેલા હશે. આ પગલાનો મુખ્ય ઉદ્દેશ્ય અનૈતિક તત્વો અને એજન્ટો દ્વારા ટિકિટનો દુરુપયોગ અટકાવીને સામાન્ય મુસાફરોને લાભ પહોંચાડવાનો છે.

હાલમાં, ફક્ત તત્કાલ ટિકિટ બુકિંગ માટે જ આધાર પ્રમાણીકરણ જરૂરી છે, પરંતુ નવા નિયમથી આ સુવિધા સામાન્ય રિઝર્વેશન માટે પણ લાગુ પડશે. ટ્રેનો માટે રિઝર્વેશન સામાન્ય રીતે તેમના નિર્ધારિત પ્રસ્થાનના ૬૦ દિવસ પહેલા ખુલે છે. વ્યસ્ત રૂટ અને લોકપ્રિય ટ્રેનો માટે, મોટાભાગની ટિકિટો બુકિંગ શરૂ થયાના ગણતરીના મિનિટોમાં જ બુક થઈ જાય છે. આવી સ્થિતિમાં, આ નવો નિયમ એ સુનિશ્ચિત કરશે કે ટિકિટો વાસ્તવિક મુસાફરોને જ મળે, ન કે અનધિકૃત રીતે બલ્કમાં બુકિંગ કરતા એજન્ટોને. રેલવે મંત્રાલયના પરિપત્રમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે આ પગલાથી ''રિઝર્વેશન સિસ્ટમના લાભો સામાન્ય અંતિમ વપરાશકર્તા સુધી પહોંચે.'' મહત્ત્વપૂર્ણ છે કે આ નિયમ ફક્ત ઑનલાઈન બુકિંગ માટે જ લાગુ થશે. ભારતીય રેલવેના કમ્પ્યુટરાઈઝ્ડ પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ કાઉન્ટર પર જઈને ટિકિટ બુક કરાવનારા મુસાફરો માટે હાલના નિયમોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. ઉપરાંત, પ્રથમ ૧૫ મિનિટના સમયગાળા પછી, અધિકૃત ટિકિટ એજન્ટોને પણ ઑનલાઈન ટિકિટ બુક કરવાની મંજૂરી મળશે. આ પગલું તત્કાલ બુકિંગ પર લાગુ કરાયેલા સમાન નિયમની સફળતાથી પ્રેરિત છે, જેણે ટિકિટોની ઉપલબ્ધતામાં સુધારો કર્યો છે. આશા છે કે આ નવો નિયમ લાખો મુસાફરો માટે રેલવે પ્રવાસને વધુ સરળ અને ન્યાયી બનાવશે.

# અડધો અડધ વિદ્યાર્થીઓ ભણ્યા પછી જીવનની રાહે ચાલવામાં અચકાય રહ્યા છે

## સર્વેક્ષણમાં, ૧૫૦ દેશોના ૩,૦૨૧ શિક્ષકો અને ૩,૮૪૦ વિદ્યાર્થીઓના પ્રતિભાવો એકત્રિત કરાયા: પરિણામે માત્ર ૪૫% જ વિદ્યાર્થીઓ શાળા પછીના જીવન માટે તૈયાર

**અબતક, રાજકોટ**

તમામ વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણ અને ભવિષ્યના જીવન માટે તૈયારી એક મહત્વનો પડાવ છે, ત્યારે એક વૈશ્વિક સર્વેક્ષણ દર્શાવે છે કે અડધાથી ઓછા વિદ્યાર્થીઓ તેમના શૈક્ષણિક ભવિષ્ય માટે સારી રીતે તૈયાર હોવાનું અનુભવે છે. આ સર્વેમાં ભારતીય વિદ્યાર્થીઓ પણ સામેલ છે. આ વૈશ્વિક સર્વેક્ષણ અનુસાર, વિશ્વભરના અડધાથી ઓછા વિદ્યાર્થીઓ તેમના આગામી શૈક્ષણિક પગલા માટે અથવા શાળા પછીના જીવન માટે પોતાને સંપૂર્ણપણે તૈયાર માનતા નથી. કેમ્બ્રિજ યુનિવર્સિટી પ્રેસ અને એસેસમેન્ટ દ્વારા હાથ ધરવામાં આવેલા આ સર્વેક્ષણમાં ભારતના વિદ્યાર્થીઓ અને શિક્ષકોના મંતવ્યો પણ સામેલ છે, જે સૂચવે છે કે એક સમયે સફળતા માટે અનિવાર્ય મનાતું વિષય જ્ઞાન હવે એકલું પૂરતું નથી. આ અહેવાલ, જે 'ડયિ-ાફશિક્ષલ કયફક્ષિયતિ જ્ઞિ ઝવશિદય શક્ષ ફ ઈવફક્ષલશક્ષલ ઠજ્ઞહિમ' શીર્ષક હેઠળ પ્રકાશિત થયો છે, તે બદલાતા શૈક્ષણિક અને વ્યવસાયિક લેન્ડસ્કેપને



પ્રતિબિંબિત કરે છે.

સર્વેક્ષણમાં, ૧૫૦ દેશોના ૩,૦૨૧ શિક્ષકો અને ૩,૮૪૦ વિદ્યાર્થીઓના પ્રતિભાવો એકત્રિત કરવામાં આવ્યા હતા. આમાંના મોટાભાગના વિદ્યાર્થીઓ (૫૫%) આગામી શૈક્ષણિક પગલા માટે તૈયાર ન હોવાનું માને છે, અને માત્ર ૪૫% જ શાળા પછીના જીવન માટે તૈયાર હોવાનું અનુભવે છે. આ પરિણામો દર્શાવે છે કે વિષય જ્ઞાન, જે પરીક્ષા પાસ કરવા માટે હજુ પણ મહત્વપૂર્ણ છે, તે શાળા પછીના જીવન માટેની પ્રાથમિકતાઓની યાદીમાં સૌથી નીચે છે. બીજી તરફ, શિક્ષકો વધુ આશાવાદી છે, જેમાં બે તૃતીયાંશ કરતાં વધુ શિક્ષકો માને છે કે તેમના વિદ્યાર્થીઓ તૈયાર છે અને નેતૃત્વ તથા સ્વ-વ્યવસ્થાપન જેવી કુશળતા પર ભાર મૂકે છે.

સર્વેક્ષણમાં, વિદ્યાર્થીઓ અને શિક્ષકો બંનેએ વર્તમાન શિક્ષણ પ્રણાલીના પડકારો પર પ્રકાશ પાડયો છે. એક ભારતીય વિદ્યાર્થીએ નોંધ્યું કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (અઈ) ના વધતા ઉપયોગને કારણે વિષયનું જ્ઞાન યાદ રાખવાનું ઓછું મહત્વનું બની રહ્યું છે. વિદ્યાર્થીઓ શાળા પછીના જીવન માટે નેતૃત્વ, વ્યવસ્થાપન અને વ્યવસાયિક કુશળતાને વિષય જ્ઞાન કરતાં વધુ મહત્વ આપે છે. આ ઉપરાંત, સ્વ-વ્યવસ્થાપન એ એક એવું કૌશલ્ય છે જે શીખવવા અને શીખવા બંને માટે સૌથી મુશ્કેલ માનવામાં આવે છે. ટેકનોલોજીનો ઉપયોગ ધ્યાનનો સમયગાળો ઘટાડી રહ્યો છે, અને સામાજિક કુશળતામાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે. ભારતના એક શાળાના નેતાએ કહ્યું કે ટેકનોલોજી શીખનારાઓને જોડે છે, પરંતુ તે સમજણના વિકાસને મર્યાદિત કરે છે, જે વિશ્વના વિચારોને સંકુચિત કરી શકે છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, નિષ્ણાતો ભારપૂર્વક કહે છે કે વિષયનું જ્ઞાન હજી પણ મહત્વપૂર્ણ છે, કારણ કે મજબૂત આધાર વિના અઈ ગેરમાર્ગે દોરી શકે છે. કેમ્બ્રિજની શાળાઓને કઠોર વિષય જ્ઞાન સાથે સ્વ-વ્યવસ્થાપન, નેતૃત્વ અને સંદેશાવ્યવહાર જેવા કૌશલ્યોને સંતુલિત કરવામાં મદદ કરવાની યોજના છે. ભારતમાં, જ્યાં માતાપિતાએ શિક્ષણમાં મોટું રોકાણ કર્યું છે, આ તારણો એક એક્શન પ્લાન માટેનું આહ્વાન છે. વિદ્યાર્થીઓ કદાચ તેમની તૈયારીને ઓછી આંકી રહ્યા હોય, પરંતુ શિક્ષકોમાં સંભવિતતા જોવાની ક્ષમતા છે. યુવાનોને ટેકનોલોજીનો યોગ્ય ઉપયોગ કરવાની શિસ્ત, સહયોગ કરવાનો આત્મવિશ્વાસ અને શીખવાની જિજ્ઞાસા આપવાથી, ભવિષ્યના પડકારોને તકમાં ફેરવી શકાય છે.

# મદ્રાસ હાઈકોર્ટના જસ્ટિસ એમ. સુંદરની મણિપુરના ચીફ જસ્ટિસ તરીકે નિયુક્તિ

## મણિપુરના હાલના ચીફ જસ્ટિસ કેમ્પૈયા સોમશેખર નિવૃત્તથતા એમ. સુંદરની નિમણૂંક કરાઈ

**અબતક રાજકોટ**

ભારતના કાયદા મંત્રાલયે તાજેતરમાં મદ્રાસ હાઈકોર્ટના જસ્ટિસ એમ. સુંદરને મણિપુર હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ (ચીફ જસ્ટિસ) તરીકે નિયુક્ત કરવાનો આદેશ જારી કર્યો છે. આ નિમણૂક સાથે, જસ્ટિસ સુંદરે હાલના મુખ્ય ન્યાયાધીશ કેમ્પૈયા સોમશેખરનું સ્થાન લીધું છે, જેઓ ૬૨ વર્ષની ઉંમર પૂર્ણ થતાં સોમવારે નિવૃત્ત થયા છે. આ જ ગાળામાં, કલકત્તા હાઈકોર્ટના જસ્ટિસ સૌમેન સેનને તે જ હાઈકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જે ન્યાયતંત્રમાં ચાલી રહેલી નિયુક્તિ પ્રક્રિયાનો એક ભાગ છે.



આ નિમણૂકો એવા સમયે થઈ છે જ્યારે સુપ્રીમ કોર્ટ કોલેજિયમ દ્વારા કરાયેલી કેટલીક અન્ય ભલામણો પર સરકાર દ્વારા હજુ કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. સુપ્રીમ કોર્ટ કોલેજિયમે ત્રણ ન્યાયાધીશોને વિવિધ ઉચ્ચ અદાલતોના મુખ્ય ન્યાયાધીશ તરીકે બઢતી આપવાની ભલામણ કરી હતી. જોકે, સરકારે આમાંથી બે ભલામણોને હજુ સુધી સૂચિત કરી નથી. આ ભલામણોમાં કર્ણાટક હાઈકોર્ટના જસ્ટિસ પવન કુમાર બી. બજંત્રીને પટણા હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે અને કલકત્તા હાઈકોર્ટના જસ્ટિસ સૌમેન સેનને મેઘાલય હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરવાની માંગ કરવામાં આવી હતી.

મહત્વનું છે કે જસ્ટિસ પવન કુમાર બજંત્રી હાલમાં પટણા હાઈકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ તરીકે સેવા આપી રહ્યા છે, જે તેમની બઢતી માટેની ભલામણ સાથે સંબંધિત છે. બીજી બાજુ, કાયદા મંત્રાલયે જસ્ટિસ સૌમેન સેનને કલકત્તા હાઈકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ તરીકે નિયુક્ત કર્યા છે, જ્યારે કોલેજિયમે તેમની મેઘાલય હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે નિયુક્તિની ભલામણ કરી હતી. આ સ્થિતિ કાયદા મંત્રાલય અને સુપ્રીમ કોર્ટ કોલેજિયમ વચ્ચેની નિયુક્તિ પ્રક્રિયામાં ચાલી રહેલી ગતિવિધિઓને દર્શાવે છે.

# દીપડા સાથે અથડામણ થતાં કૂનોમાં પહેલીવાર ૨૦ મહિનાના માદા ચિત્તાનું મોત

## હાલ કૂનોમાં કુલ ૨૫ ચિત્તાઃ જેમાં ૯ પુખ્ત (૬ માદા અને ૩ નર) અને ભારતમાં જન્મેલા ૧૬ બચ્ચા

**અબતક, રાજકોટ**

૨૦૨૨ માં મધ્યપ્રદેશમાં પ્રોજેક્ટ ચિત્તા શરૂ થયા પછી દીપડા અને ચિત્તા વચ્ચેની પ્રથમ અથડામણમાં, ૨૦ મહિનાની માદા ચિત્તા મૃત હાલતમાં મળી આવી હતી. આ ઘટના કુનો રાષ્ટ્રીય ઉદ્યાનમાં બની હતી અને આ અઠવાડિયે ભારતનો મહત્વાકાંક્ષી ચિત્તા પુનઃપ્રવેશ કાર્યક્રમ તેના ત્રીજા વર્ષમાં પ્રવેશી રહ્યો છે. ત્યારે આ અંગે વન અધિકારીઓએ જણાવ્યું હતું કે મૃત ચિત્તા, જે નામિબિયન માદા જ્વાલાના ચાર ઉપ-પુખ્ત બચ્ચાઓમાંની એક હતી, તેનું શબ સોમવારે સાંજે



૬:૩૦ વાગ્યે મળી આવ્યું હતું. આ યુવાન ચિત્તાને તેની માતાથી એક મહિના પહેલા અને તેના ભાઈ-બહેનોથી થોડા દિવસો પહેલા અલગ કરવામાં આવી હતી. અધિકારીઓએ શંકા વ્યક્ત કરી છે કે તેના મૃત્યુનું કારણ દીપડા સાથેની પ્રાદેશિક અથડામણ છે, જોકે આની પુષ્ટિ પોસ્ટમોર્ટમ તપાસ પછી જ થશે.

આ યુવાન ચિત્તાને આ વર્ષે ૨૧ ફેબ્રુઆરીના રોજ તેની માતા સાથે જંગલમાં છોડવામાં આવી હતી. તેનું મૃત્યુ એવા સમયે થયું છે જ્યારે સંરક્ષણવાદીઓ સાત દાયકા પછી ભારતના જંગલોમાં પ્રથમ ચિત્તાના ફરીથી પ્રવેશની ત્રીજી વર્ષગાંઠની ઉજવણી કરવાની તૈયારી કરી રહ્યા હતા. આ ઘટનાએ ચિત્તા સંરક્ષણ કાર્યક્રમ માટે એક પડકાર ઊભો કર્યો છે.આ અવરોધ છતાં, અધિકારીઓએ જણાવ્યું હતું કે કુનોમાં ચિત્તાઓની કુલ વસ્તી સ્થિર છે. પ્રોજેક્ટ ફિલ્ડ ડિરેક્ટર ઉત્તમ શર્માએ જણાવ્યું કે કુનોમાં હવે કુલ ૨૫ ચિત્તા છે - જેમાં ૯ પુખ્ત (૬ માદા અને ૩ નર) અને ભારતમાં જન્મેલા ૧૬ બચ્ચા છે. તેમણે ઉમેર્યું કે બધા સ્વસ્થ છે અને સારી રીતે રહી રહ્યા છે.

# ઈડીઆઈઆઈ અને નાબાર્ડના સહયોગથી રાજ્યમાં જીઆઈ સુવિધા કેન્દ્ર શરૂ: ૧૨ હસ્તકલા અને કૃષિ ઉત્પાદનો જીઆઈ ટેગ મેળવવા તૈયાર


## ઉત્પાદનોમાં જસદણની વિશિષ્ટ પટારી હસ્તકલા, સૌરાષ્ટ્રના પરંપરાગત ધાબળા અને શાલનો દાહોદનું સુંદર મણકાકામ અને ખંભાતના રંગબેરંગી પતંગો સમાવેશ

**અબતક, રાજકોટ**

ગુજરાતના કલા અને કૃષિ ક્ષેત્ર માટે એક નવી આશાનો સૂરજ ઊગ્યો છે. હવે ગુજરાતને તેના વિશિષ્ટ હસ્તકલા અને કૃષિ ઉત્પાદનો માટે જીઓગ્રાફિકલ ઈન્ડિકેશન (જીઆઈ) ટેગ પ્રાપ્ત કરવામાં સરળતા રહેશે.

આ માટે નેશનલ બેંક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ (નાબાર્ડ) અને એન્ટરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) ના સહયોગથી અમદાવાદમાં એક પ્રાદેશિક જીઆઈ સુવિધા કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. આ કેન્દ્ર ગુજરાતના ઉત્પાદનોને વૈશ્વિક ઓળખ અપાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે અને કારીગરોની આવકમાં વધારો કરવામાં મદદ કરશે.

સોમવારે નાબાર્ડના ચેરમેન અને ઈડીઆઈઆઈ ગવર્નિંગ બોર્ડના સભ્ય શાજી કે.વી. દ્વારા આ સુવિધા કેન્દ્રનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઈડીઆઈઆઈ ના ડિરેક્ટર જનરલ, ડૉ. સુનિલ શુક્લાએ જણાવ્યું કે આ કેન્દ્ર ભારતના વર્ષો જૂના વારસા અને પરંપરાગત ઉત્પાદનોને જાળવવા તરફ એક મોટું પગલું છે. તેમણે ઉમેર્યું કે આ કેન્દ્ર કારીગરો અને ઉદ્યોગસાહસિકોને વૈશ્વિક બજારમાં તેમની પહોંચ વધારવા માટે મદદ કરશે અને સંસ્થા આ માટે બ્રાન્ડિંગ અને માર્કેટિંગમાં પણ સહાય પૂરી પાડશે. આ કેન્દ્ર ખાસ કરીને ગુજરાતના ગ્રામીણ કારીગરો અને ખેડૂતોને મદદરૂપ થશે, જેમના



ઉત્પાદનોને હજુ સુધી યોગ્ય ઓળખ મળી નથી.

આ નવા કેન્દ્રના ઉદઘાટન સાથે, ગુજરાતના ૧૨ હસ્તકલા અને કૃષિ ઉત્પાદનોને જીઆઈ ટેગ મેળવવા માટેની પ્રક્રિયા અદ્યતન તબક્કામાં છે. આ ઉત્પાદનોમાં જસદણની વિશિષ્ટ પટારી હસ્તકલા, દાહોદનું સુંદર મણકાકામ, ખંભાતના રંગબેરંગી પતંગો અને સૌરાષ્ટ્રના પરંપરાગત ધાબળા અને શાલનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, આ યાદીમાં ડીસાનું ડાબુ બ્લોક પ્રિન્ટિંગ, કચ્છના માટીના અરીસા કાર્ય, ડાંગની વિશિષ્ટ કોડારી, સફેદ રાગી, અને વરાઈ જેવી કૃષિ પેદાશો પણ સામેલ છે. સાથે સાથે ગીરનું પ્રખ્યાત ગાયનું ઘી, દાદરા અને નગર હવેલીના વાંસની સાદડી વણાટ અને દીવ અને દમણની સીશેલ હસ્તકલા પણ જીઆઈ ટેગની યાદીમાં સામેલ છે.

ઉલ્લેખનીય છે કે, ઈડીઆઈઆઈ દ્વારા ગુજરાતના ચાર ઉત્પાદનોને પહેલેથી જ જીઆઈ ટેગ મળી ચૂક્યા છે.

આમાં અમદાવાદની સૌદાગરી બ્લોક પ્રિન્ટ, સુરતની સાદેલી માર્કેટ્રી ક્રાફ્ટ, કચ્છની સૂફ એમ્બ્રોઈડરી અને ભરૂચની સુજાની વણાટનો સમાવેશ થાય છે. આ ઉત્પાદનોને જીઆઈ ટેગ મળવાથી તેમની ઓળખ અને બજારમાં તેમની કિંમત બંનેમાં વધારો થયો છે. નવું સુવિધા કેન્દ્ર આ જ સફળતાને આગળ વધારીને રાજ્યના વધુ ઉત્પાદનોને વૈશ્વિક સ્તરે માન્યતા અપાવશે. આ પગલાથી ગુજરાતના સ્થાનિક કારીગરોને તેમના ઉત્પાદનો માટે યોગ્ય વળતર મળશે અને તેમની આર્થિક સ્થિતિમાં સુધારો થશે. આ કેન્દ્ર રાજ્યના સાંસ્કૃતિક વારસાને જાળવવામાં પણ મદદ કરશે.

# જૈનમ નવરાત્રિમાં ખેલૈયાઓ માટે આહાર સાથે આરોગ્ય અને સુરક્ષાનો સંગમ

## મિનિ હોસ્પિટલ સેટ-અપ, હાઈજેનીક જૈન ફુડ કોર્ટ, ત્રિ સ્તરીય સુરક્ષા વ્યવસ્થા





તસવીરઃ શૈલેષ વાડોલિયા

**અબતક રાજકોટ**

જૈનમ નવરાત્રી મહોત્સવ-૨૦૨૫ની તડામાર તૈયારીઓ તેના અંતિમ ચરણ પર છે, આ સમગ્ર આયોજનમાં અનેક પ્રકારની વ્યવસ્થા કરવામાં આવે છે, જે માટે સમર્પિત કમીટી અને તેમના સભ્યો દ્વારા સતત મહીનાઓની જહેમત પછી આટલું સુંદર અને સફળ આયોજન જૈનમ સમાજમાં એક ગણનાપાત્ર નામ ધરાવે છે, આ કમીટીઓ દ્વારા વિવિધ પાસાઓને ધ્યાનમાં રાખીને વ્યવસ્થા કરવામાં આવે છે, જે પૈકી મહોત્સવ દરમ્યાન કોઈપણ મેડીકલ ઈમ્સજન્સી પહોંચી વળવાની વ્યવસ્થા, ખેલૈયાઓ મન મુકીને સુરક્ષીત વાતાવરણમાં રાસોત્સવ માણી શકે તે માટે સઘન સુરક્ષા વ્યવસ્થા અને જૈન સમાજનાં ખેલૈયાઓ, દર્શકોને પ્યોર જૈન વાનગીઓ મળી રહે તે માટે સુંદર ફુડ કોર્ટની વ્યવસ્થા વિગેરે પાસાઓ ઉપર જૈનમ ટીમ દ્વારા માવજત સાથે ખૂબ જ સુંદર વ્યવસ્થા કરવામાં આવનાર છે.

જૈનમ દ્વારા નવરાત્રીની ઉજવણી સાથે ખાસ કરીને ખેલૈયાઓ કે જેઓ સખત શ્રમ ભરી રમત રમતા હોય છે, ઉપરાંત દર્શકો મળીને ખૂબ બહોળી સંખ્યામાં લોકો આ રાસોત્સવમાં હાજર રહે છે આ વર્ષે પાસ ખેલૈયાઓ માટે જ છે જો દર્શકો માટે પાસની વ્યવસ્થા નથી આમંત્રિત મહેમાનો જ આવી શકશે

જૈનમ પોતાના પ્રથમ વર્ષનાં આયોજન થી લઈને આજ સુધી ગ્રાઉન્ડમાં પોતાની સુરક્ષા વ્યવસ્થાને લઈને ખૂબ જ તકેદારી રાખી રહયું છે, થ્રી લેયર સુરક્ષા વ્યવસ્થાને કારણે ખાસ કરીને પોતાના દીકરા-દીકરીઓને રાસોત્સવ રમવા માટે મોકલતા વાલીઓમાં ખૂબ જ પ્રસંશાપાત્ર બન્યું છે. સમગ્ર ગ્રાઉન્ડમાં નાઈટ વિઝન હાઈટેક કેમેરાથી સતત રાઉન્ડ ધ કલોક નિગરાની રાખવામાં આવે છે, આ ઉપરાંત ખાનગી સુરક્ષા વ્યવસ્થા અને જૈનમની વિશેષ સુરક્ષા કમીટીનાં સભ્યો પણ ગ્રાઉન્ડમાં ચોતરફ સુરક્ષાની સંપૂર્ણ તકેદારી રાખતા હોય છે. જેના લીધે ખાસ કરીને યુવા ખેલૈયાઓ કોઈ જાતની અસુરક્ષા મહેસુસ કર્યા વગર બિન્દાસ્ત બનીને રાસોત્સવને માણી શકે છે,

### ‘અબતક’ની શુભેચ્છા મુલાકાતમાં જૈનમ ગ્રુપના સભ્યોએ આપી માહિતી

અબતકની શુભેચ્છા મુલાકાતમાં જૈનમ પરિવારનાં અમિષભાઈ દેસાઈ, ધર્મેશભાઈ બખાઈ, ચિરાગભાઈ સંઘવી, અમીતભાઈ લાખાણી, હિમાંશુભાઈ પારેખ, મેહુલભાઈ બાવીસી, ભાવિનભાઈ ઉદાણી, હિતેષભાઈ મણીયાર ઉપસ્થિત રહ્યા હતા

## I.C.U. યુનીટનું માઈક્રો સાઈઝ સેટઅપ ખડું કરવામાં આવશે

કોઈપણ મેડીકલ ઈમ્સજન્સી આવી પડે તો ત્યારે કોઈપણ વ્યકિતની મહામુલીની જીંદગી બચાવવા માટે સ્થળ પર જ મીની આઈ.સી.યુ. યુનિટ કે જેમાં ઈમ્ટજન્સીની પરીસ્થિતીને પહોંચી વળવા માટે તમામ તૈયારી કરવામાં આવી છે, વિશેષમાં જૈનમ પરિવારનાજ સભ્ય અને આઈ.એમ.એ. રાજકોટના પૂર્વ પ્રેસીડેન્ટ ડો. પારસભાઈ ડી. શાહ એ આ વ્યવસ્થા અંગે માહિતી આપતાં જણાવ્યું છે કે જૈનમ નવરાત્રી મહોત્સવનાં ગ્રાઉન્ડમાં સ્ટર્લીંગ હોસ્પિટલના સહયોગથી કોઈ પણ હોસ્પીટલમાં હોય છે. તેવું I.C.U. યુનીટ નું માઈક્રો સાઈઝ સેટઅપ ખડુ કરવામાં આવશે.

ગરબાના ગ્રાઉન્ડ ઉપર દર્દીને આસાનીથી પહોંચાડી શકાય તેવા સ્થાન ઉપર આ ઈમરજન્સી મેડીકલ સેન્ટર માટે એક અલાયદો ટેન્ટ બનાવામાં આવશે.

ડીહાઈડ્રેશન થવા, સુગર લેવલ ઘટી જવા જેવા કીસ્સામાં દર્દીને હાજર બેડમાં ઈન્ટ્રાકેથ દ્વારા બ્લડ સેમ્પલ લઈને જરૂર પડયે ગ્લુકોઝ કે સલાઈન ના ડોઝ (બાટલા) ચડાવવા ની સુવિધા ઉપલબ્ધ હશે. યોગ્ય વેન્ટીલેશન માટે પંખા તેમજ કુલર રાખવામાં આવશે. રમત દરમ્યાન ખેલૈયાઓને વાગી જાય, ઈજા થાય, મોચ આવી જવા જેવા સમયે સ્થળ ઉપર જ જરૂર પડયે ટાંકા લેવા, પાટાપીંડી કરવા સાથે પેઈનકીલર અને ધનુરના ઈન્જેકશનો હાજર રાખવામાં આવશે. રાસોત્સવનાં ૧૦ દિવસ દરમ્યાન દરરોજ એમ.બી.બી.એસ.થી ઉપરની ડીગ્રી ધરાવતા એક્ષપર્ટ ડોકટરો નવરાત્રી દરમ્યાન રાત્રે ૮ થી ૧૨ સુધી ઉપલબ્ધ રહેશે. જૈનમ પરિવારનાં જ સભ્યો એવા એક્ષપર્ટ ડોકટરોની ટીમ માં તજજ્ઞ ડોકટરો ડો. રાજુભાઈ કોઠારી, ડો. અમીતભાઈ હપાણી, તરીકે સહિતના ડોકટરો પોતાની સેવાનો લાભ આપવાના છે.

### નવરાત્રીમાં અલગ દરરોજ અલગ અલગ થીમ

| તારીખ | થીમ | કલર |
|---|---|---|
| ૨૨ | મનપસંદ | ઓરેંજ |
| ૨૩ | દુપટ્ટા | સફેદ |
| ૨૪ | લહેરયુ+દાંડીયા | લાલ |
| ૨૫ | પટોળા/બાંધણી | વાદળી |
| ૨૬ | ડેકોરેટીવ સન ગ્લાસીસ | પીળો |
| ૨૭ | ગામઠી + ટ્રેડીશનલ પાઘડી | લીલો (Green) |
| ૨૮ | કેરેક્ટર ડ્રેસીસ | કાળો |
| ૨૯ | કોટી | ગુલાબી |
| ૩૦ | મનપસંદ | જાંબલી |

## જૈનમનાં ફુડ કોર્ટમાં માત્રને માત્ર ૧૦૦% જૈન ફુડ જ પીરસાશે

અબતકની શુભેચ્છા મુલાકાતમાં અબતકના મેનેજિંગ તંત્રી સતીશકુમાર મહેતા સાથે અમીશભાઈ દેસાઈ વાતચીતમાં જણાવ્યું હતું કે જૈન સમાજનાં ખેલૈયાઓ અને તેમના પરિવારજનોને અન્ય કોઈપણ રાસોત્સવનાં આયોજનમાં સૌથી વધુ મુશ્કેલી પ્યોર જૈન ફુડની પડતી હોય છે, જૈનમનાં ફુડ કોર્ટમાં માત્ર ને માત્ર ૧૦૦% જૈન ફુડ જ પિરસવામાં આવે છે, રોજે રોજ અલગ અલગ સ્વાદીષ્ટ વાનગીઓ સાથેનું જૈન ફુડ કોર્ટ આ વખતે ખેલૈયાઓ માટે કંઈક વિશેષ સુવિધા સાથે ઉભુ કરવામાં આવશે, આ ડેકોરેટીવ ફુડ કોર્ટમાં હાઈઝેનીક ફુડ, સ્વચ્છતાની તકેદારી સાથેની રીપીટ ન થાય તેવી વિવિધતાસભર વાનગીઓ ખેલૈયાઓને મળી રહેશે. ફુડ કમીટી દ્વારા આ વખતે ખેલૈયાઓની સુવિધાઓ માટે સિઝન પાસ સાથે અપાતા ફુડ કુપનમાં કોઈ અગાઉથી નક્કી કરેલી વાનગીને બદલે ખેલૈયાઓની પોતાનું ફુડ કુપન વિવિધ સ્ટોલ પૈકી કોઈપણ સ્ટોલમાં રીડીમ કરી શકે તેવી વ્યવસ્થા પ્રથમવાર કરાઈ રહી છે. જેનાથી સિઝન પાસ હોલ્ડર ખેલૈયાઓ પોતાની પસંદગીની ખાવા-પિવાની વાનગીનો આ ફુડ કુપન આપીને મેળવી શકશે. અને ખેલૈયાઓને પણ વિવિધતા અને પસંદગીની ખૂબ મોટો અવકાશ મળી રહેશે.

## ચુનીંદા કલાકારો ખેલૈયાઓને થિરકવા મજબૂર કરશે

આ વર્ષે જૈન અસ્મિતા નવરાત્રી મહોત્સવ ધામધૂમ અને ભવ્યતા સાથે ઉજવાશે. સંગીત, સંસ્કૃતિ અને ભક્તિના આ અનોખા મેળામાં સમાજના દરેક વર્ગના લોકો એકઠા થઈને ઉમંગપૂર્વક નવરાત્રીની રાસ-ગરબા ઉજવી શકશે.આ મહોત્સવનું મુખ્ય આકર્ષણ રહેશે પંકજ ભટ્ટ દ્વારા રજૂ થતો ઓર્કેસ્ટ્રા, જેમાં ખાસ ઈલેક્ટ્રિફાઈંગ સાઉન્ડ સિસ્ટમ સાથે સંગીતનો અદ્ભુત માહોલ સર્જાશે. ઉપરાંત સેલિનિટી હાઈસિકના પાવર પાયક ઓર્કેસ્ટ્રા પણ લોકોને ઝૂમી ઉઠવા મજબૂર કરશે.

આ ભવ્ય મહોત્સવમાં લોકપ્રિય કલાકારો પોતાના અવાજનો જાદુ છંટકાવશે. જેમાં અનિલ વાંકાણી લોકગીતો દ્વારા સૌને ઝૂમાવી દેશે, પ્રદિપ ઠક્કર મોજ માણાવશે, આદેશ શાહ પોતાની બહુમુખી ગાયકીથી સૌને મંત્રમુગ્ધ કરશે, પરાગી પારેખ લોકગાયનમાં રંગ છલકાવશે, જ્યારે વિદિતા શુક્લા અને નમ્રતા ગોસાલિયા પોતાના સુંદર અવાજથી નવરાત્રીની રાતોને યાદગાર બનાવી દેશે.

આ સમગ્ર મહોત્સવને વધુ જીવંત બનાવવા માટે લોકપ્રિય એન્કર ઈશા ઉપાટ ખાસ એન્કરિંગ કરશે.જૈનમ યુનાઈટિંગ કમ્યુનિટી દ્વારા આયોજિત આ નવરાત્રી મહોત્સવ લઈ આવો ને મન મૂકીને ડોલાવશે

# હવે ઈન્ટિરિયર ડિઝાઈન શોખ નહીં, આવશ્યકતા બની

## આઈઆઈઆઈડી સૌરાષ્ટ્ર ચેપ્ટરના ૨૦૨૫-૨૭ કાર્યકાળ માટે નવી મેનેજમેન્ટ ટીમની ભવ્ય ઈન્સ્ટોલેશન સેરેમની યોજાઈ

**અબતક રાજકોટ**

સૌરાષ્ટ્રના આંતરિક ડિઝાઈનર્સ માટે મહત્વપૂર્ણ પ્રસંગ તરીકે ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયન ઈન્ટિરિયર ડિઝાઈનર્સ (IIID) - સૌરાષ્ટ્ર ચેપ્ટર દ્વારા ૨૦૨૫-૨૭ કાર્યકાળ માટેની નવી મેનેજમેન્ટ કમિટીની ઈન્સ્ટોલેશન સેરેમની ભવ્ય રીતે યોજાઈ.

ચેપ્ટરે નવી નેતૃત્વ ટીમને આપકાર્યો અને ડિઝાઈન ક્ષેત્રે ઉત્કૃષ્ટતા, સહયોગ અને વિકાસની વારસાને આગળ ધપાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો.



તસવીરઃ શૈલેષ વાડોલિયા



### ‘અબતક’ની શુભેચ્છા મુલાકાતમાં આઈ.આઈ.આઈ.ડી.ના સભ્યોએ આપી માહિતી

રહ્યા. પૂર્વ ચેરમેન રચેશ પીપળીયા અને પૂર્વ સચિવ હાર્દિક લાખાણીએ પોતાના કાર્યકાળ દરમિયાન થયેલી મુખ્ય ઈવેન્ટ્સનું પ્રેઝન્ટેશન રજૂ કર્યું. ઈવેન્ટને કિચ ગ્રુપ, રાજકોટ દ્વારા સત્તાવાર રીતે પ્રાયોજિત કરવામાં આવ્યું હતું.

### નવી ટર્મ માટેની કાર્યકારી ટીમ

ચેરપર્સન મેહુલ બુદ્ધદેવ
પૂર્વ ચેરપર્સન રચેશ પીપળીયા
ચેરપર્સન ઈલેક્ટ દર્શિતા જોશી
વાઈસ ચેરપર્સન (વેપાર/ટ્રેડ) દિપક મહેતા
સચિવ આર્કિટેક્ટ ધવલ રંગાણી
સહ-સચિવ આર્કિટેક્ટ વિશાલ પટોલિયા
ખજાનચી તેજસ રાવલ

### ઈન્ટિરિયર ડિઝાઈનએ દરેક જગ્યા માટે જરૂરી સમાધાનઃચેરપર્સન ઈન્ટિરિયર ડિઝાઈનર મેહુલ બુદ્ધદેવ

અબતકના મેનેજિંગ તંત્રી સતીશકુમાર મહેતા સાથે વાતચીત કરતા આઈઆઈઆઈડીસૌરાષ્ટ્ર ચેપ્ટરના નવા ચેરપર્સન ઈન્ટિરિયર ડિઝાઈનર મેહુલ બુદ્ધદેવે જણાવ્યું કે, કોરોના બાદ ઈન્ટિરિયર ડિઝાઈનની જરૂરિયાત લોકોની દૈનિક જીવનશૈલીમાં ખૂબ વધેલી છે.

લોકો હવે ઈન્ટિરિયર ડિઝાઈનને માત્ર શોખ તરીકે નહીં, પરંતુ ઘર, ઓફિસ અને વ્યાવસાયિક જગ્યા માટે અનિવાર્ય જરૂરિયાત તરીકે જોતા રહ્યા છે. જગ્યા અને અવકાશની યોગ્ય યોજના, સુવ્યવસ્થિત ડિઝાઈન અને ઊંચા ધોરણો હવે દરેક ઘરના, ઓફિસના અને વ્યાવસાયિક સ્થળના મુખ્ય ભાગ બની ગયા છે,તેમણે ઉમેર્યું કે, નવી કાર્યકારી ટીમ (૨૦૨૫-૨૭) સાથે ચેપ્ટરનો મુખ્ય ઉદ્દેશ સભ્યો માટે સહયોગી અને શૈક્ષણિક મંચ પૂરો પાડવાનો છે.

અમારા નેટવર્ક દ્વારા અમે નવી પદ્ધતિઓ, વર્કશોપ, પ્રોજેક્ટ્સ અને પ્રેરણાદાયક કાર્યક્રમો હાથ ધરશું. જેનાથી વિવિધ ઉંમરના સભ્યો તેમના કુશળતા અને સર્જનાત્મકતાનો ઉપયોગ કરી પોતાની કારકિર્દી તેમજ ચેપ્ટરના વિકાસમાં યોગદાન આપી શકશે ઉલ્લેખનીય છે કે,આઈઆઈ આઈડીના ૩૪ ચેપ્ટરોમાં ભારતમાં ૮,૫૦૦થી વધુ સભ્યો છે, જ્યારે સૌરાષ્ટ્ર ચેપ્ટરમાં ૩૫૦થી વધુ સભ્યો જોડાયેલા છે. આ ચેપ્ટર માત્ર વ્યાવસાયિક મંચ નહીં, પરંતુ ઈન્ટિરિયર ડિઝાઈનના શિક્ષણ અને સહયોગ માટેનું સશકત પ્લેટફોર્મ બની શકે છે.ડિઝાઈન માત્ર જગ્યા સજાવવાનો સાધન નથી. તે વ્યવસાય, જીવનશૈલી અને સમાજ માટે સશક્ત યોગદાન છે. સહયોગી દષ્ટિકોણથી આપણે ચેપ્ટરને વધુ મજબૂત અને સફળ બનાવીશું, જેથી દરેક સભ્ય પોતાના હેતુને સાર્થક બનાવી શકે અને ઈન્ટિરિયર ડિઝાઈન ક્ષેત્રે નવી ઊંચાઈઓ હાંસલ થાય.



આ ભવ્ય કાર્યક્રમમાં નેશનલ પ્રમુખ ઈલેક્ટ આર્કિટેક્ટ જિગ્નેશ મોદી, એન ઈ સી સભ્ય હરેશ પરસાણા તેમજ આઈ આઈ ડીના આગેવાન સભ્યો ઉપસ્થિત રહ્યા.

સ્થાનિક સંસ્થાઓના હોદેદારો અને વિશિષ્ટ મહેમાનો પણ હાજર

### આઈઆઈઆઈડી સૌરાષ્ટ્ર ચેપ્ટરના મેમ્બર બનવાની તક

સૌરાષ્ટ્રના ઈન્ટિરિયર ડિઝાઈનર્સ માટે આનંદની વાત એ છે કે, આઈઆઈઆઈડી સૌરાષ્ટ્ર ચેપ્ટરના મેમ્બર બનવાની તક ખુલ્લી છે. ચેપ્ટરના સભ્ય બનવાથી નેટવર્કિંગ, વર્કશોપ, પ્રોજેક્ટ્સ અને સાહાયક પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકાય છે, તેમજ ઈન્ટિરિયર ડિઝાઈન ક્ષેત્રે શૈક્ષણિક લાભ પ્રાપ્ત થાય છે.

આઈઆઈઆઈડી સૌરાષ્ટ્ર ચેપ્ટરના મેમ્બર બનવા માટે ઈચ્છુક વ્યક્તિઓ ૯૮૨૫૫ ૬૪૬૧૧ નંબર પર Mehulbuddhadevyahoo. com સંપર્ક કરી શકે છે

# કાલથી “સ્વચ્છોત્સવ”નો શુભારંભ: હેમુ ગઢવી હોલમાં સંગીત સંધ્યા

## જાણીતા કવિ સંજુ વાળા કલ્ચરલ ફેસ્ટનો દીપ પ્રાગટય કરી કરાવશે આરંભ

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સરગમ કલબના સહયોગથી ’સ્વચ્છ ભારત મિશન’ ની ૧૧-મી વર્ષગાંઠની ’સ્વચ્છતા હી સેવા-૨૦૨૫’ને ‘સ્વચ્છોત્સવ‘‘ તરીકે ઉજવણી ના ભાગરૂપે તા. ’કલ્ચરલ ફેસ્ટ’ (સંગીત સંધ્યા)નું આયોજન કરવામાં આવ્યું છે.









આ અંગે મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા અને સેનિટેશન સમિતિ ચેરમેન નિલેશ જલુએ જણાવ્યું ય છે કે, સ્વચ્છોત્સવ તરીકે ઉજવણીનો શુભારંભ કરવા સરગમ કલબના સહયોગથી તા.૧૭ના રોજ સમય રાત્રે ૦૮:૩૦ કલાકે શ્રી હેમુ ગઢવી નાટ્યગૃહ, ટાગોર રોડ ખાતે ’કલ્ચરલ ફેસ્ટ’ (સંગીત સંધ્યા)નું આયોજન કરેલ છે. આ કાર્યક્રમનું દિપ પ્રાગટય જાણીતા કવિ સંજુભાઈ વાળાના વરદ્ હસ્તે કરવામાં આવશે.

કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના કેબિનેટ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા, મેયર શ્રીમતી નયનાબેન

(અનુ. આઠમા પાને)

### મહાત્મા ગાંધી મ્યુઝિયમ ખાતે કાલે રંગોલી ઉત્સવ

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૫માં જન્મ દિવસની ઉજવણી અંતર્ગત સ્વચ્છતા હી સેવા થીમ આધારિત રાજકોટ મહાનગરપાલિકા અને મિશન સ્માર્ટ સિટી ટ્રસ્ટ-ચિત્રનગરીના સંયુકત ઉપક્રમે કાલે પૂજ્ય મહાત્મા ગાંધી મ્યુઝિયમ ખાતે રંગોલી ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં રંગોલી આર્ટિસ્ટો દ્વારા આજે બપોરે ૪:૦૦ વાગ્યાથી રંગોળી બનાવવાની શરૂઆત કરશે અને ૯૦ કલાકારો દ્વારા ૭૫ રંગોળી પૂજ્ય મહાત્મા ગાંધી મ્યુઝિયમ ખાતે બનાવાશે. આ રંગોળી ઉત્સવમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સમગ્ર ભારતભરમાં અત્યાર સુધીના વિવિધ પ્રોજેક્ટ થયા છે તે પ્રોજેક્ટની રંગોળી કલાકારો દ્વારા બનાવવામાં આવશે.

મહાત્મા ગાંધી મ્યુઝિયમ ખાતે બનાવવામાં આવનાર રંગોળી પ્રદર્શન માટે શહેરીજનો તા.૧૭ અને તા,૧૮ ના રોજ સવારે ૧૦ થી સાંજના ૬ વાગ્યા દરમ્યાન નિહાળી શકશે. આ પ્રદર્શન બહોળી સંખ્યામાં નાગરિકો નિહાળે તે માટે મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા અને સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા અને સેનિટેશન સમિતિ ચેરમેન નિલેશ જલુ દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

(અનુ. આઠમા પાને)

સ્પોર્ટ્સ અબતક

# એશિયા કપના રોમાંચક મેચમાં શ્રીલંકાએ હોંગકોંગને ચાર વિકેટે હરાવ્યું

## લંકા તરફથી પથુમ નીશંકાની શાનદાર ૬૮ રનની ઈનિંગઃ હોંગકોંગની ટીમે ભલે આ મેચ ગુમાવી હોય, પરંતુ તેમના ખેલાડીઓએ બતાવ્યું કે તેઓ મોટી ટીમોને પણ પડકાર આપી કરી શકે




**અબતક, દુબઈ**

એશિયા કપની રોમાંચક મેચમાં શ્રીલંકાએ હોંગકોંગને ૪ વિકેટે પરાજય આપીને ટૂર્નામેન્ટમાં પોતાની સ્થિતિ મજબૂત કરી છે. આ મેચમાં શ્રીલંકાની જીતનો હીરો રહ્યો ઓપનિંગ બેટ્સમેન પાથુમ નિસાન્કા, જેણે ૬૮ રનની શાનદાર ઈનિંગ્સ રમીને ટીમને જીત તરફ દોરી. આ મેચમાં શ્રીલંકાએ હોંગકોંગ દ્વારા આપવામાં આવેલા લક્ષ્યનો સફળતાપૂર્વક પીછો કર્યો, પરંતુ આ જીત સરળ નહોતી અને અંત સુધી રોમાંચક રહી.

હોંગકોંગે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો. હોંગકોંગની ટીમે નિર્ધારિત ૨૦ ઓવરમાં ૭ વિકેટ ગુમાવીને ૧૫૦ રનનો પડકારજનક સ્કોર બનાવ્યો. હોંગકોંગના બેટ્સમેનોએ શરૂઆતમાં સંયમિત બેટિંગ કરી, પરંતુ શ્રીલંકાના બોલરોએ મધ્યમ અને અંતિમ ઓવરોમાં શાનદાર પ્રદર્શન કરીને હોંગકોંગને મોટો સ્કોર બનાવતા અટકાવ્યું. શ્રીલંકાના બોલરોમાં વનિન્દુ હસરંગા અને મહીશ તિક્ષાનાએ શાનદાર બોલિંગ કરી અને મહત્વની વિકેટો ઝડપી.

૧૫૧ રનના લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી શ્રીલંકાની ટીમની શરૂઆત ખરાબ રહી. ટીમે પ્રથમ ૫ ઓવરમાં જ ૨ વિકેટ ગુમાવી દીધી, જેના કારણે દબાણ વધી ગયું. જોકે, યુવા ઓપનર પાથુમ નિસાન્કાએ એક છેડો સંભાળી રાખ્યો અને આક્રમક શૈલીમાં બેટિંગ કરી. તેમણે ૬૮ રનની ઈનિંગ્સ રમી, જેમાં ૬ ચોગ્ગા અને ૩ છગ્ગાનો સમાવેશ થતો હતો. નિસાન્કાની આ ઈનિંગ્સે શ્રીલંકાને મેચમાં વાપસી કરાવી.

મધ્યમ ક્રમમાં ચરિત અસલંકા અને દાસુન શનાકાએ પણ નાની પરંતુ મહત્વની ભૂમિકા ભજવી, જેના કારણે શ્રીલંકા અંતિમ ઓવરમાં લક્ષ્યની નજીક પહોંચી ગયું. જોકે, હોંગકોંગના બોલરોએ પણ શાનદાર પ્રયાસ કર્યો અને મેચને અંત સુધી રોમાંચક બનાવી રાખી. અંતિમ ઓવરમાં શ્રીલંકાને ૧૦ રનની જરૂર હતી, અને ધનંજય ડિ સિલ્વાએ શાનદાર શોટ રમીને ટીમને ૪ વિકેટે જીત અપાવી.આ જીત સાથે શ્રીલંકાએ એશિયા કપમાં પોતાની સ્થિતિ મજબૂત કરી છે. ટીમનું લક્ષ્ય હવે આગામી મેચોમાં પણ આવું જ પ્રદર્શન જાળવી રાખવાનું રહેશે. બીજી તરફ, હોંગકોંગની ટીમે ભલે આ મેચ ગુમાવી હોય, પરંતુ તેમના ખેલાડીઓએ બતાવ્યું કે તેઓ મોટી ટીમો સામે પણ પડકાર રજૂ કરી શકે છે.

# આજે અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચે મહત્વનો જંગ




એશિયા કપ ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાં એ ગ્રૂપમાં તો મોટા ભાગને સુપર-૪નો ફેંસલો નક્કી થઈ ગયો છે પરંતુ બી ગ્રૂપમાં રોમાંચ પ્રસરી રહ્યો છે કેમ કે અહીં ત્રણ ટીમ ક્વોલિફાઈ થવા માટે સક્ષમ છે જેમાં શ્રીલંકા ઉપરાંત બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનનો સમાવેશ થાય છે. જેમાં બાંગ્લાદેશ અને અફઘાન્સ વચ્ચે મંગળવારે મેચ રમાનારી છે. આ મેચના પરિણામ પર બી ગ્રૂપમાંથી ક્વોલિફાઈ થનારી ત્રીજી ટીમનો ફેંસલો થશે. મંગળવારે રાત્રે ૮.૦૦ કલાકે મેચનો પ્રારંભ થશે.અગત્યની મેચમાં ખરેખર તો બાંગ્લાદેશની કસોટી (અનુ. આઠમા પાને)

# મેચ રેફરીને દૂર કરવાની પાકિસ્તાનની માંગ આઈસીસીએ ફગાવી

**અબતક, દુબઈ**

પાકિસ્તાનને સાત વિકેટે હરાવ્યા બાદ, ટીમ ઈન્ડિયાના એક પણ ખેલાડીએ પાકિસ્તાનના ખેલાડીઓ સાથે હાથ ન મિલાવ્યો, ત્યારે પાકિસ્તાને ICC નો દરવાજો ખટખટાવ્યો. અહેવાલો અનુસાર, PCB એ ICC ને અપીલ કરી છે અને ભારત-પાકિસ્તાન મેચ રેફરી એન્ડી પાયક્રોફ્ટને એશિયા કપમાંથી હટાવવાની માંગ કરી છે.

પાકિસ્તાને ICC ને તાત્કાલિક અસરથી આ કાર્યવાહી કરવા અપીલ કરી છે. ૧૪ સપ્ટેમ્બરના રોજ દુબઈમાં રમાયેલી મેચ દરમિયાન, ભારતીય ખેલાડીઓએ પાકિસ્તાન ટીમ સાથે હાથ ન મિલાવ્યો. આનાથી દુઃખી થયેલા પાકિસ્તાનને લાગ્યું છે કે આ બાબતમાં ખરેખરી ભૂલ તો મેચ રેફરીની છે. અને, આ જ કારણ છે કે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે ICCમાંથી મેચ રેફરીને હટાવવાની માંગ કરી છે.



PCB એ મેચ રેફરી એન્ડી પાયક્રોફ્ટ પર ICC આચાર સંહિતાનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવતા ICC ને ફરિયાદ નોંધાવી છે. આ ઉપરાંત, તેમાં કહેવામાં આવ્યું છે કે, મેચ રેફરી ક્રિકેટની ભાવના અંગે MCC ના કાયદાને જાળવી રાખવામાં પણ નિષ્ફળ રહ્યા છે. આ દલીલોને હથિયાર તરીકે વાપરીને, પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે મેચ રેફરી સામે મોરચો ખોલ્યો છે. પાકિસ્તાનની ફરિયાદ પછી, હવે બધાની નજર ICC પર છે. આ મામલે સર્વોચ્ચ ક્રિકેટ સંસ્થા ICC, પાકિસ્તાનની ફરિયાદ સંદર્ભે શું વલણ અપનાવે છે તે જોવું રસપ્રદ રહેશે.

# પાકિસ્તાનની ૧૫ ઓવરની બેટીંગ જોઈને મેચ જોવાનું બંધ કરેલઃ ગાંગુલી

**અબતક, નવી દિલ્હી**

ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન અને ભારતીય ક્રિકેટના દિગ્ગજ ખેલાડી સૌરવ ગાંગુલીએ તાજેતરમાં એક કબૂલાત કરી છે, જે ચાહકોમાં ચર્ચાનો વિષય બની ગયો છે. તેમણે જણાવ્યું કે તેઓ ભારત અને પાકિસ્તાન વચ્ચેની ક્રિકેટ મેચો ફક્ત ૧૫ ઓવર સુધી જ જુએ છે અને ત્યારબાદ જોવાનું બંધ કરી દે છે. કારણ કે ભારત-પાકિસ્તાન મેચો હંમેશા રોમાંચક અને ભાવનાત્મક હોય છે, જેને લાખો લોકો આતુરતાથી જુએ છે.

સૌરવ ગાંગુલી, જેમને 'દાદા' તરીકે પણ ઓળખવામાં આવે છે, એક કાર્યક્રમ દરમિયાન આ વાત જણાવી હતી. તેમણે કહ્યું કે ભારત-પાકિસ્તાન મેચોનો પ્રારંભિક ભાગ ખૂબ જ રોમાંચક હોય છે, પરંતુ ૧૫ ઓવર પછી તેઓ મેચ જોવાનું બંધ કરી દે છે. આનું કારણ આપતાં તેમણે જણાવ્યું કે આ મેચોમાં ભારતનું પ્રદર્શન ઘણીવાર એટલું પ્રભાવશાળી હોય છે કે મેચનું પરિણામ લગભગ નક્કી થઈ જાય છે. ગાંગુલીના મતે, ભારતની ટીમ હાલના સમયમાં પાકિસ્તાન સામે ખૂબ જ મજબૂત સ્થિતિમાં હોય છે, અને તેથી મેચનો રોમાંચ થોડો ઓછો થઈ જાય છે.ગાંગુલીના આ નિવેદન પછી સોશિયલ મીડિયા પર ચાહકોની મિશ્ર પ્રતિક્રિયાઓ જોવા મળી રહી છે. કેટલાક ચાહકો ગાંગુલીની નિખાલસતાની પ્રશંસા કરી રહ્યા છે, જ્યારે કેટલાકે આશ્ચર્ય વ્યક્ત કર્યું છે કે (અનુ. આઠમા પાને)



# ધવન બાદ ભૂતપૂર્વ ક્રિકેટર ઉથપ્પા-યુવરાજ સિંહને ઈડીનું સમન્સ

## ગેરકાયદેસર બેટિંગ એપ કેસમાં કરાશે પૂછપરછ



**અબતક, નવી દિલ્હી**

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર રોબિન ઉથપ્પાને પૂછપરછ માટે સમન્સ પાઠવ્યું છે. તેમને ૨૨ સપ્ટેમ્બરે હાજર રહેવાનું કહેવામાં આવ્યું છે. આ કેસ ઓનલાઈન સટ્ટાબાજી એપ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસ સાથે સંબંધિત છે. ઉથપ્પા હાલમાં એશિયા કપ ૨૦૨૫ની કોમેન્ટ્રી ટીમનો ભાગ છે. હવે તેને ૨૨ સપ્ટેમ્બરે ઈડી ઓફિસમાં હાજર થવું પડશે. તે દિલ્હીમાં આ કેસમાં સમન્સ પાઠવવામાં આવેલો ત્રીજા ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર છે. અગાઉ ફેડરલ એજન્સીએ આ કેસમાં ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર સુરેશ રૈના અને શિખર ધવનની પણ પૂછપરછ કરી હતી. આ કેસ વન એક્સ બેટ નામના સટ્ટાબાજી એપ પ્લેટફોર્મ સાથે સંબંધિત છે.

(અનુ. આઠમા પાને)

# ઋષભ પંત વિન્ડીઝ સામેની ટેસ્ટ સિરીઝમાં ટીમ ઈન્ડિયામાં વાપસી કરે તેવી શકયતા



**અબતક, નવી દિલ્હી**

ભારતના વિકેટકીપર-બેટ્સમેન રિષભ પંતે ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન પગમાં થયેલી ઈજામાંથી સ્વસ્થ થવા તરફ એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે.એક અહેવાલ મુજબ, પંતના પગ પરથી પ્લાસ્ટર હટાવવામાં આવ્યું છે અને તે હવે આરામથી ચાલી શકે છે. ૨૭ વર્ષીય પંત ટૂંક સમયમાં ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના સેન્ટર ઓફ એક્સેલન્સ જશે, જ્યાં તે રિહેબના ભાગરૂપે હળવી પ્રેક્ટિસ શરૂ કરશે.

પંતને માન્ચેસ્ટરમાં ઓલ્ડ ટ્રેફોર્ડ ટેસ્ટના પહેલા દિવસે આ ઈજા થઈ હતી જ્યારે તેણે ક્રિસ વોક્સ સામે રિવર્સ સ્વીપ શોટ રમવાનો પ્રયાસ કર્યો હતો. બોલ વાગવાથી તેને મેદાન છોડવું પડ્યું હતું અને બાદમાં તે કંટ્રોલ્ડ એન્કલ મોશન બુટમાં જોવા મળ્યો હતો. આમ છતાં, તે બીજા દિવસે પાછો ફર્યો અને શાનદાર અડધી સદી ફટકારી હતી.પંત બહાર થયા પછી, ધ્રુવ જુરાલને પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરવામાં આવ્યો અને તેણે બાકીની ટેસ્ટમાં વિકેટકીપિંગની જવાબદારી નિભાવી. અગાઉના એક અહેવાલમાં એવું પણ સામે આવ્યું હતું કે પંત ભારતની આગામી ઘરઆંગણેની સિરીઝ પર નજર રાખી રહ્યો છે. જો ૨ ઓક્ટોબરથી વેસ્ટ ઈન્ડિઝ સામે બે ટેસ્ટ મેચની સિરીઝ હશે. પહેલી મેચ અમદાવાદમાં અને બીજી દિલ્હીમાં રમાશે. જો પંતને ફિટ જાહેર કરવામાં આવે છે, તો દિલ્હી ટેસ્ટમાં લાંબા સમય પછી તેના ઘરઆંગણાના દર્શકો સામે તેની વાપસી જોવા મળી શકે છે.

**પંતના પગ પરથી પ્લાસ્ટર હટાવવામાં આવ્યું છે અને તે હવે આરામથી ચાલી શકે છે**

# સ્પીડ સ્કેટિંગ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં આનંદકુમારે ગોલ્ડ મેડલ જીત્યો

**અબતક, નવી દિલ્હી**

ભારતીય સ્પીડ સ્કેટર આનંદકુમાર વેલકુમારે ચીનમાં તિરંગો લહેરાવ્યો છે. દેશના બેદાઈહેમાં સ્પીડ સ્કેટિંગ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીત્યો છે. આ રમતમાં પહેલીવાર ભારતીય ટીમે ગોલ્ડ જીત્યો છે. ૨૨ વર્ષીય આનંદકુમારે સિનિયર પુરુષોની ૧૦૦૦ મીટર સ્પ્રિન્ટ ઈવેન્ટમાં ૧:૨૪.૯૨૪ના સમય સાથે ટોચનું સ્થાન મેળવ્યું.

થોડા દિવસો પહેલા જ આનંદકુમાર વેલકુમારે ૫૦૦ મીટર સ્પ્રિન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો. તે સ્કેટિંગમાં ભારતનો પહેલો સિનિયર વર્લ્ડ ચેમ્પિયનશિપ મેડલ હતો. ઉજવણીમાં ઉમેરો કરતા ભારતે જુનિયર કેટેગરીમાં પણ ગોલ્ડ જીત્યો. ક્રિશ શર્માએ ૧,૦૦૦ મીટરની સ્પ્રિન્ટ જીતી. વેલકુમારની જીત એક નવી સીમાચિહ્નરૂપ છે જેણે વિશ્વ સ્કેટિંગમાં ભારતની પ્રતિષ્ઠામાં સતત વધારો કર્યો છે. અ ।



## પીએમ મોદીએ પ્રશંસા કરી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આનંદકુમારને આ સિદ્ધિ બદલ અભિનંદન આપ્યા. પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ' પર લખ્યું, ‘‘સ્પીડ સ્કેટિંગ વર્લ્ડ ચેમ્પિયનશિપ ૨૦૨૫માં સિનિયર પુરુષોની ૧,૦૦૦ મીટર સ્પ્રિન્ટમાં ગોલ્ડ મેડલ જીતનાર આનંદકુમાર વેલકુમાર પર ગર્વ છે. તેમની ધીરજ, ગતિ અને ઉત્સાહે તેમને સ્કેટિંગમાં ભારતનો પ્રથમ વિશ્વ ચેમ્પિયન બનાવ્યો છે. તેમની સિદ્ધિ અસંખ્ય યુવાનોને પ્રેરણા આપશે. આનંદકુમારને અભિનંદન અને તેમના ભવિષ્યના તમામ પ્રયાસો માટે શુભકામનાઓ.‘‘

વર્ષની શરૂઆતમાં વેલકુમારે ચેંગડુમાં યોજાયેલી વર્લ્ડ ગેમ્સમાં ૧૦૦૦ મીટર સ્પ્રિન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. આ ગેમ્સમાં રોલર સ્પોર્ટ્સમાં આ ભારતનો પહેલો મેડલ હતો. ૨૦૨૧માં તેણે જુનિયર વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ૧૫ કિમી એલિમિનેશન ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીતીને પોતાની પ્રતિભા દર્શાવી. બે વર્ષ પછી તેણે હાંગઝોઉમાં યોજાયેલી એશિયન ગેમ્સમાં ૩,૦૦૦ મીટર ટીમ રિલેમાં ભારતને બ્રોન્ઝ મેડલ મેળવવામાં ફાળો આપ્યો. તમિલનાડુના રહેવાસી આનંદકુમાર વેલકુમાર અભ્યાસની સાથે સાથે રમતગમતમાં પણ હોશિયાર છે. તેણે કમ્પ્યુટર સાયન્સમાં એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો છે.

# ડીએસપી સિરાઝ શ્રેષ્ઠ આઈસીસી ક્રિકેટર જાહેર

## ઈંગ્લેન્ડ સામેની સિરીઝમાં સર્વશ્રેષ્ઠ પ્રદર્શનને કારણે સિરાઝની પસંદગી



**અબતક, નવી દિલ્હી**

ભારતનો ઝડપી બોલર મોહમ્મદ સિરાઝ સોમવારે ઓગસ્ટ મહિના માટે ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલનો સર્વશ્રેષ્ઠ ક્રિકેટર જાહેર થયો હતો. સિરાઝે ઈંગ્લેન્ડ સામેની પાંચમી અને અંતિમ ક્રિકેટ ટેસ્ટમાં શાનદાર બોલિંગ કરીને ભારતને રોમાંચક વિજય અપાવ્યો હતો જેની મદદથી ભારતે પાંચ ટેસ્ટની સિરીઝ ૨-૨થી સરભર કરી હતી.ઓવલ ખાતેની પાંચમી ટેસ્ટમાં સિરાઝે શ્રેષ્ઠ બોલિંગ કરી હતી અને છેલ્લા દિવસે ઈંગ્લેન્ડને ટારગેટથી છ રન દૂર રાખવામાં સફળતા મેળવી હતી. અંતિમ દિવસે તેણે ત્રણ મહત્વની વિકેટ ખેરવી હતી અને મેચમાં નવ વિકેટ ઝડપી હતી. સિરાઝે આ અંગે જણાવ્યું હતું કે આઈસીસી પ્લેયર ઓફ ધ મન્થનો એવોર્ડ મારા માટે વિશેષ સન્માન છે. એન્ડરસન-તેંડુલકર ટ્રોફી મારા માટે યાદગાર સિરીઝ રહી હતી. મારી કારકિર્દીમાં આ સૌથી તીવ્ર અને રોમાંચક સિરીઝ હતી. મને ગર્વ છે કે મેં ઈંગ્લેન્ડ સામેની સિરીઝમાં કેટલાક મહત્વના સ્પેલ સાથે ટીમની સફળતામાં યોગદાન આપ્યું હતું. ખાસ કરીને અંતિમ ટેસ્ટના છેલ્લા દિવસની મારી બોલિંગથી ટીમને સફળતા મળી તેનું મને ગૌરવ છે. અંગ્રેજ બેટર્સ સામે તેમના હોમગ્રાઉન્ડ પર બોલિંગ કરવી આસાન હોતી નથી અને સાથે સાથે એ દિવસે મેં મારું સર્વશ્રેષ્ઠ યોગદાન આપ્યું હતું તેમ સિરાઝે ઉમેર્યું હતું.આયર્લેન્ડની ઓલરાઉન્ડર પ્રેન્ડે ગાસ્ટને વિમેન્સ પ્લેયર ઓફ ધ મન્થ જાહેર કરાઈ હતી. તે પાકિસ્તાનની વિકેટકીપર મુનીબા અલી અને નેધરલેન્ડ્સની ઝડપી બોલર ઈરિસ ઝિવલિંગ સાથે સ્પર્ધામાં હતી.

# બોમ્બે હોટેલ નજીક યુવકને છરીનો ઘા ઝીંકી દેવાના ગુનામાં કુખ્યાત ઈભલો ઝડપાયો

## વાહન અડી જવા મામલે ચાર શખ્સોએ યુવાનને આંતરી ધોકા-લાકડી સહિતના હથિયારો વડે માર માર્યો'તો

**અબતક, રાજકોટ**

શહેરના ગોંડલ રોડ પર વાહન અડી જવા મામલે કુખ્યાત ઈભલા આણી ટોળકીએ સરાજાહેર આતંક મચાવી યુવકને આંતરી ધોકા-લાકડી વડે માર મારી છરીના ઘા ઝીંકતા સારવાર અર્થે ખસેડાયો હતો. આ મામલે એ ડિવિઝન પોલીસના સ્ટાફે ટીમો બનાવી નામચીન ઈભલા આણી ટોળકીના ત્રણ સાગરીતોને અગાઉ ઝડપી લીધા બાદ હવે ઈભલાને પણ દબોચી લીધો હતો.

બનાવની વિગતો પર નજર કરવામાં આવે તો રામનગરમાં આવેલા લોધેશ્વર સોસાયટીમાં રહેતા રવિ ભીખુભાઈ જરીયા (ઉ.વ.30) નામનો યુવક ગોંડલ રોડ ઉપરના પુલ પરથી વિજય પ્લોટ તરફ પોતાના સ્કુટરમાં જતો હતો. ત્યારે પાછળથી અજાણ્યા ઈસમે સ્કુટરને ઠોકર મારતા જેથી યુવકે જોઈને ચલાવવાનું કહેતા શખસે તેના અન્ય સાથી મિત્રોને બોલાવી યુવક સાથે બોલાચાલી કરી ધોકા અને લાકડી વડે માર મારી છરી વડે હુમલો કરતા જાહેર રોડ પર સન્નાટો વ્યાપી ગયો હતો. બનાવના પગલે લોકોના ટોળા ઉમટયા હતા અને હુમલાખોરો



નાસી જતા ઈજાગ્રસ્ત યુવાનને સારવાર અર્થે સિવીલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

બનાવ અંગેનો વિડીયો સોશિયલ મિડીયામાં વાયરલ થતા એ ડિવીઝન પોલીસ મથકના પીઆઈ બી.વી. બોરીસાગરના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એસ એમ રાણાની રાહબરીમાં જયદીપ જરીયાની ફરિયાદ પરથી અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. આ ઘટનામાં એ ડીવીઝન પોલોસ સ્ટાફે ટીમે ટિમો બનાવી સીસીટીવી ફુટેઝ ચકાસતા જુના મોરબી રોડ પર રહેતા નામચીન ઈભલો ઉર્ફે ઈબ્રાહિમ સહિતના શખ્સો હોવાનું જાણવા મળ્યું હતું.જેથી પોલીસે ઈભલાના સાગરીત ફિરોઝ કરીમ કાથરોટિયા(ઉ.૨૦),સલીમ કરીમભાઈ કાથરોટિયા(ઉ.૨૬) અને પરેશ રમેશભાઈ વાઘેલા (ઉ.૧૯)ની ધરપકડ કરી ત્રણેયને કાયદાનું ભાન કરાવ્યું હતું.જ્યારે નામચીન ઈભલાની પોલીસે શોધખોળ શરૂ કરી હતી. દરમિયાન એ ડિવિઝન પોલીસ મથકના સર્વેલન્સ સ્કોડના કર્મચારીઓની બાતમીના આધારે કુખ્યાત ઈબ્રાહીમ ઉર્ફે ઈભલો કરીમભાઈ કાથરોટીયાને ત્રિકોણ બાગ નજીકથી દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**એ ડિવિઝન પોલીસ મથકના પીઆઈ બી વી બોરીસાગર અને પીએસઆઈ એસ એમ રાણા ટીમની કાર્યવાહી**

# માતૃ સંસ્થા દ્વારા ૩૩ ધારાશાસ્ત્રીને માંદગી સહાય પેટે ૧૨ લાખ ચૂકવાશે

## બીસીઆઈમા ૧૧ અને બીસીજી ૧૪ વકીલોને વધારાની સહાય માટે કરાઈ ભલામણ

**અબતક, રાજકોટ**

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની મળેલી બેઠકમાં ૩૩ જેટલા ધારાશાસ્ત્રીઓની માંદગી સહાય અંતર્ગત મળેલી અરજીમાં ૧૨ લાખની સહાય મંજૂર કરવામાં આવી છે.

બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા સને ૧૯૯૨ થી ગુજરાત એડવોકેટ વેલ્ફેર ફંડ મારફતે મૃત્યુસહાય અને માંદગી સહાય સમીતિ દ્વારા જરૂરીયાતમંદ ધારાશાસ્ત્રીઓને આંશિક માંદગી સહાય બાર કાઉન્સિલ ઓફ ગુજરાત તરફથી આપવામાં આવે છે. બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની માંદગીસહાય સમીતિના ચેરમેન દિલીપ કે. પટેલ અને સભ્યો ભરત વી. ભગત, શંકરસિંહ એસ. ગોહિલની હાજરીમા મોટીંગ મળી હતી. જેમાં બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની માંદગીસહાય સમીતિમાં સમગ્ર ગુજરાતના તાલુકા અને જીલ્લા અદાલતોના ૩૩ જેટલા ધારાશાસ્ત્રીઓની માંદગી સહાય મેળવવા માટેની અરજીઓ મંજુર કરતા માંદગી સહાય પેટે કુલ રૂપિયા ૧૨ લાખ ચૂકવવાનો નિર્ણય કરવામાં આવેલ છે. ૧૧ ઉપરાંતના ધારાશાસ્ત્રીઓને બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા અને ૧૪થી વધુ વકીલોને બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની વધારાની સહાય આપતી કમીટીમાં પણ ધારાશાસ્ત્રીઓને વધુ માંદગી સહાય મળી રહે તે માટે ભલામણ કરવામાં આવેલી છે. ઉલ્લેખનીય છે કે વેલ્ફેર ફંડની રીન્યુઅલ ફી ભરનાર ધારાશાસ્ત્રીઓને જ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની માંદગીસહાયનો લાભ મેળવવા હકકદાર બને છે.

# અકસ્માત મૃત્યુના બે કેસમાં રૂ.૧.૬૫ કરોડનું જંગી વળતર મંજુર

## નવસારી પાસે અકસ્માતમા મૃત્યુના બે કેસ પૈકી એક કેસમાં રાજકોટ કોર્ટના ઈતિહાસમાં સૌથી વધુ રકમનો હુકમ

**અબતક, રાજકોટ**

મુંબઈ અંકલેશ્વર હાઈવે ઉપર નવસારી પાસે ત્રણ વર્ષ પહેલાંના અકસ્માતમા મૃત્યુના બે કેસ પૈકી એક કેસમાં રાજકોટ કોર્ટના ઈતિહાસમાં અત્યાર સુધીનું સૌથી વધુ રકમ રૂા. રૂા.૧.૩૮ કરોડ તથા ૩૭ લાખ એમ બે કેસમાં કુલ રૂ. ૧.૬૫ કરોડના વળતરનો હુકમ થયો છે.

આ અંગેની હકીકત મુજબ, અંકલેશ્વર સ્થિત પ્રોલાઈફ કેમોફાર્મા પ્રા.લી. કંપનીમાં કામ કરતા એ જ કંપનીમાં કુલ ૯ વ્યક્તિના અકસ્માતમાં મૃત્યુ થયા હતા, જે અંગે હકીકત એવી હતી કે તા.૩૧/ ૧૨/ ૨૦૨૨ના રોજ કંપનીમા એક સાથે કામ કરતા કર્મચારીના સગાઈ પ્રસંગે કંપનીના સાથી કર્મચારીઓ મુંબઈ ખાતેથી પ્રસંગ પતાવી કારમાં પરત અંકલેશ્વર આવતા હતા, ત્યારે કાર મુંબઈ અમદાવાદ હાઈવે પર નવસારી પાસે પહોચતા કાર અને બસ વચ્ચે ભયંકર ગમખ્વાર અકસ્માત સર્જાતા જે અકસ્માતમાં કુલ ૯ વ્યક્તિના મૃત્યુ થયેલ, જે અકસ્માતના મૃતકો પૈકી કંપનીના મેનેજર ગુજરનાર જગદીશભાઈ રસીકભાઈ દુધાતના વારસો દ્વારા રાજકોટના ધારાશાસ્ત્રી કલ્પેશભાઈ કે. વાઘેલા તથા ભાવિન આર. હદવાણી (પટેલ) દ્વારા ક્લેઈમ કેસ રાજકોટ કોર્ટમાં દાખલ કરવામાં આવેલ. જે અંગે અરજદારના વકીલોની દસ્તાવેજી પુરાવા અને મુદ્દાસરની રજૂઆતો, દલીલો તેમજ વીમા કુ. સાથે સમાધાનની કાર્યવાહીનેધ્યાને લઈને અદાલત દ્વારા રૂા. રૂા.૧.૨૮ કરોડનું જંગી વળતર મંજુર કરવામાં આવ્યું છે.

આ અકસ્માત અન્ય ગુજરનાર કર્મચારી જયદિપભાઈ કાંતીભાઈ પેથાણીના વારસદારો દ્વારા પણ મોટર એકસીડન્ટ કલેઈમ ટ્રિબ્યુનલમાં કેસ દાખલ કરવામા આવેલ હતો, તેમાં પણ બંને વકીલોના પ્રયાસોથી વીમા કંપની સાથે સમાધાન સધાતા ટ્રિબ્યુનલ દ્વારા રૂ. ૩૭ લાખનું વળતર મંજુર કરવામાં આવ્યું છે. આમ આ બન્ને કેસમાં એડવોકેટ દ્વારા અંગતરસ લઈ વીમા કંપની ઈકો ટોકયોના લીગલ ઓફીસર સંજીવભાઈ જોષી, શુભમ મકવાણા, અમીત સોની તરફથી સહકાર સાંપડ્યો હતો. જેના લીધે ગુજ.ના વારસોને ટુંકા ગાળામા બન્ને કેસો મળીને રૂ. ૧.૬૫ કરોડનું વળતર મંજૂર થયું છે. આ બંને કામોમાં ગુજરનારનાં વારસદારો વતી અકસ્માત વળતરનાં સ્પેશ્યાલિસ્ટ વકીલ કલ્પેશ કે, વાઘેલા તથા ભાવિન આર. પટેલ તથા શ્રધ્ધા આર. અકબરી રોકાયા હતા.

# કાલાવડ રોડ પરથી ચાર ચોરાઉ વાહન સાથે આંતરજિલ્લા તસ્કર ઝડપાયો

## રાજકોટ શહેરના બે અને ગોંડલ, સુરતના એક-એક મળી ચાર વાહનચોરીના ગુનાનો ભેદ ઉકેલાયો : તાલુકા પોલીસની કાર્યવાહી



**અબતક, રાજકોટ**

શહેરના કાલાવડ રોડ નજીકથી ચાર ચોરાઉ વાહન સાથે મૂળ કાલાવડના તસ્કરની તાલુકા પોલીસની ટીમે ધરપકડ કરી હતી. તસ્કરની ધરપકડ થતાં રાજકોટ શહેર, ગોંડલ અને સુરતના વરાછા પોલીસ મથકમાં નોંધાયેલ ચાર વાહનચોરીના ગુનાનો ભેદ ઉકેલાયો હતો. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, ડીસીપી ઝોન-૨ રાકેશ દેસાઈ, એસીપી બી જે ચૌધરીના માર્ગદર્શન હેઠળ અનડિટેકટ ગુનાઓ શોધી કાઢવા માટે તાલુકા પોલીસ મથકના પીઆઈ ડી એમ હરીપરાની રાહબરીમાં પીએસઆઈ બી આર ભરવાડની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન એએસઆઈ હરપાલસિંહ જાડેજા, કોન્સ્ટેબલ બળભદ્રસિંહ જાડેજા અને જયપાલસિંહ સરવૈયાને ટેકનિકલ સોર્સના આધારે ચોક્કસ બાતમી મળી હતી કે, કાલાવડ રોડ પર શ્રીજી હાઈટ તરફ જતા રોડ નજીક ચોરાઉ મોટરસાયકલ સાથે એક શંકાસ્પદ શખ્સ ઉભેલ છે. જેથી તાલુકા પોલીસની ટીમ તાત્કાલિક બાતમીવાળા સ્થળે દોડી ગઈ હતી. જ્યાંથી હોન્ડા કંપનીના એકટીવા મોટરસાયકલ સાથે સુમિત વિરાણી મળી આવ્યો હતો.

તાલુકા પોલીસની ટીમે વાહન અંગે પોકેટ કોપ એપ્લિકેશનમાં સર્ચ કરતા તે વાહન અન્ય વ્યકિતના નામે હોવાનું સામે આવતા પોલીસે યુક્તિ પ્રયુક્તિથી પૂછપરછ કરતા બે મહિના પૂર્વે ૧૫૦ ફૂટ રીંગ રોડ પર કૃતિ ઓનેલા નજીકથી મોટરસાયકલ ચોરી ગયાની કેફીયત સુમિત વિરાણીએ આપી હતી. વધુમાં તસ્કરે અન્ય ત્રણ મોટરસાયકલ ચોરીની કબૂલાત આપતાં જણાવ્યું હતું કે, બે મહિના પૂર્વે ૧૫૦ ફૂટ રીંગ રોડ પર બિગ બજાર નજીકથી ટીવીએસ જયુપીટર, ત્રણ માસ પૂર્વે સુરતના વરાછા રોડ પરથી એકટીવા, ગોંડલ બસ સ્ટેન્ડ નજીકથી ત્રણ મહિના પૂર્વે એક્ટિવા ચોરી કર્યાની કેફીયત આપતાં તાલુકા પોલીસની ટીમે કાલાવડ રોડ પર અંધ વૃદ્ધાશ્રમ નજીક જીનીયસ સ્કૂલ તરફ જતા રોડની દિવાલ પાસેથી અન્ય ત્રણ વાહનો કબ્જે કરી તસ્કર સુમિત બાબુભાઈ વિરાણી(ઉવ ૨૫ હાલ રહે. મોટા વરાછા, સુરત અને મૂળ રંગે ખાનકોટડા, કાલાવડ, જામનગર)ની ધરપકડ કરી કુકુ રૂ. ૧.૪૬ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તસ્કરની ધરપકડ થતાં રાજકોટ તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલ બે, ગોંડલ બી ડિવિઝન પોલીસ મથકનો એક અને સુરતના વરાછા પોલીસ મથકમાં નોંધાયેલ એક મળી કુલ ચાર વાહનચોરીના ગુનાનો ભેદ ઉકેલાયો હતો. ઉલ્લેખનીય છે કે, આરોપી વિરુદ્ધ અગાઉ હુમલો, એટ્રોસિટી એક્ટ સહીતની કલમો હેઠળના ગુના નોંધાઈ ચુક્યા છે.

આ કામગીરીમાં તાલુકા પોલીસ મથકના પીઆઈ ડી એમ હરીપરા, પીએસઆઈ બી આર ભરવાડ, એએસઆઈ હરપાલસિંહ જાડેજા, હેડ કોન્સ્ટેબલ કૌશેન્દ્રસિંહ ઝાલા, અજયભાઇ ભૂંડિયા, અક્ષયભાઈ નાથાણી, કોન્સ્ટેબલ ભીખુભાઈ મૈયડ, મયુરસિંહ જાડેજા, જયપાલસિંહ સરવૈયા, શિવભદ્રસિંહ ગોહિલ, ઉગાભાઈ બાળા, બળભદ્રસિંહ જાડેજા, નિકુંજભાઈ મારવિયા, કુલદીપસિંહ જાડેજા અને મુકેશભાઈ ડાંગર રોકાયા હતા.

# દારૂના ગુનામાં ત્રણ માસથી ફરાર જંગલેશ્વરનો આફતાબ કાદરી ઝડપાયો

## ચેક રિટર્ન કેસમાં સજાનું વોરંટ નીકળ્યા બાદ ભૂગર્ભમાં ઉતરી ગયેલ આંબેડકરનગરની ખુશાલ સોલંકી દબોચાયો

**અબતક, રાજકોટ**

શહેરના ભક્તિનગર પોલીસ મથકના સ્ટાફે દારૂના ગુનામાં ત્રણ માસથી ફરાર આરોપીને ઝડપી લીધો હતો. જ્યારે થોરાળા પોલીસ મથકના સ્ટાફે સજાના વોરંટમાં ફરાર આરોપીને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરી હતી.

ભક્તિનગર પોલીસ મથકના પીઆઈ એમ.એમ.સરવૈયાની રાહબરી હેઠળ પી.એસ.આઇ એમ.એન.વસાવા તથા ટીમ પેટ્રોલીંગમાં હતી દરમિયાન મળેલી બાતમીના આધારે ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા દારૂના ગુનામાં ત્રણ માસથી નાસતા ફરતા આરોપી આફતાબ ઉર્ફે ટાલકો સલીમભાઈ કાદરી (રહે.આર.એમ.સી કવાર્ટર, જંગલેશ્વર) ને તેના ઘર પાસેથી ઝડપી લીધો હતો. આ કામગીરીમાં ભક્તિનગર પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ મયુરદાન બાટી, કોન્સ્ટેબલ પ્રકાશભાઈ મકવાણા સાથે રહ્યા હતા.

જયારે થોરાળા પોલીસ સ્ટેશનના પી.આઈ એન.જી. વાઘેલાની રાહબરી હેઠળ પીએસઆઈ એમ એસ મહેશ્વરી સહિતના સ્ટાફે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટના ગુનામાં રાજકોટના જ્યુડિશીએલ મેજિસ્ટ્રેટ કોર્ટે(ટ્રાફિક)આપેલ સજાના



વોરંટમાં નાસતો ફરતો ખુશાલ ગોવિંદભાઈ સોલંકી (રહે નવા થોરાળા મેઈન રોડ પાણીના ટાંકા પાસે આંબેડકર નગર શેરી નંબર ૦૨) નવા થોરાળા મેઈન રોડ ખાતે હોવાની બાતમી મળી હતી. બાતમીના આધારે પોલીસે શખસને નવા થોરાળા મેઈન રોડ પાસેથી દબોચી વોરંટની બજવણી કરી હતી.

આ કામગીરીમાં પીઆઈ એન.જી.વાઘેલા, પીએસઆઈ એમ.એસ મહેશ્વરી, એએસઆઈ જયેશભાઈ નિમાવત, મહેશભાઈ સોલંકી, પોલીસ હેડ કોન્સ્ટેબલ કિશોરભાઈ પરમાર, હસમુખભાઈ નીનામા, ધર્મેન્દ્રભાઈ ગઢવી, ઈમરાન ભાઈ ચુડાસમા અને પોલીસ કોન્સ્ટેબલ નિલેશભાઈ ચૌહાણ સાથે રહ્યા હતા.

# દુષ્કર્મના ગુનામાં આરોપીની જામીન અરજી નામંજૂર

## પત્નીની પ્રસુતિ વેળાએ મદદ માટે આવેલી સગીર સાળીને પ્રેમ સંબંધોમાં લપેટી હવસનો શિકાર બનાવી તી

**અબતક, રાજકોટ**

જસદણના સાણથલી ગામે પત્નીની પ્રસુતિ વખતે કામમાં મદદ માટે આવેલી સગીર વયની સાળીને પ્રેમ સંબંધોમાં લપેટી અઢી માસ સુધી સોમનાથ ખાતે ભગાડી જઈ દુષ્કર્મના ગુનામાં પકડાયેલા આરોપીની જામીન અરજી નામંજૂર કરવામાં આવી છે.આ અંગેની હકીકત મુજબ જસદણના સાણથલી ગામે રહેતા લલિત કાળુભાઈ માટીયાની પત્નીને પુત્રીનો જન્મ થતા ઘેર કામકાજ માટે સગીર વયની સાળી તેની બહેનને ત્યાં કામ કરવા રોકાવા ગયેલ હતી ત્યારે બનેવી લલિત માટીયા સગીરા સાથે અવારનવાર મસ્તી મજાક કરતો હતો, ત્યાર બાદ સગીરા પોતાના ઘરે આવી ગયા બાદ પણ તેણીને ફોન કરી પ્રેમજાળમાં ફસાવીને પોતાની સાડી સગીર વયની હોવાનું જાણવા છતાં કાયદેસરના વાલી પણામાંથી ભગાડી લઈ જઈ અઢીમાં જેટલો સમય સોમનાથ ખાતે ભાડાના



સરકારી વકીલ બિનલબેન રવેશીયા

મકાનમાં રોકાયેલ તે દરમિયાન સગીરા સાથે ત્રણ વાર શારીરિક સંબંધ બાંધેલ અને ગુનો કરેલ હોય જે મુજબની તા. ૨૨/ ૫/ ૨૦૨૫ના રોજ બીએનએસ કલમ ૧૩૭(૨) ૮૭, ૬૪ (૨) એમ તથા જાતીય ગુનામાં બાળકોને રક્ષણ આપતો અધિનિયમ ૨૦૧૨ની કલમ ૪ અને ૬ મુજબની એફઆઈઆર થઈ હતી. આ કામમાં ભોગ બનનાર સગીરા સાથે આરોપી ઝડપાઈ જતા ધોરણસર ની કાર્યવાહી અને તપાસ બાદ અદાલતની સૂચનાથી આરોપી લલિતને જેલ હવાલે કરાયો હતો. ત્યારબાદ આરોપી લલિત માટીયાએ રેગ્યુલર જામીન ઉપર છૂટવા પોકસો કોર્ટમાં જામીન અરજી કરી હતી. અરજીમાં સરકાર પક્ષે મદદની સરકારી વકીલ બિનલબેન રવેશીયાએ હાજર થઈ જામીન અરજીનો વિરોધ કર્યો હતો. તેમાં ભોગ બનનાર સગીરાનું બી.એન.એસ. કલમ ૧૮૩ મુજબનું નિવેદન લેવડાવેલું અને સદરહુ ગુનાની તપાસ ચાલુ હોય, અને બનનાર સગીર વયના હોય અને સાળી- બનેવીના સંબંધને શરમાવે તેવું કૃત્ય અરજદારે આચર્યું હોઈ, જેથી જામીન અરજી નામંજૂર કરવા સરકારી વકીલ બિનલબેન અશોકભાઈ રવેશીયાએ કોર્ટ સમક્ષ દલીલો કરી હતી, જે ધ્યાને લઈ કોર્ટે આરોપી લલિત કાળુભાઈ માટીયાની જમીન અરજી નામંજૂર કરતો હુકમ કર્યો છે.

# પતિ જેલમાં હોય દિયર અને સસરાએ પરિણીતાને સાથે સુઈ જવાનું કહી સતામણી કરી

## દંપતીની આફ્રિકામાં ધરપકડ થયા બાદ જેલમુક્ત થતા પરિણીતાને તારા કારણે દીકરાને જેલ થઈ કહી સાસરીયાઓનો ત્રાસ

**અબતક, રાજકોટ**

શહેરના કેસરી પુલ પાસે માવતરના ઘરે રહેતી પરિણીતા લગ્ન બાદ પતિ આફ્રિકાના કોંગોમાં નોકરી કરતો ત્યાં ગયા હતાં. અહીં કોઈ ગુનામાં દંપતીની ધરપકડ થઈ હતી. બાદમાં પરિણીતાનો છુટકારો થતા રાજકોટ સાસરીયાના ઘરે આવતા સાસરીયા તારા કારણે જ મારો દીકરો જેલમાં ગયો છે કહી મેહણા ટોણા મારતા હતાં. એટલું જ નહીં દિયર પરિણીતાને સાથે સુવાનુ કહી તેમજ સસરા પણ જાતીય સતામણી કરતા હતાં. આ અંગે પરિણીતાએ પતિ,સાસુ,સસરા અન દીયર સામે બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

પ્રાપ્ત વિગત અનુસાર કેસરી પુલ પાસે માવતરના ઘરે બે વર્ષથી રહેતી અને પાર્લરનું કામ કરતી પરિણીતાએ એ જ વિસ્તારમાં રહેતો પતિ, સસરા, સાસુ અને દિયર વિરૂધ્ધ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પરિણીતાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે,તેના લગ્ન ૨૦૨૨માં થયા હતા. લગ્ન બાદ પતિને આફ્રિકાના કોંગો ખાતે નોકરી લાગતા બંને આફ્રિકા રહેવા જતા રહ્યા હતા. ૦૧/૦૫/૨૦૨૩ ના રોજ પરીણીતાના પતિ પર કોઈ ગુન્હામાં ફરિયાદ થઈ અને પોલીસે પતિ સાથે પરીણીતાની પણ ધરપકડ કરી જેલમાં ધકેલી દીધા હતાં. પોણા બે મહિના જેલમાં રહ્યા બાદ પરિણીતાને જેલ મુક્તિ મળતા તે જુલાઈ ૨૦૨૩ માં ભારત પરત ફરી હતી. પરીણીતાની તબિયત સારી ન રહેતા અને ઘરમાં ઝઘડાઓ થતા તેના મમ્મીના ઘરે રહેવા જતી રહી હતી. બાદમાં સમાધાન કરીને સસરા ઘરે તેડી ગયા હતા.

સાસુ તારા કારણે જ મારો દીકરો જેલમાં ગયો છે તે બાબતે ઝઘડો કરી માનસિક ત્રાસ આપતા અને સસરા પણ શારીરિક માનસિક ત્રાસ આપતા હતાં. દિયરે સાથે સુવાનુ કહી જાણીય સતામણી કરતો હતો. જુનુ ઘર અમરેલી ખાતે હોય પરિણીતાનો સામાન ત્યાં હોવાથી સસરા સાથે પરિણીતા અમરેલી ગઈ હતી ત્યારે સસરાએ પણ જાતીય સતામણી કરી હતી. પતિને આફ્રિકામાં જેલ મુક્તિ મળ્યા બાદ તે પણ ભારત પરત ફર્યો હતો. તે સમયે પરિણીતા માવતરના ઘરે રહેતી હોવાથી પતિ ત્યાં જઈ માનસિક ત્રાસ આપી હેરાન કરતો હતો. સમાજના આગેવાનો મારફત સમાધાન કરવાના ઘણા પ્રયત્નો કરવા છતાં તેઓ સમાધાન કરવા તૈયાર ન હતા. આથી પરિણીતાએ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં પતિ, સાસુ-સસરા અને દિયર વિરુદ્ધ શારીરિક-માનસિક ત્રાસ અને સસરા અને દિયર જાતીય સતામણી કરતા હોવાની ફરિયાદ નોંધાવી છે.

# વેપારીના આપઘાત પ્રકરણમાં સેશન્સ કેસના પ્રોસીડીંગ સ્ટે કરતી હાઈકોર્ટ

## આરોપીએ છેતરપીડી કર્યાનું માલૂમ પડતા વેપારીએ પગલું ભર્યું હતું, અમીત ગોકાણીએ વડી અદાલતમાં દાદ માંગી હતી

**અબતક, રાજકોટ**

શહેરમા રહેતા વેપારી ચેતનભાઈ રાજાણીને મરવા મજબૂર કરવાના ગુનામા સંડોવાયેલા પૈકીના અને જામીન પર રહેલા અમીત ગોકાણી દ્વારા ફરીયાદ રદ કરવાની અરજીમા ગુજરાત હાઈકોર્ટ દ્વારા સેશન્સ કેસના તમામ પ્રોસીડીંગ સ્ટે કરતો હુકમ ફરમાવવામા આવ્યો છે. વધુ વિગત મુજબ શહેરના સાધુ વાસવાણી રોડ ઉપર રહેતા ચેતન ગોપાલદાસ રાજાણીએ ૮.૫૦ કરોડની ઉઘરાણીના મામલે પોતાની ઓફીસમાં તા.૨૩/ ૦૬/૨૦૨૩ના રોજ આપઘાત કર્યો હતો. જે સંબંધે મૃતકના



ધારાશાસ્ત્રી રીપન ગોકાણી

પુત્રએ અમીત રતીલાલ ગોકાણી અને રાજેશ જેન્તીલાલ ગોસલીયા સામે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં આઈ.પી.સી. કલમ-૩૦૬ મુજબ ફરીયાદ નોંધાવી હતી. આરોપી અમીત રતીલાલ ગોકાણીને જામીન મુકત થયેલા બાદ સદરહું કેસ કમીટ થતા સેશન્સ અદાલતમાં ચાલવા અર્થે આવેલો હતો. આરોપી અમીત ગોકાણીએ ગુજરાત હાઈકોર્ટમાં ફરીયાદ રદ કરવા અરજી કરી હતી જે અરજીની સુનાવણી આવતા બચાવ પક્ષ દ્વારા દલીલ કરવામાં આવેલ હતી કે, ચાર્જશીટના રજુ થયેલા સુસાઈડ નોટ વંચાણે લેતા હાલના આરોપીનુ નામ જ નથી તેમજ ભોગ બનનાર દ્વારા ધંધાકીય હિસાબ પૂર્ણ થઈ ગયેલ છે માત્રને માત્ર સહ આરોપીનો હિસાબ બાકી છે તેવી દલીલ કરવામાં આવેલ હતી. આરોપી વિરૂધ્ધની ફરીયાદ તથા કેસ કાર્યવાહી રદ કરવા વિસ્તૃત પણે દલીલ કરેલ હતી. બન્ને પક્ષોની દલીલો તેમજ બચાવ પક્ષે રજુ થયેલ ચુકાદાઓ ધ્યાને લઈ હાઈકોર્ટ એવા તારણ પર આવેલ હતી કે બીજા બધા મિત્રો સુસાઈડ નોટમાં જવાબદાર જણાતા હોય તેવું પ્રથમ દર્શનીય રીતે દેખાતું નથી જેથી અદાલત દ્વારા સામેવાળાને નોટીસ ઈશ્યુ કરેલ તથા રાજકોટની અદાલતમાં ચાલતો કેસનુ પ્રોસીડીંગ સ્ટે કરતો હુકમ ફરમાવવામાં આવેલો હતો. આરોપી અમીત રતીલાલ ગોકાણી વતી સૌરાષ્ટ્રના ખ્યાતનામ ધારાશાસ્ત્રી તુષાર ગોકાણી, રીપન ગોકાણી, કેવલ પટેલ, હાર્દિક શેઠ, ઉઝેર કુરેશી, જશપાલસિંહ જાડેજા, યશ વૈષ્ણવ, વિરમ ધ્રાંગીયા, નદિમ ધંધુકિયા, વિશાલ કૌશીક, ભૂમિકા નંદાણી, દિવ્યમ દવે, નૈમીષ રાદડીયા, કેવિન ભીમાણી રોકાયેલ હતા.

# નિખીલ પુજારાએ ૪૦ ટકા રકમ જમા કરાવાનો હુકમ મોડીફાય કરવાની અરજી પરત ખેંચી

## ૧.૪૪ કરોડના ચેક રીર્ટન કેસમાં ટ્રાયલ કોર્ટે બે-બે વર્ષની કેદ અને ડબલ દંડના હુકમ સામે કરેલી અપીલો સુપ્રીમે રદ કરી હતી

**અબતક, રાજકોટ**

શહેરના પેડક રોડ ઉપરના રહેવાસી ભરતભાઈ નાગજીભાઈ તળાવીયાને બેન્કે એકવાયર કરેલ પ્રોપર્ટી સાડા સોળ કરોડમાં અપાવી દેવાની લાલચ આપી સિધ્ધાર્થ ઓટો જંકશનના માલીક નિખિલ દયાળજી પુજારા અને અભિષેક ઉર્ફે આનંદ નિખિલ પુજારાએ રૂપિયા દોઢ કરોડ લીધા હતા. બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાઈ હતી. આરોપી નિખિલ પુજારાએ ફરીયાદી પાસેથી લીધેલ રકમ પરત ચુકવવા આપેલ રૂ.૭૨-૭૨ લાખના બે ચેકો રીટર્ન થતા ભરત તળાવીયાએ નિખિલ પુજારા વિરૂધ્ધ બંને ચેકો રીટર્ન થયાની બે ફરીયાદ દાખલ કરી હતી. જે કેસો ચાલી જતા રાજકોટ ટ્રાયલ કોર્ટે બંને કેસોમાં આરોપીને બે-બે વર્ષની સજા અને ચેકની રકમનો ડબલ દંડ ફરમાવ્યો હતો. બંને હુકમોને હાઈકોર્ટમાં પડકારતા હાઈકોર્ટે અગાઉ ચેકની રકમના ૨૫ ટકા રકમ જમા કરાવેલ ઉપરાંત વધુ ૪૦ ટકા રકમ જમા કરાવવા અને તે ફરીયાદીને આપવા હુકમ કર્યો હતો. જે હુકમને નિખિલ પુજારાએ સુપ્રિમ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો તે પણ નામંજુર થતા ચેકની રકમના ૪૦ ટકા રકમ જમા કરાવવાના હાઈકોર્ટના હુકમમાં ઘટાડો કરવા મોડીફાય કરી આપવા અરજી કરી હતી. હાઈકોર્ટ આરોપીની અરજી હેઠળ કોઈ હુકમ ફરમાવે તે પહેલા જ આરોપીએ બંને અપીલના કામે ચેકની રકમના ૪૦ ટકા રકમ જમા કરાવવાના હુકમમાં મોડીફાય કરી રકમ ઘટાડી આપવા કરેલી અરજીઓ પરત ખેંચી લીધી હતી.આ કેસમાં ફરીયાદી વતી રાજકોટના એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, રાહીલ ફળદુ અને હાઈકોર્ટના આશીષ ડગલી રોકાયા હતા.

# રાજકોટની સોની બજારમાંથી એક કરોડનું સોનુ ઉઠાવી બંગાળી કારીગર ફરાર



## શ્રી હરી ઓર્નામેન્ટના વેપારીની દુકાનમાંથી કામના પહેલા દિવસે જ કારીગર ૧૩૪૯.૩૩૦ ગ્રામ સોનું લઈ રફુચક્કર: રાત્રિના સમયે અન્ય કારીગર સુતા હોય તકનો લાભ ઉઠાવી ચાવી મેળવી ચોરીને અંજામ આપ્યો

**અબતક, રાજકોટ**

રાજકોટની સોની બજારમાંથી વધુ એકવાર બંગાળી કારીગર સોનુ ઉઠાવી ફરાર થઈ ગયાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. સોની બજારની ગોલ્ડન માર્કેટ પાસે શ્રી હરી ઓર્નામેન્ટ નામની સોનાના જવેલર્સની દુકાન ધરાવતા વેપારીને સોનીબજારમાં આર.એચ.જવેલર્સની પાછળ ગોલ્ડન માર્કેટવાળી શેરી પહેલા માળે આવેલી દુકાનમાં દાગીના બનાવવાનું કામ કારીગર કરે છે. અહીં એક દિવસ માટે કામે આવેલા પશ્ચિમ બંગાળના કારીગરે રાત્રીના દુકાને આવી રૂ.૧.૦૧ કરોડનું ૧૩૪૯.૩૩૦ ગ્રામ સોનું ચોરી કરી લીધાની એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં સોની વેપારીએ (અનુ. આઠમા પાને)

### ચારેક માસ પૂર્વે પણ સોની વેપારી સાથે બંગાળી કારીગરે રૂ. ૭૬.૮૦ લાખની ઠગાઈ આચરી'તી

સોની બજારનાં વેપારી તરુણભાઈ પાટડીયાનું રૂ.૭૬.૮૦ લાખનું સોનુ બંગાળી વેપારી અબુઝાફરે ઓળવી જઈ છેતરપીંડી આચરતા એ.ડિવિઝન પોલીસ મથકમાં ગત મે માસમાં ફરીયાદ નોંધાઈ હતી. શ્રી હરી ઓર્નામેન્ટ વાળા તરૂણભાઈ પાટડીયાએ બંગાળી વેપારીને બુટી,બાલી વિગેરે સોનાના ૧૩૦૦ ગ્રામ (અનુ. આઠમા પાને)

### સાથે સુતા કારીગરોને ઘેની પદાર્થ સુંઘાડી હાથફેરો કર્યો

વેપારીએ જણાવ્યું હતું કે, સફીકુલ રામાનાથપરામાં અન્ય કારીગર સાથે રૂમમાં હતો. ત્યારે તેની સાથે રહેલા રાજ સહિતના અન્ય ત્રણ કારીગરને તેણે કોઈપણ પ્રકારે ઘેની પ્રવાહી સુંઘાડી દીધું હતું. જેથી તેમની ઉંઘ મોડે સુધી ઉડી ન હતી.બાદમાં તે વેહલી સવારે પાંચેક વાગ્યે દુકાને આવી ચોરીના બનાવને અંજામ આપી રફુચક્કર થઈ ગયો હતો. એટલું જ નહીં ચોરીની આ ઘટના બાદ રૂમમાં સફીકુલના સામાનમાંથી ઘેની પદાર્થની ટયુબ પણ મળી આવી હતી.


### ચાર માસ જૂનો બનાવ અને સીસીટીવી કેમેરાની ઉણપ : ગુનાનો ભેદ ઉકેલવો પડકારજનક

ચોરીની આ ઘટના બાદ પોલીસે દુકાને આવી તપાસ કરતા અહીં સીસીટીવી ન હોવાનું માલુમ પડયુ હતું. જેથી આ બાબતે વેપારીને પુછતા તેમણે કહ્યું હતુ કે હાલ દુકાન સીફટીંગનું કામ ચાલતું હોવાથી સીસીટીવી ચાલુ નથી. આ સ્થિતિમાં પોલીસ માટે આ ચોરીના બનાવનો ભેદ ઉકેલવો પડકારજનર બની જશે. પોલીસ દ્વારા બંગાળી કારીગરને ઝડપી લેવા એક ટીમ બનાવાશે અને તેને બંગાળ રવાના કરાશે.

## એ ડિવિઝન પોલીસે ગુનો નોંધી બંગાળી કારીગરના સગડ મેળવવા તજવીજ હાથ ધરી

# વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિતે રાજ્યમાં ૧,૪૧,૦૩૭ હેલ્થ કેમ્પ યોજાશે

## કાલથી ૨ ઓકટોબર સુધી 'સ્વસ્થ નારી સશક્ત પરિવાર' અભિયાનનો રાષ્ટ્રવ્યાપી આરંભ: અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ સહિત રાજ્યમાં ૬૦૦ જેટલી જગ્યાએ મેગા બ્લડ ડોનેશન ડ્રાઈવ



**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૫ મા જન્મ દિવસે કાલે ૧૭ સપ્ટેમ્બરે ગુજરાત સહિત સમગ્ર દેશમાં સ્વસ્થ નારી, સશક્ત પરિવાર અભિયાનનો પ્રારંભ થશે.

આ અંગે વધુ વિગતો આપતા આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતેથી આ કાર્યક્રમનો રાજ્યવ્યાપી પ્રારંભ થશે.* *જેમાં સુપર સ્પેશ્યાલીટી ડોક્ટર જેવા કે હૃદય રોગ, કેન્સર અને કિડનીના નિષ્ણાંતો દ્વારા નાગરિકોને સ્વાસ્થ્ય સંબંધી સેવાઓનો લાભ અપાશે. આ ઉપરાંત રાજકોટ ખાતે પણ મહિલા અને બાળ કલ્યાણ વિભાગ મંત્રીની ઉપસ્થિતિમાં એક મેગા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તેમજ મહિલા-બાળ કલ્યાણ વિભાગ દ્વારા તા.૧૭ સપ્ટેમ્બરથી તા. ૦૨ ઓકટોબર, ૨૦૨૫ સુધી સ્વસ્થ નારી, સશક્ત પરિવાર અભિયાન ચલાવવામાં આવશે.

આ અભિયાન અંતર્ગત આરોગ્ય વિભાગ દ્વારા સબ સેન્ટરથી લઈને મેડિકલ કોલેજ હોસ્પિટલ સુધી સ્ત્રીઓ અને બાળકો માટે જુદા ૧૪ જેટલા વિષયો સંબંધિત આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવશે. આ સેવાઓ માત્ર રોગ થયા પછીની સારવાર સુધી મર્યાદિત ન રહેતાં રોગ થતો અટકાવવા, આરોગ્ય સુધારવા અને રોગની સારવાર માટે (અનુ. આઠમા પાને)

### મેદસ્વિતા મુક્તિ અભિયાન થકી

### ગુજરાતના ૧૦ લાખ લોકોનું વજન ૧૦ કિલો ઘટાડવાનો યોગ બોર્ડનો મહા સંકલ્પ

**ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બનશે જ્યાં ૧૦ લાખ નાગરિકોનું સંયુક્ત રિતે વજન ૧ કરોડ કિલો ઘટશે: યોગ બોર્ડ ચેરમેન**

મેદસ્વિતા મુક્તિ અભિયાનના માધ્યમથી ગુજરાતમાં ૧૦ લાખ લોકોનું ૧૦-૧૦ કિલો વજન ઘટાડવાનો ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા મહા સંકલ્પ લેવામાં આવ્યો છે. અલગ-અલગ ત્રણ તબક્કામાં આ મહાસંકલ્પ અભિયાન હાથ ધરવામાં આવશે.

આ અંગે ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શીશપાલ રાજપૂતે વધુમાં જણાવ્યું હતુ કે, રાજ્યમાં યોગ બોર્ડ દ્વારા 'મેદસ્વિતા મુક્તિ અભિયાન'નું આયોજન કરવામાં આવશે, જે ત્રણ તબક્કામાં યોજાશે. જેમાં પ્રથમ તબક્કો તા.૧૭ સપ્ટેમ્બરથી ૧૭ ઓક્ટોબર, બીજો તબક્કો તા.૦૧થી ૩૧ નવેમ્બર અને ત્રીજો તબક્કો તા. ૦૧થી ૩૦ ડિસેમ્બર સુધી યોજાશે. આ અભિયાન અંતર્ગત યોગના માધ્યમથી રાજ્યના ૧૦ લાખ નાગરિકોનું વ્યક્તિ દીઠ ૧૦ કિ.લો વજન ઘટાડવા માટેનો યોગ બોર્ડે મહાસંકલ્પ કર્યો છે.

વધુમાં તેમણે ઉમેર્યું હતુ કે, ગુજરાત રાજ્ય યોગ બોર્ડના યોગના એક્સપર્ટ કોચ દ્વારા યોગના માધ્યમથી એક વ્યક્તિનો ૧૦ કિ.લો વજન ઓછું કરીને રાજ્યના ૧૦ લાખ નાગરિકોનો સંયુક્ત રીતે કુલ ૧ કરોડ કિ.લો જેટલો વજન ઘટાડીને ગુજરાતના (અનુ. આઠમા પાને)

# જસદણના લીલાપુર ગામ પાસેથી રૂ. ૫૯.૩૬ લાખનો શરાબ ભરેલો ટ્રક ઝડપાયો

## ૧૨,૬૪૮ બોટલ દારૂ, ટ્રક સહિત રૂ. ૬૫.૩૦ લાખના મુદ્દામાલ સાથે રાજસ્થાની ડ્રાયવર-ક્લિનરની ધરપકડ: હરિયાણાથી આવતો ટ્રક મેંદરડા પહોંચે તે પૂર્વે જ રાજકોટ રૂરલ એલસીબી ટીમે પકડી પાડ્યો

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લાના જસદણ પંથકમાંથી દારૂ ભરેલો ટ્રક ઝડપાયો છે. રૂરલ એલસીબીની ટીમે જસદણના લીલાપુર ગામ નજીકથી રૂ. ૫૯.૩૬ લાખનો શરાબ ભરી મેંદરડા તરફ જતા ટ્રકને ઝડપી ડ્રાઈવર-ક્લીનરની ધરપકડ કરી હતી. જયારે જયપુરના સપ્લાયર અને જુનાગઢ ખાતે દારૂ મંગાવનાર બુટલેગર સહિત ત્રણ શખ્સોની શોધખોળ શરૂ કરવામાં આવી હતી.



તસવીર: કાળુ રાઠોડ, જસદણ

દારૂના દરોડાની પ્રાપ્ત વિગત અનુસાર રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં દારૂ-જુગારની બદ્દીને નેસ્ત નાબૂદ કરવા 'ઝીરો ટોલરન્સ ટુ પ્રોહીબીશન એન્ડ ગેમ્બલિંગ' નીતિ હેઠળ અસરકારક કામગીરી કરવાની જિલ્લા પોલીસવડા વિજયસિંહ ગુર્જરની સુચનાને પગલે રૂરલ એલસીબી પીઆઈ વી વી (અનુ. આઠમા પાને)

### જયપુરના શિવ પ્રતાપસિંહ નામના સપ્લાયરે દારૂ મોકલાવ્યાનો ખુલાસો: બુટલેગર સહીત ત્રિપુટીની શોધખોળ

### લીંબડી નજીક હોટલમા પાર્ક કરેલા ટ્રકમાંથી રૂ.૫૫.૪૭ લાખના વિદેશી દારૂ ઝડપાયો



**સ્ટેટ મોનિટરિંગ સેલે દરોડો પાડી ૨૮૭૪૪ બોટલ શરાબ, વાહન, રોકડ અને ત્રણ મોબાઈલ મળી ૮૪.૬૯ લાખનો મુદ્દા માલ કબજે કર્યો: ચાલક અને ક્લિનરની ધરપકડ: ચોટીલા પંથકના બુટલેગર સહિત ચાર શખ્સોની શોધખોળ**

લીંબડી નજીક જાખણ ગામ પાસે સ્ટેટ મોનિટરિંગ સેલે સ્થાનિક પોલીસને અંધારામાં રાખી વિદેશી દારૂનો દરોડો પાડી પંજાબી પાવન ધાબા નામની હોટલમાં પાર્ક કરેલા વાહનમાં બેગમાં છુપાવેલો રૂપિયા ૫૫.૪૭ લાખની કિંમતનો ૨૮૭૪૪ બોટલ વિદેશી દારૂ સાથે ટ્રકના ચાલક અને ક્લીનરની ધરપકડ કરી દારૂ વાહન ત્રણ મોબાઈલ બેગ રોકડ મળી રૂપિયા ૮૪.૭૦ લાખનો મુદ્દામાલ કબજે કરી વિદેશી દારૂનો જથ્થો મંગાવનાર ચોટીલા પંથકના બુટલેગર સહિત ચાર શખ્સોની (અનુ. આઠમા પાને)

# નાગરિકોને આપવામાં આવતી સેવાના આધારે પોલીસ સ્ટેશનોને રેન્કિંગ અપાશે

## નવા રેન્કિંગ માપદંડમાં નાગરિકોને સીધો લાભ મળે તેવી બાબતોને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે: રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય






**અબતક, રાજકોટ**

ગુજરાતના પોલીસ સ્ટેશનોના રેન્કિંગ માટેની પદ્ધતિમાં એક મહત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યો છે. અગાઉ માત્ર ગુનાના આંકડા (ક્રાઈમ સ્ટેટેસ્ટિક્સ) પર આધારિત થતું રેન્કિંગ હવે રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયની સૂચનાથી સિટીઝન સેન્ટ્રીક (નાગરિક-કેન્દ્રિત) કામગીરી અને સુવિધાઓ પર આધારિત રહેશે. ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ આ નિર્ણય લેવામાં આવ્યો છે.

આ ફેરફાર ડીજી-આઈજી કોન્ફરન્સ ૨૦૨૪ના મુખ્ય મુદ્દાઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યો છે. હવેથી, રાજ્યના દરેક શહેર અને જિલ્લામાં વર્ષમાં બે વખત આ નવા પેરામીટર્સના આધારે પોલીસ સ્ટેશન રેન્કિંગ પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહ્યું છે. આ રેન્કિંગમાં લગભગ ૪૦ જેટલા અલગ-અલગ નાગરિક-કેન્દ્રિત મુદ્દાઓને સમાવવામાં આવ્યા છે.



નવા રેન્કિંગ માપદંડમાં નાગરિકોને સીધો લાભ મળે તેવી બાબતોને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. જેમાં, અરજીઓનું ઝડપી નિવારણ, 'શી' ટીમ દ્વારા સિનિયર સિટીઝન સાથેની મુલાકાતો, પોલીસના ગેરવર્તનની અરજીઓ, 'ત્રણ વાત તમારી, ત્રણ વાત અમારી' અને 'તેરા તુજકો અર્પણ' જેવા કોમ્યુનિટી પોલીસિંગ કાર્યક્રમોનો અમલ જેવી બાબતોનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, પોલીસ સ્ટેશનમાં સ્વચ્છતા, હાઈજેનિક મહિલા શૌચાલયની વ્યવસ્થા, પીવાના શુદ્ધ પાણીની ઉપલબ્ધતા, રાહત કક્ષ અને તેમાં નાગરિકો માટેની સુવિધાઓ, (અનુ. આઠમા પાને)

# દક્ષિણ ગુજરાતમાં સવારથી મેઘાનો મૂકામ

## સુરત, તાપી, વલસાડ અને નવસારીમાં મેઘાવી માહોલ: ગુરૂ-શુક્ર ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી

**અબતક, રાજકોટ**

રાજ્યભરમાં આગામી ગુરૂવાર અને શુક્રવારના રોજ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ પડવાની અને ૩૦ થી ૪૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની આગાહી હવામાન વિભાગ દ્વારા આપવામાં આવી છે. આજે સવારે પૂરા થતા છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના ૨૧ તાલુકા હળવા ઝાપટાથી ત્રણ ઈંચ સુધી વરસાદ વરસી ગયો હતો. દરમિયાન આજે સવારથી દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાનો પ્રકોપ છે. તાપી, નવસારી, સુરત અને વલસાડમાં વરસાદ વરસી રહ્યો છે.



સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના સૂત્રોના જણાવ્યાનુસાર આજે સવારે પૂરા થતા છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના ૨૧ તાલુકાઓમાં વરસાદ પડ્યો છે. નવસારીના ચિખલીમાં સૌથી વધુ ૭૫ મીમી અર્થાત ૩ ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. આ ઉપરાંત ખેરગામમાં ૦૯ મીમી, સુબીરમાં ૪૪ મીમી, વાલોદમાં ૪૦ મીમી, ગણદેવીમાં ૧૨ મીમી, ક્વાંટમાં ૧૧ મીમી વરસાદ પડ્યો હતો. દરમિયાન આજે સવારથી દક્ષિણ ગુજરાતમાં મેઘરાજા વરસી રહ્યા છે. તાપી, વલસાડ, સુરત અને નવસારી જિલ્લાના અલગ-અલગ તાલુકાઓમાં વરસાદ વરસી રહ્યો છે.

રાજ્યમાં હવે ચોમાસાની સિઝન વિદાય લેવા ભણી છે. દરમિયાન આગામી ૧૮ અને ૧૯ સપ્ટેમ્બરના રોજ રાજ્યભરમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી આપવામાં આવી છે. અમૂક સ્થળે ભારે પવન સાથે વરસાદ વરસી શકે છે. ૪૦થી ૫૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાય શકે છે. રાજ્યના સિઝનનો ૧૦૮.૩૪ ટકા વરસાદ વરસી ગયો છે. કચ્છ રિજીયનમાં ૧૩૫.૯૫ ટકા, ઉત્તર ગુજરાતમાં ૧૧૮.૭૨ ટકા, પૂર્વ મધ્ય ગુજરાતમાં ૧૧૦.૨૧ ટકા, સૌરાષ્ટ્રમાં ૯૩.૯૨ ટકા અને દક્ષિણ ગુજરાતમાં ૧૧૨.૦૨ ટકા વરસાદ વરસી ગયો છે. સરદાર સરોવર ડેમની સપાટી ફરી એકવાર ૧૩૬ મીટરને પાર થઈ ગઈ છે. હવે ઓવરફ્લો થવામાં માત્ર આઠ ફૂટ જ બાકી રહ્યા છે.

રાજ્યના ૧૪૪ જળાશયો હાલ હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યો છે. જ્યારે ૧૩ ડેમ એલર્ટ પર છે.

